नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૪

# સમવાય

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]



'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ-૪

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# (૪) સમવાય

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી– ૨૦૭૬, ચૈત્ર સુદ–૬

અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી

[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડૉo દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397

Web address:- (1) www.jainelibrary.org, (2) Deepratnasagar.in

–: ટાઈપ સેટિંગ :–

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

–: પ્રિન્ટર્સ :–

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

## ૪૫ આગમ વર્ગીકરણ

| ક્રમ | આગમનું નામ | સૂત્ર | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र- | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र- | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र- | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | --- | --------------- | ----- |

# આગમસૂત્ર- ૪ 'સમવાય'

## અંગસૂત્ર- ૪ ગુજરાતી ભાવાનુવાદ

### ક્યાં શું જોશો ?


| ક્રમ | વિષય | | પૃષ્ઠ | ક્રમ | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સમવાય | ૦૧ થી ૦૫ | ૦૬ | ૧૧ | સમવાય | ૫૧ થી ૫૫ | ૪૬ |
| ૨ | સમવાય | ૦૬ થી ૧૦ | ૧૨ | ૧૨ | સમવાય | ૫૬ થી ૬૦ | ૪૮ |
| ૩ | સમવાય | ૧૧ થી ૧૫ | ૧૭ | ૧૩ | સમવાય | ૬૧ થી ૬૫ | ૪૯ |
| ૪ | સમવાય | ૧૬ થી ૨૦ | ૨૨ | ૧૪ | સમવાય | ૬૬ થી ૭૦ | ૫૦ |
| ૫ | સમવાય | ૨૧ થી ૨૫ | ૨૭ | ૧૫ | સમવાય | ૭૧ થી ૭૫ | ૫૧ |
| ૬ | સમવાય | ૨૬ થી ૩૦ | ૩૨ | ૧૬ | સમવાય | ૭૬ થી ૮૦ | ૫૩ |
| ૭ | સમવાય | ૩૧ થી ૩૫ | ૩૭ | ૧૭ | સમવાય | ૮૧ થી ૮૫ | ૫૪ |
| ૮ | સમવાય | ૩૬ થી ૪૦ | ૪૧ | ૧૮ | સમવાય | ૮૬ થી ૯૦ | ૫૬ |
| ૯ | સમવાય | ૪૧ થી ૪૫ | ૪૩ | ૧૯ | સમવાય | ૯૧ થી ૯૫ | ૫૭ |
| ૧૦ | સમવાય | ૪૬ થી ૫૦ | ૪૫ | ૨૦ | સમવાય | ૯૬ થી ૧૦૦ | ૫૯ |
| ૨૧ | પ્રકીર્ણસમવાય | | | | | | ૬૧ |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય-સર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | **मूल आगम साहित्य:-** | 147 | 5 | **आगम अनुक्रम साहित्य:-** | 09 |
| | -1- **आगमसुत्ताणि-मूलं** print | [49] | | -1- આગમ વિષયાનુક્રમ- (મૂળ) | 02 |
| | -2- **आगमसुत्ताणि-मूलं** Net | [45] | | -2- **आगम विषयानुक्रम (सटीकं)** | 04 |
| | -3- **आगममञ्जूषा (मूल प्रत)** | [53] | | -3- **आगम सूत्र-गाथा अनुक्रम** | 03 |
| 2 | **आगम अनुवाद साहित्य:-** | 165 | 6 | **आगम अन्य साहित्य:-** | 10 |
| | -1- આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ | [47] | | -1- આગમ કથાનુયોગ | 06 |
| | -2- **आगमसूत्र हिन्दी अनुवाद** Net | [47] | | -2- **आगम संबंधी साहित्य** | 02 |
| | -3- AagamSootra English | [11] | | -3- **ऋषिभाषित सूत्राणि** | 01 |
| | -4- આગમસૂત્ર સટીક ગુજરાતી | [48] | | -4- **आगमिय सूक्तावली** | 01 |
| | -5- **आगमसूत्र हिन्दी अनुवाद** print | [12] | | **आगम साहित्य- कुल पुस्तक** | 518 |
| 3 | **आगम विवेचन साहित्य:-** | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | -1- **आगमसूत्र सटीकं** | [46] | 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય- | 13 |
| | -2- **आगम** मूलं एवं वृत्ति -1 | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય- | 06 |
| | -3- **आगम** मूलं एवं वृत्ति -2 | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય- | 05 |
| | -4- **आगम चूर्णि साहित्य** | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય- | 04 |
| | -5- **सवृत्तिक आगमसूत्राणि**-1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય- | 09 |
| | -6- **सवृत्तिक आगमसूत्राणि**-2 | [08] | 6 | વિધિ સાહિત્ય- | 04 |
| | -7- **सचूर्णिक आगमसुत्ताणि** | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | **आगम कोष साहित्य:-** | 16 | 8 | પરિચય સાહિત્ય- | 04 |
| | -1- **आगम सद्दकोसो** | [04] | 9 | પૂજન સાહિત્ય- | 02 |
| | -2- **आगम कहाकोसो** | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | -3- **आगम-सागर-कोष:** | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય- | 05 |
| | -4- **आगमशब्दादिसंग्रह** (प्रा-सं-गु) | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | -5- **आगम बृहत् नाम कोष:** | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ | 85 |

| | |
|---|---|
| 1-આગમ સાહિત્ય (કુલ પુસ્તક) | 518 |
| 2-આગમેતર સાહિત્ય (કુલ પુસ્તક) | 085 |
| દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય | 603 |

# [૪] સમવાય
## અંગસૂત્ર-૪- ગુજરાતી ભાવાનુવાદ

## સમવાય-૧

સૂત્ર- ૧.

હે આયુષ્યમાન્ ! મેં સાંભળ્યુ છે, તે ભગવંતે આ પ્રમાણે કહ્યું છે -

આ જગતમાં શ્રમણ ભગવંત મહાવીરે... ( ***મહાવીર કેવા?***).

આદિકર, તીર્થંકર, સ્વયંસંબુદ્ધ, પુરુષોત્તમ, પુરુષસિંહ, પુરુષવરપુંડરીક, પુરુષવરગંધહસ્તિ, લોકોત્તમ, લોકનાથ, લોકહિતકર, લોકપ્રદીપ, લોકપ્રદ્યોતકર, અભયદાતા, ચક્ષુદાતા, માર્ગદાતા, શરણદાતા, જીવનદાતા, ધર્મદાતા, ધર્મદેશક, ધર્મનાયક, ધર્મસારથી, ધર્મવરચાતુરંતચક્રવર્તી, અપ્રતિહત-જ્ઞાન-દર્શનધર, વિવૃત્તછદ્મ, જિન, જાપક, તિર્ણ, તારક, બુદ્ધ, બોધક, મુક્ત, મોચક, સર્વજ્ઞ, સર્વદર્શી, શિવ-અચલ-અરુજ-અનંત-અક્ષય-અવ્યાબાધ-અપુનરાવૃત્તિ એવી સિદ્ધિગતિ નામક સ્થાનને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા.

તેઓએ આ દ્વાદશાંગ ગણિપિટક પ્રરૂપ્યું, તે આ પ્રમાણે- આચાર, સૂયગડ, ઠાણ, સમવાય, વિવાહપન્નત્તિ, નાયાધમ્મકહા, ઉવાસગદસા, અંતગડદસા, અનુત્તરોવવાઈયદસા, પણ્હાવાગરણ, વિવાગસૂય, દૃષ્ટિવાદ.

તેમાં જે તે ચોથું અંગ સમવાય કહ્યું, તેનો અર્થ આ છે -

૧. આત્મા-(જીવ) એક છે, ૨. અનાત્મા-(આત્મા સિવાયનું અર્થાત્ અજીવ તત્વ) એક છે, ૩. દંડ-(આત્માને દંડિત કરે-વિવિધ ગતિમાં ભટકાવે) એક છે, ૪. અદંડ-(દંડજન્ય પ્રવૃત્તિનો અભાવ) એક છે, ૫. ક્રિયા -(કરાય તે ક્રિયા) એક છે, ૬. અક્રિયા-(કરવાપણાનો અભાવ તે)એક છે,

૭. લોક-(જ્યાં ધર્માસ્તિકાય આદિ છ દ્રવ્યો રહેલા છે) એક છે, ૮. અલોક-(જ્યાં કેવળ આકાશ દ્રવ્ય હોય તે) એક છે, ૯. ધર્મ-(જીવ અને પુદ્ગલની ગતિમાં સહાયક દ્રવ્ય) એક છે, ૧૦. અધર્મ-( જીવ અને પુદ્ગલની સ્થિતિમાં સહાયક દ્રવ્ય) એક છે,

૧૧. પુન્ય-(શુભ યોગરૂપ પ્રવૃત્તિનું ફળ) એક છે, ૧૨. પાપ-(શુભ યોગરૂપ પ્રવૃત્તિનું ફળ) એક છે, ૧૩. બંધ-(આત્મા અને કર્મ ક્ષીર-નીરની જેમ એક થાય થાય) એક છે, ૧૪. મોક્ષ-(આત્માની કર્મથી સર્વથા મુક્તિ) એક છે, ૧૫. આશ્રવ-(કર્મોનું આવવું) એક છે, ૧૬. સંવર-(આવતા કર્મોને રોકવા) એક છે, ૧૭. વેદના-(કર્મના ફળનો અનુભવ) એક છે, ૧૮. નિર્જરા-(સંચિત કર્મોનો નાશ) એક છે.

૧. જંબૂદ્વીપ નામક દ્વીપ એક લાખ યોજન આયામ-વિષ્કંભથી છે.

૨. અપ્રતિષ્ઠાન નરક એક લાખ યોજન આયામ-વિષ્કંભથી છે.

૩. પાલક યાન વિમાન એક લાખ યોજન આયામ-વિષ્કંભથી છે.

૪. સર્વાર્થસિદ્ધ મહાવિમાન એક લાખ યોજન આયામ-વિષ્કંભથી છે.

૧. આર્દ્રા નક્ષત્ર એક તારક છે, ૨. ચિત્રા નક્ષત્ર એક તારક છે, ૩. સ્વાતિ નક્ષત્ર એક તારક છે.

૧. આ રત્નપ્રભા પૃથ્વીના કેટલાક નારકોની સ્થિતિ એક પલ્યોપમ છે. ૨. આ રત્નપ્રભા પૃથ્વીના નારકોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરોપમ છે. ૩. બીજી નરક પૃથ્વીના નારકોની જઘન્ય સ્થિતિ એક સાગરોપમ છે.

૪. અસુરકુમાર દેવોમાં કેટલાકની સ્થિતિ એક પલ્યોપમ છે. ૫. અસુરકુમાર દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ સાધિક એક સાગરોપમ છે. ૬. અસુરકુમારેન્દ્ર સિવાયના કેટલાક ભવનપતિ દેવોની સ્થિતિ એક પલ્યોપમ છે.

૭. અસંખ્યાત વર્ષાયુવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાં કેટલાકની સ્થિતિ એક પલ્યોપમ છે. ૮. અસંખ્ય વર્ષાયુવાળા ગર્ભ વ્યુત્ક્રાંતિક સંજ્ઞી મનુષ્યોમાં કેટલાકની સ્થિતિ એક પલ્યોપમ છે.

૯. વાણવ્યંતર દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યોપમ છે. ૧૦. જ્યોતિષ્ક દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક લાખ વર્ષાધીક એક પલ્યોપમ છે.

૧૧. સૌધર્મકલ્પના દેવોની જઘન્ય સ્થિતિ એક પલ્યોપમ છે. ૧૨. સૌધર્મકલ્પે દેવોમાં કેટલાકની એક સાગરોપમ સ્થિતિ છે.

૧૩. ઈશાન કલ્પે દેવોની જઘન્ય સ્થિતિ સાધિક પલ્યોપમ છે. ૧૪. ઈશાનકલ્પે કેટલાક દેવોની સ્થિતિ એક સાગરોપમ છે.

૧૫. જે દેવો સાગર, સુસાગર, સાગરકંત, ભવ, મનુ, માનુષોત્તર, લોકહિત વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા હોય, તેમની સ્થિતિ ઉત્કૃષ્ટથી સાગરોપમ છે. ૧૬. તે દેવો એક પખવાડીયે આન-પ્રાણ કે ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે. ૧૭. તે દેવોને ૧૦૦૦ વર્ષે આહારની ઈચ્છા થાય છે.

૧૮. જેની સિદ્ધિ થવાની છે એવા કેટલાક દેવો છે, તેઓ એક ભવ ગ્રહણથી સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત થઈને સર્વે દુઃખોનો અંત કરશે.

**સમવાય-૧ નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

# સમવાય–૨

સૂત્ર- ૨

૧. દંડ બે કહ્યા છે - અર્થદંડ–(સ્વ પરના હિતને માટે કરાતી હિંસા), અનર્થદંડ––(સ્વ પરના હિતને માટે ન હોય તેવી વ્યર્થ કરાતી હિંસા),

૨. રાશિ બે કહી છે - જીવરાશિ, અજીવરાશિ, ૩. બંધન બે છે - રાગબંધન, દ્વેષબંધન.

૪. પૂર્વા ફાલ્ગુની નક્ષત્રના બે તારા છે, ઉત્તરાફાલ્ગુની નક્ષત્રના બે તારા છે, પૂર્વાભાદ્રપદ નક્ષત્રના બે તારા છે, ઉત્તરાભાદ્રપદના પણ બે તારા છે.

આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નૈરયિકની બે પલ્યોપમ સ્થિતિ છે. બીજી પૃથ્વીમાં કેટલાક નારકોની સ્થિતિ બે સાગરોપમ છે.

કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ બે પલ્યોપમ છે. અસુરકુમારેન્દ્રને વર્જીને બીજા ભવનવાસી દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ બે પલ્યોપમ છે.

અસંખ્યાતા વર્ષાયુષ્ક સંજ્ઞી તિર્યંચોમાંના કેટલાકની બે પલ્યોપમ સ્થિતિ છે. અસંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી પંચેન્દ્રિય ગર્ભજ કેટલાક. મનુષ્યોની સ્થિતિ બે પલ્યોપમ છે.

સૌધર્મકલ્પે કેટલાક દેવોની સ્થિતિ બે પલ્યોપમ છે. ઈશાન કલ્પે કેટલાક દેવોની સ્થિતિ બે પલ્યોપમ છે. સૌધર્મ કલ્પે કેટલાક દેવોની સ્થિતિ બે સાગરોપમ છે. ઈશાનકલ્પે દેવોની સ્થિતિ સાધિક બે સાગરોપમ છે. સનત્–કુમાર કલ્પે દેવોની જઘન્ય સ્થિતિ બે સાગરોપમ છે. માહેન્દ્રકલ્પે દેવોની જઘન્ય સ્થિતિ સાધિક બે સાગરોપમ છે.

જે દેવો શુભ, શુભકાંત, શુભવર્ણ, શુભગંધ, શુભસ્પર્શ, સૌધર્માવતંસક વિમાનમાં દેવપણે ઉપન્યા, તેની બે સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. તે દેવો બે અર્ધમાસાંતે આન–પ્રાણ એટલે શ્વાસોચ્છ્વાસ લે છે. તેમને ૨૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.

કેટલાક ભવસિદ્ધિક જીવો છે જે બે ભવ ગ્રહણ કરીને સિદ્ધ–બુદ્ધ–મુક્ત થશે, પરિનિર્વાણ પામશે, સર્વ દુઃખોનો અંત કરશે.

**સમવાય–૨નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

# સમવાય–3

સૂત્ર- 3

૧. દંડ–(ચારિત્ર આદિના વિનાશથી આત્માને નિસાર બનાવે તે)ત્રણ કહ્યા– મનદંડ, વચનદંડ, કાયદંડ.

૨. ગુપ્તિ–(મન વચન કાયાની પ્રવૃત્તિનો નિરોધ) ત્રણ છે – મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ.

૩. શલ્યો–(અંતરમાં કાંટાની જેમ ખુંચે) ત્રણ છે – માયાશલ્ય, નિદાનશલ્ય, મિથ્યાદર્શન શલ્ય.

૪. ગારવ–(ગર્વ કે અભિમાન) ત્રણ છે – રસગારવ, ઋદ્ધિગારવ, શાતાગારવ.

૫. વિરાધના–(મોક્ષમાર્ગનું સમ્યક્ આચરણ ન કરવું) ત્રણ છે – જ્ઞાન, દર્શન, ચારિત્ર–વિરાધના.

૧. મૃગશીર્ષ નક્ષત્રના ત્રણ તારા કહ્યા, ૨. પુષ્ય નક્ષત્રના, ૩. જ્યેષ્ઠા નક્ષત્રના, ૪. અભિજિત્ નક્ષત્રના, ૫. શ્રવણ નક્ષત્રના, ૬. અશ્વિની નક્ષત્રના, ૭. ભરણી નક્ષત્રના... પુષ્યાદિ પ્રત્યેકના ત્રણ–ત્રણ તારા કહ્યા છે.

૧. રત્નપ્રભા પૃથ્વીના કેટલાક નારકોની સ્થિતિ ત્રણ પલ્યોપમ છે. ૨. બીજી પૃથ્વીના નારકોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ સાગરોપમ છે. ૩. ત્રીજી પૃથ્વીના નારકોની જઘન્ય સ્થિતિ ત્રણ સાગરોપમ છે.

૪. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ ત્રણ પલ્યોપમ છે.

૫. અસંખ્ય વર્ષાયુષ્ક સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમ છે. ૬. અસંખ્ય વર્ષાયુષ્ક સંજ્ઞી ગર્ભજ મનુષ્યોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમ છે.

૭. સૌધર્મ–ઈશાન કલ્પના કેટલાક દેવોની સ્થિતિ ત્રણ પલ્યોપમ છે. ૮. સનત્કુમાર–માહેન્દ્ર કલ્પે કેટલાક દેવોની સ્થિતિ ત્રણ સાગરોપમ છે.

૯. જે દેવો આભંકર, પ્રભંકર, આભંકર–પ્રભંકર, ચંદ્ર, ચંદ્રાવર્ત, ચંદ્રપ્રભ, ચંદ્રકાંત, ચંદ્રવર્ણ, ચંદ્રલેશ્ય, ચંદ્રધ્વજ, ચંદ્રશૃંગ, ચંદ્રસૃષ્ટ, ચંદ્રકૂટ, ચંદ્રોત્તરાવતંસક વિમાને દેવપણે ઉત્પન્ન થયા હોય તેની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ સાગરોપમ છે. તે દેવો ત્રણ અર્ધમાસે આન–પ્રાણ ઉચ્છ્વાસ–નિઃશ્વાસ લે છે. તેમને ૩૦૦૦ વર્ષે આહારેચ્છા થાય.

કેટલાક ભવસિદ્ધિક જીવો એવા છે કે જેઓ ત્રણ ભવને અંતે સિદ્ધ–બુદ્ધ–મુક્ત–પરિનિવૃત્ત–દુખાંતકારી થશે.

**સમવાય–3નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

# સમવાય–૪

સૂત્ર- ૪

૧. કષાયો–(આત્મ પરિણામોને કલુષિત કરે) ચાર કહ્યા–ક્રોધકષાય, માનકષાય, માયાકષાય, લોભકષાય.

૨. ધ્યાન–(ચિત્તની એકાગ્રતા તે) ચાર છે – આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુક્લધ્યાન.

૩. ચાર વિકથા–(સંયમને બાધક વાર્તાલાપ) છે – સ્ત્રીકથા, ભોજનકથા, રાજકથા, દેશકથા.

૪. ચાર સંજ્ઞા–(મોહનીય કર્મના ઉદયે થતી ઈચ્છા) છે – આહાર, ભય, મૈથુન, પરિગ્રહ.

૫. બંધ ચાર છે – પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાવ બંધ, પ્રદેશ બંધ. ૬. ચાર ગાઉનો એક યોજન છે.

૧. અનુરાધાનક્ષત્રના ચાર તારા છે, ૨. પૂર્વાષાઢાનક્ષત્રના ચાર તારા છે, ૩.ઉત્તરાષાઢાનક્ષત્રના ચાર તારા છે

૧. આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકોની સ્થિતિ ચાર પલ્યોપમ છે. ૨. બીજી નારકીમાં કેટલાક નારકોની સ્થિતિ ચાર સાગરોપમ છે.

૩. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ ચાર પલ્યોપમ છે.

૪. સૌધર્મ–ઈશાન કલ્પે કેટલાક દેવોની સ્થિતિ ચાર પલ્યોપમ છે. ૫. સનત્કુમાર માહેન્દ્ર કલ્પે કેટલાક દેવોની સ્થિતિ ચાર સાગરોપમ છે.

૬. જે દેવો કૃષ્ટિ, સુકૃષ્ટિ, કૃષ્ટિકાવર્ત, કૃષ્ટિપ્રભ, કૃષ્ટિયુક્ત, કૃષ્ટિવર્ણ, કૃષ્ટિલેશ્ય, કૃષ્ટિધ્વજ, કૃષ્ટિશ્રૃંગ, કૃષ્ટિશિષ્ટ, કૃષ્ટિકૂટ, કૃષ્ટ્યુત્તરાવતંસક વિમાને દેવપણે ઉત્પન્ન થયા હોય તે દેવોની ઉત્કૃષ્ટ ચાર સાગરોપમ સ્થિતિ કહી છે. તે દેવો ચાર અર્ધ માસે આન–પ્રાણ ઉચ્છ્વાસ–નિઃશ્વાસ લે છે. તેમને ૪૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે,

એવા કેટલાક ભવસિદ્ધિક જીવો છે જે ચાર ભવે સિદ્ધ થશે યાવત્ સર્વે દુઃખોનો અંત કરશે.

**સમવાય–૪નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

# સમવાય-૫

**સૂત્ર-૫**

૧. પાંચ ક્રિયાઓ કહી છે - કાયિકી-(કાયા દ્વારા થતી ક્રિયા), આધિકરણિકી-(શસ્ત્ર આદિ અધિકરણ દ્વારા થતી ક્રિયા), પ્રાદ્વેષિકી-(દ્વેષભાવથી થતી ક્રિયા), પારિતાપનિકી-અન્ય જીવોને પરિતાપ આપવાથી થતી ક્રિયા), પ્રાણાતિપાતિકી-જીવહિંસાથી લાગતી ક્રિયા).

૨. પાંચ મહાવ્રતો છે - સર્વથા પ્રાણાતિપાત વિરમણ, સર્વથા મૃષાવાદ વિરમણ, સર્વથા અદત્તાદાન વિરમણ, સર્વથા મૈથુન વિરમણ, સર્વથા પરિગ્રહ વિરમણ.

૩. પાંચ કામગુણ-(ઇન્દ્રિયોના વિષયભૂત કામ) છે - શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ.

૪. પાંચ (કર્મને આવવાના) આશ્રવદ્વારો છે - મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ.

૫. પાંચ (કર્મને આવતા રોકવાના)સંવર દ્વારો છે - સમ્યક્ત્વ, વિરતિ, અપ્રમાદ, અકષાય, અયોગ.

૬. પાંચ નિર્જરા સ્થાનો છે - પ્રાણાતિપાત-મૃષાવાદ-અદત્તાદાન-મૈથુન-પરિગ્રહ પાંચેથી. વિરમવું તે.

૭. પાંચ સમિતિ-(સમ્યક્ રીતે સાવધાની પૂર્વક વર્તવું)ઓ છે- ઈર્યા-ભાષા-એષણા-આદાનભાંડમાત્ર નિક્ષેપણા-ઉચ્ચારપ્રશ્રવણ-ખેલ સિંઘાણ -જલ્લપારિષ્ઠાપનિકા એ પાંચે. સમિતિ.

૮. પાંચ અસ્તિકાયો કહ્યા - ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવ અને પુદ્ગલાસ્તિકાય.

૧. રોહિણી નક્ષત્રના પાંચ તારા છે, ૨. પુનર્વસુ, ૩. હસ્ત, ૪. વિશાખા અને ૫. ઘનિષ્ઠા એ બધા. નક્ષત્રના પાંચ-પાંચ તારા છે.

૧. આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીઓની પાંચ પલ્યોપમ સ્થિતિ છે. ૨. ત્રીજી પૃથ્વીમાં કેટલાક નારકીઓની પાંચ સાગરોપમ સ્થિતિ છે.

૩. કેટલાક અસુરકુમાર દેવોની પાંચ પલ્યોપમ સ્થિતિ છે. ૪. સૌધર્મ-ઈશાન કલ્પે કેટલાક દેવોની પાંચ પલ્યોપમ સ્થિતિ છે. ૫. સનત્કુમારમાહેન્દ્ર કલ્પે કેટલાક દેવોની સ્થિતિ પાંચ સાગરોપમ છે.

૬. જે દેવો વાત, સુવાત, વાતાવર્ત, વાતપ્રભ, વાતકાંત, વાતવર્ણ, વાતલેશ્ય, વાતધ્વજ, વાતશ્રૃંગ, વાતશિષ્ટ, વાતકૂટ, વાતોત્તરાવતંસક, સૂર, અસૂર, સૂરાવર્ત, સૂરપ્રભ, સૂરકાંત, સૂરવર્ણ, સૂરલેશ્ય, સૂરધ્વજ, સૂરશૃંગ, સૂરશિષ્ટ, સૂરકૂટ, સૂરોત્તરાવતંસક નામક વિમાને દેવ થાય તેની પાંચ સાગરોપમ સ્થિતિ છે. તે દેવો પાંચ અર્ધમાસે આન-પ્રાણ ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે, ૫૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.

કેટલાક ભવસિદ્ધિક જીવો પાંચ ભવ ગ્રહણ કરીને સિદ્ધ થશે યાવત્ દુઃખોનો અંત કરશે.

**સમવાય-૫નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૬

સૂત્ર- ૬

૧. લેશ્યાઓ–(મન આદિના યોગથી થતા આત્મપરિણામ) છ કહેલ છે–કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા, શુક્લલેશ્યા.

૨. જીવનિકાય છ છે – પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ, ત્રસ–કાય.

૩. બાહ્ય તપ(બાહ્ય શરીરના શોષણ દ્વારા કર્મોની નિર્જરા) છ ભેદે છે – અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ, સંલીનતા.

૪. અભ્યંતર તપ(ચિત્તનિરોધ પ્રાધાન્યથી કર્મક્ષયનો હેતુ) છ ભેદે છે – પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન, ઉત્સર્ગ.

૫. છાદ્મસ્થિક સમુદ્‌ઘાતો(મૂળ શરીરને છોડ્યા વિના વેદના આદિ નિમિત્તથી આત્મપ્રદેશોનો શરીર બહાર વિસ્તાર થતા કર્મોનો ઘાત થાય તે) છ છે – વેદના, કષાય, મારણાંતિક, વૈક્રિય, તૈજસ, આહારક–સમુદ્‌ઘાત.

૬. અર્થાવગ્રહ(વસ્તુનું સામાન્ય જ્ઞાન) છ ભેદે છે–શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, જિહ્વા, સ્પર્શ, નોઇન્દ્રિય અર્થાવગ્રહ.

કૃતિકા નક્ષત્રના છ તારા છે, આશ્લેષા નક્ષત્રના છ તારા છે.

૧. આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકોની છ પલ્યોપમ સ્થિતિ છે. ૨. ત્રીજી પૃથ્વીમાં કેટલાક નારકોની સ્થિતિ છ સાગરોપમ છે.

૩. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ છ પલ્યોપમ છે.

૪. સૌધર્મ–ઈશાન કલ્પે કેટલાક દેવોની સ્થિતિ છ પલ્યોપમ છે. ૫. સનત્કુમાર–માહેન્દ્ર કલ્પે કેટલાક દેવોની સ્થિતિ છ સાગરોપમ છે. ૬. ત્યાં જે દેવો સ્વયંભૂ, સ્વયંભૂરમણ, ઘોષ, સુઘોષ, મહાઘોષ, કૃષ્ટિઘોષ, વીર, સુવીર, વીરગત, વીરશ્રેણિક, વીરાવર્ત્ત, વીરપ્રભ, વીરકાંત, વીરવર્ણ, વીરલેશ્ય, વીરધ્વજ, વીરશૃંગ, વીરશિષ્ટ, વીરકૂડ, વીરોત્તરાવતંસક નામે વિમાનમાં દેવ થાય તેની ઉત્કૃષ્ટ સ્થિતિ છ સાગર છે. તે દેવો છ અર્ધમાસે આન–પ્રાણ ઉચ્છ્‌વાસ–નિઃશ્વાસ લે છે. તેમને ૬૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.

એવા કોઈક ભવસિદ્ધિ જીવો છે જેઓ છ ભવ ગ્રહણ કરીને સિદ્ધ થશે યાવત્ સર્વે દુઃખોનો અંત કરશે.

**સમવાય–૬નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

# સમવાય–૭

સૂત્ર- ૭

૧. સાત ભયસ્થાનો(ભય મોહનીય કર્મના ઉદયે જીવને પ્રાપ્ત થતા ભયના પ્રકારો) છે – ઈહલોકભય, પરલોકભય, આદાનભય, અકસ્માતભય, આજીવિકાભય, મરણભય, અશ્લોકભય.

૨. સમુદ્‌ઘાત સાત છે – વેદના, કષાય, મારણાંતિક, વૈક્રિય, તૈજસ, આહારક, કેવલી.

૩. શ્રમણ ભગવંત મહાવીર સાત હાથ ઊંચા હતા.

૪. આ જંબૂદ્વીપ દ્વીપમાં સાત વર્ષધર પર્વતો છે – ક્ષુલ્લહિમવંત, મહાહિમવંત, નિષધ, નીલવંત, રુકમી, શિખરી, મેરુ.

૫. આ જંબૂદ્વીપ માં સાત વર્ષક્ષેત્રો છે – ભરત, હૈમવત, હરિવર્ષ, મહાવિદેહ, રમ્યક, ઐરણ્યવત, ઐરવત.

૬. મોહનીય કર્મ ક્ષીણ થયું છે એવા ભગવંતને મોહનીય સિવાય સાત કર્મને વેદે છે.

મઘા નક્ષત્રના સાત તારા છે, કૃતિકાદિ સાત નક્ષત્રો પૂર્વદ્વારિક છે. પાઠાંતરથી અભિજિત્ આદિ સાત નક્ષત્રો કહેવા.. મઘાદિ સાત દક્ષિણદ્વારિક. અનુરાધાદિ સાત પશ્ચિમદ્વારિક, ઘનિષ્ઠાદિ સાત ઉત્તરદ્વારિક છે.

આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકોની સ્થિતિ સાત પલ્યોપમ છે, ત્રીજી પૃથ્વીના નારકોની ઉત્કૃષ્ટ સ્થિતિ સાત સાગરોપમ છે. ચોથી પૃથ્વીના નારકોની જઘન્ય સ્થિતિ સાત સાગરોપમ છે.

કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ સાત પલ્યોપમ છે. સૌધર્મ–ઈશાન કલ્પના કેટલાક દેવોની સ્થિતિ સાત પલ્યોપમ છે. સનત્કુમાર કલ્પે કેટલાક દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ સાત સાગરોપમ છે. માહેન્દ્ર કલ્પે દેવોની ઉત્કૃષ્ટ સાત સાગરોપમ સ્થિતિ છે. બ્રહ્મલોક કલ્પે કેટલાક દેવોની સ્થિતિ સાધિક સાત સાગરોપમ છે.

જે દેવો સમ, સમપ્રભ, મહાપ્રભ, પ્રભાસ, ભાસુર, વિમલ, કંચનકૂટ, સનત્કુમારાવતંસક વિમાને દેવ થાય છે તેની સ્થિતિ સાત સાગરોપમ છે. તે દેવો સાત અર્ધમાસે આન–પ્રાણ ઉચ્છ્‌વાસ–નિઃશ્વાસ લે છે. તેમને ૭૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.

કેટલાક ભવસિદ્ધિક જીવો સાત ભવને ગ્રહણ કરીને સિદ્ધ થશે યાવત્ સર્વે દુઃખોનો અંત કરશે.

**સમવાય–૭નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

# સમવાય–૮

**સૂત્ર- ૮**

૧. આઠ મદસ્થાનો(મનુષ્ય જે કારણથી અહંકાર કરે તે) કહ્યા – જાતિમદ, કુલમદ, બલમદ, રૂપમદ, તપમદ, શ્રુતમદ, લાભમદ, ઐશ્વર્યમદ.

૨. આઠ પ્રવચન(દ્વાદાશાંગી કે તેના આધારરૂપ સંઘ, તેની)માતાઓ છે – ઈર્યા–ભાષા–એષણા–આદાન ભાંડમાત્ર નિક્ષેપણા–ઉચ્ચાર પ્રસવણ ખેલ જલ્લ સિંધાણ પારિષ્ઠાપનિકા સમિતિ, મન–વચન–કાયગુપ્તિ.

૩. વાણવ્યંતર દેવોના ચૈત્યવૃક્ષો આઠ યોજન ઊર્ધ્વ ઊંચા છે. ૪. જંબૂ–સુદર્શના આઠ યોજન ઉર્ધ્વ ઊંચું છે. ૫. ગરુડાવાસરૂપ કૂટ શાલ્મલી વૃક્ષ આઠ યોજન ઊંચું છે. ૬. જંબૂદ્વીપની જગતી આઠ યોજન ઉર્ધ્વ ઊંચી છે.

૭. કેવલી સમુદ્ઘાત આઠ સમયનો છે. – પહેલા સમયે દંડ કરે, બીજા સમયે કપાટ કરે, ત્રીજા સમયે મંથ કરે, ચોથા સમયે મંથના આંતરાઓ પૂરે, પાંચમા સમયે મંથના આંતરા સંહરે, છઠ્ઠે સમયે મંથને સંહરે, સાતમા સમયે કપાટને સંહરે, આઠમા સમયે દંડને સંહરે, પછી આત્મા શરીરસ્થ થાય.

૮. પુરુષાદાનીય પાર્શ્વ અર્હત્‌ને આઠ ગણો, આઠ ગણધરો હતા. તે આ પ્રમાણે -

**સૂત્ર- ૯**

શુભ, શુભઘોષ, વશિષ્ઠ, બ્રહ્મચારી, સોમ, શ્રીધર, વીરભદ્ર, યશ.

**સૂત્ર- ૧૦**

આઠ નક્ષત્રો ચંદ્રની સાથે પ્રમર્દ યોગ જોડે છે. તે આ – કૃતિકા, રોહિણી, પુનર્વસુ, મઘા, ચિત્રા, વિશાખા, અનુરાધા, જયેષ્ઠા.

આ રત્નપ્રભા પૃથ્વીના કેટલાક નારકોની આઠ પલ્યોપમ સ્થિતિ છે. ચોથી પૃથ્વીમાં કેટલાક નારકોની આઠ સાગરોપમ સ્થિતિ છે.

અસુરકુમાર દેવોમાં કેટલાકની આઠ પલ્યોપમ સ્થિતિ છે. સૌધર્મ–ઈશાન કલ્પે કેટલાક દેવોની સ્થિતિ આઠ પલ્યોપમ છે. બ્રહ્મલોક કલ્પે કેટલાક દેવોની આઠ સાગરોપમ સ્થિતિ છે.

જે દેવો અર્ચિ, અર્ચિમાણી, વૈરોચન, પ્રભંકર, ચંદ્રાભ, સૂર્યાભ, સુપ્રતિષ્ઠાભ, અગ્ગિચાભ, રિષ્ટાભ, અરુણાભ, અરુણોત્તરાવતંસક વિમાને દેવ થયેલ દેવોની સ્થિતિ આઠ સાગરોપમ છે. તે દેવો આઠ અર્ધમાસાંતે આન–પ્રાણ ઉચ્છ્વાસ–નિઃશ્વાસ લે છે. તેઓને ૮૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.

કોઈ ભવસિદ્ધિક જીવો આઠ ભવને ગ્રહણ કરીને સિદ્ધ થશે, યાવત્ સર્વ દુઃખાંત કરશે.

**સમવાય–૮નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય-૯

**સૂત્ર- ૧૧**

બ્રહ્મચર્ય ગુપ્તિઓ(મૈથુનવિરતી રક્ષણ માટેના ઉપાયો) નવ કહેલ છે, તે આ - ૧. સ્ત્રી, પશુ, નપુંસક સંસક્ત શય્યા-આસનને ન સેવે, ૨. સ્ત્રી કથા ન કહે, ૩. સ્ત્રી સમૂહને ન સેવે, ૪. સ્ત્રીઓની મનોહર, મનોરમ ઇન્દ્રિયોને જોનાર અને ધ્યાન કરનાર ન થાય, ૫. પ્રણીતરસ ભોજી ન થાય, ૬. અતિ માત્રાએ પાન-ભોજન ન કરે, ૭. પૂર્વરત-પૂર્વક્રીડિત સ્ત્રીનું સ્મરણ ન કરે. ૮. શબ્દ-રૂપ-ગંધ-રસ-સ્પર્શ અને શ્લાઘાનો અનુસરનાર ન થાય. ૯. શાતાસુખ પ્રતિબદ્ધ ન થાય.

બ્રહ્મચર્યની અગુપ્તિ (બ્રહ્મચર્ય વિનાશકારીઓ) પણ નવ કહી છે - સ્ત્રી, પશું, નપુંસક સંસક્ત શય્યા-આસનને સેવે યાવત્ શાતા-સુખ પ્રતિબદ્ધ થાય.

**સૂત્ર- ૧૨**

'બંભચેર' અર્થાત્ આચાર-સૂત્રના પહેલા શ્રુતસ્કંધનના નવ અધ્યયનો કહેલ છે, તે આ- શસ્ત્રપરિજ્ઞા, લોકવિજય, શીતોષ્ણીય, સમ્યક્ત્વ, યાવંતી, ધુત, વિમોહાયણ, ઉપધાનશ્રુત અને મહાપરિજ્ઞા.

**સૂત્ર- ૧૩**

પુરુષાદાનીય પાર્શ્વઅર્હત્ નવ હાથ ઊર્ધ્વ ઉચ્ચત્વથી હતા.

અભિજિત્ નક્ષત્ર સાધિક નવ મુહૂર્ત્ત ચંદ્ર સાથે યોગ કરે છે. અભિજિતાદિ નવ નક્ષત્રો ચંદ્ર સાથે ઉત્તરથી યોગને પામે છે. તે - અભિજિત, શ્રવણ યાવત્ ભરણી.

રત્નપ્રભા પૃથ્વીના બહુસમ રમણીય ભૂમિભાગથી ૯૦૦ યોજન ઉર્ધ્વ-ઉપરના ભાગે તારાઓ ચારને ચરે છે.

જંબૂદ્વીપ દ્વીપમાં નવ યોજનના મત્સ્યો પ્રવેશ્યા હતા-છે-હશે.

વિજયદ્વારની એક-એક બાહાને વિશે નવ નવ ભૌમ છે.

વાણવ્યંતર દેવોની સુધર્માસભા નવ યોજન ઉર્ધ્વ ઊંચી છે.

દર્શનાવરણીય કર્મની નવ ઉત્તર પ્રકૃતિઓ છે - નિદ્રા, પ્રચલા, નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા, થિણદ્ધિ, ચક્ષુર્દર્શનાવરણ, અચક્ષુર્દર્શનાવરણ, અવધિદર્શનાવરણ, કેવલદર્શનાવરણ.

આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીઓની નવ પલ્યોપમની સ્થિતિ છે. ચોથી નારકીમાં કેટલાક નારકીની સ્થિતિ નવ સાગરોપમ છે. કેટલાક અસુરકુમારોની નવ પલ્યોપમ સ્થિતિ છે.

સૌધર્મ-ઈશાન કલ્પે કેટલાક દેવોની સ્થિતિ નવ પલ્યોપમ છે. બ્રહ્મલોક કલ્પમાં કેટલાક દેવોની સ્થિતિ નવ સાગરોપમ છે.

જે દેવો પક્ષ્મ, સૂપક્ષ્મ, પક્ષ્માવર્ત, પક્ષ્મપ્રભ, પક્ષ્મકાંત, પક્ષ્મવર્ણ, પક્ષ્મલેશ્ય, પક્ષ્મધ્વજ, પક્ષ્મશૃંગ, પક્ષ્મશિષ્ટ, પક્ષ્મકૂટ, પક્ષ્મોત્તરાવતંસક, સૂર્ય, સુસૂર્ય, સૂર્યાવર્ત, સૂર્યપ્રભ, સૂર્યકાંત, સૂર્યવર્ણ, સૂર્યલેશ્ય, સૂર્યધ્વજ, સૂર્યશૃંગ, સૂર્યશિષ્ટ, સૂર્યકૂટ, સૂર્યોત્તરાવતંસક, રુચિર, રુચિરા-વર્ત, રુચિરપ્રભ, રુચિરકાંત, રુચિરવર્ણ, રુચિરલેશ્ય, રુચિરધ્વજ, રુચિરશૃંગ, રુચિરશિષ્ટ, રુચિરકૂટ, રુચિરોત્તરાવતંસક વિમાને દેવ થયેલાની નવ સાગરોપમની સ્થિતિ છે. તે દેવ નવ અર્ધમાસાંતે આન-પ્રાણ ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે, તે દેવોને ૯૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે. કેટલાક ભવસિદ્ધિક જીવો છે જેઓ નવ ભવ ગ્રહણ કરીને સિદ્ધ થશે યાવત્ સર્વ દુઃખાંત કરશે.

**સમવાય-૯નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ**

## સમવાય–૧૦

સૂત્ર- ૧૪

દશ ભેદે શ્રમણધર્મ કહ્યો– ક્ષાંતિ, મુક્તિ, આર્જવ, માર્દવ, લાઘવ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, બ્રહ્મચર્યવાસ.

ચિત્ત સમાધિ સ્થાનો દશ કહ્યા - ૧. સર્વ ધર્મ જાણવાને પૂર્વે અસમુત્પન્ન ધર્મચિંતા ઉત્પન્ન થવી. ૨. સ્વપ્નદર્શન પૂર્વે અસમુત્પન્ન હોય તે ઉત્પન્ન થાય, યથાતથ્ય સ્વપ્ન જુએ. ૩. પૂર્વે અસમુત્પન્ન સંજ્ઞીજ્ઞાન ઉત્પન્ન થતા પૂર્વભવનું સ્મરણ થાય. ૪. પૂર્વે અસમુત્પન્ન દેવદર્શન ઉત્પન્ન થતા દિવ્ય–દેવર્દ્ધિ, દેવદ્યુતિ, દૈવાનુભાવ જુએ.

૫. પૂર્વે અસમુત્પન્ન અવધિ જ્ઞાન ઉપજતા અવધિ વડે લોકને જાણે. ૬. પૂર્વે અસમુત્પન્ન અવધિદર્શન ઉપજતા તેના વડે લોકને જુએ છે. ૭. પૂર્વે અસમુત્પન્ન મનઃપર્યવજ્ઞાન ઉપજતા મનોગત ભાવને જાણે. ૮. અસમુત્પન્ન કેવલજ્ઞાન ઉપજતા સર્વ લોકને જાણે. ૯. પૂર્વે અસમુત્પન્ન કેવલદર્શન ઉપજતા સર્વલોકને જુએ. ૧૦. સર્વ દુઃખના ક્ષય માટે કેવલીમરણે મરણ પામે. સિદ્ધ થાય..

મેરુ પર્વતનો વિષ્કંભ મૂલમાં ૧૦,૦૦૦ યોજન છે. અરિષ્ઠનેમિ અર્હત્ દશ ધનુષ ઊંચા હતા. કૃષ્ણ વાસુદેવ દશ ધનુષ ઊંચા હતા. રામ બલદેવ દશ ધનુષ ઊંચા હતા.

દશ નક્ષત્રો જ્ઞાનવૃદ્ધિકર છે, તે આ પ્રમાણે–

સૂત્ર- ૧૫

મૃગશીર્ષ, આર્દ્રા, પુષ્ય, ત્રણ પૂર્વા, મૂલ, આશ્લેષા, હસ્ત, ચિત્રા.

સૂત્ર- ૧૬,૧૭

૧૬. અકર્મ ભૂમિમાં મનુષ્યોને ઉપભોગને માટે દશવિધ વૃક્ષો ઉપસ્થિત છે, તે આ–

૧૭. મત્તાંગક, ભૃંગ, ત્રુટિતાંગ, દીપશિખ, જ્યોતિ, ચિત્રાંગ, ચિત્રરસ, મણ્યંગ, ગેહાકાર, અનગ્ન.

સૂત્ર- ૧૮

આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નૈરયિકોની જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ સ્થિતિ છે. રત્નપ્રભામાં કેટલાક નૈરયિકોની દશ પલ્યોપમ સ્થિતિ છે. ચોથી નરકમાં દશ લાખ નરકાવાસ છે. ચોથી પૃથ્વીમાં નારકોની ઉત્કૃષ્ટ સ્થિતિ દશ સાગરોપમ છે. પાંચમી નરકમાં નારકોની જઘન્ય સ્થિતિ દશ સાગરોપમ છે.

અસુરકુમારોની જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ છે. અસુરેન્દ્ર સિવાયના ભવનપતિ દેવોની જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ છે. કેટલાક અસુરકુમારોની સ્થિતિ દશ પલ્યોપમ છે. બાદર વનસ્પતિકાયની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ છે. વાણવ્યંતરોની જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ છે.

સૌધર્મ–ઈશાન કલ્પે કેટલાક દેવોની સ્થિતિ દશ પલ્યોપમ છે. બ્રહ્મલોક કલ્પે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ દશ સાગરોપમ છે. લાંતક કલ્પે દેવોની જઘન્ય સ્થિતિ દશ સાગરોપમ છે. જે દેવો ઘોષ, સુઘોષ, મહાઘોષ, નંદિઘોષ, સુસ્વર, મનોરમ, રમ્ય, રમ્યક, રમણીય, મંગલાવર્ત, બ્રહ્મલોકાવતંસક વિમાને દેવ થયા હોય, તેમની ઉત્કૃષ્ટ સ્થિતિ દશ સાગરોપમ છે.તે દેવો દશ અર્ધમાસે આન–પ્રાણ ઉચ્છ્વાસ–નિઃશ્વાસ લે છે. તે દેવોને ૧૦,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.

કેટલાક ભવસિદ્ધિક જીવો દશ ભવ ગ્રહણ કરીને સિદ્ધ–બુદ્ધ–મુક્ત–પરિનિવૃત્ત–સર્વદુઃખાંતકર થશે.

**સમવાય–૧૦નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

# સમવાય–૧૧

સૂત્ર- ૧૯

૧. ઉપાસક(શ્રમણોની ઉપાસના કરે તે) પ્રતિમા(અભિગ્રહ વિશેષ)–૧૧–કહી– તે આ પ્રમાણે–

૧.દર્શનશ્રાવક, ૨.કૃતવ્રતકર્મા, ૩.કૃતસામાયિક, ૪.પૌષધોપવાસ તત્પર, ૫.દિવસે બ્રહ્મચારી અને રાત્રે પરિમાણકૃત્, ૬.દિવસે અને રાત્રે પણ બ્રહ્મચારી, સ્નાનરહિત, પ્રકાશમાં ભોજનકર્તા, કાછડી ન મારનાર, ૭.સચિત્ત ત્યાગી, ૮.આરંભત્યાગી, ૯.પ્રેષ્યત્યાગી, ૧૦.ઉદ્દિષ્ટભક્ત ત્યાગી, ૧૧.શ્રમણભૂત.

૨. લોકાંતથી અબાધા વડે ૧૧૧૧ યોજને જ્યોતિષ્ક કહ્યા. ૩. જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતથી ૧૧૨૧ યોજને જ્યોતિષ્ચક્ર ચાર ચરે છે.

૪. શ્રમણ ભગવંત મહાવીરને ૧૧ ગણધરો હતા. તે આ - ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ, વ્યક્ત, સુધર્મા, મંડિત, મૌર્યપુત્ર, અકંપિત, અચલભ્રાતા, મેતાર્ય, પ્રભાસ.

૫. મૂલ નક્ષત્રના ૧૧–તારાઓ છે, ૬. નીચેના ત્રણ ગ્રૈવેયકમાં દેવોના ૧૧૧–વિમાનો છે. ૭. મેરુ પર્વત ઉપર પૃથ્વીતલથી ઊંચાઈ ૧૧ ભાગ પરિહીન ઉચ્ચત્વથી છે.

૧. આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકોની ૧૧–પલ્યોપમ સ્થિતિ છે, ૨. પાંચમી પૃથ્વીમાં કેટલાક નારકોની ૧૧–સાગરોપમ સ્થિતિ છે.

૩. કેટલાક અસુરકુમારોની સ્થિતિ–૧૧ પલ્યોપમ છે. ૪. સૌધર્મ–ઈશાન કલ્પે કેટલાક દેવોની સ્થિતિ–૧૧–પલ્યોપમ છે, ૫. લાંતક કલ્પે કેટલાક દેવોની સ્થિતિ– ૧૧–સાગરોપમ છે.

૬. જે દેવો બ્રહ્મ, સુબ્રહ્મ, બ્રહ્માવર્ત, બ્રહ્મપ્રભ, બ્રહ્મકાંત, બ્રહ્મવર્ણ, બ્રહ્મલેશ્ય, બ્રહ્મધ્વજ, બ્રહ્મસૃષ્ટ, બ્રહ્મકૂટ, બ્રહ્મોત્તરાવતંસક વિમાને દેવ થાય, તેમની ૧૧–સાગરોપમ સ્થિતિ છે. તે દેવો ૧૧–અર્ધમાસાંતે આન–પ્રાણ ઉચ્છ્વાસ–નિઃશ્વાસ લે છે. તેમને ૧૧,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.

કેટલાક ભવસિદ્ધિક જીવો ૧૧–ભવ ગ્રહણ કરી સિદ્ધ–બુદ્ધ–મુક્ત–પરિનિવૃત્ત થઈ સર્વે દુઃખોનો અંત કરશે.

**સમવાય–૧૧નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૧૨

**સૂત્ર- ૨૦**

ભિક્ષુ(ભિક્ષાવૃત્તિથી ગૌચરી કરનાર સાધુ) પ્રતિમાઓ(વિશિષ્ટ અભિગ્રહો) બાર કહી છે, તે આ -

માસિકી ભિક્ષુપ્રતિમા, બેમાસની ભિક્ષુપ્રતિમા, ત્રણ માસની ભિક્ષુપ્રતિમા, ચઉમાસી ભિક્ષુપ્રતિમા, પંચમાસી ભિક્ષુપ્રતિમા, છમાસી ભિક્ષુપ્રતિમા, સત્તમાસી ભિક્ષુપ્રતિમા, પહેલી સાત રાત–દિન ભિક્ષુપ્રતિમા, બીજી સાત રાત–દિનની ભિક્ષુપ્રતિમા, ત્રીજી સાત રાત–દિનની ભિક્ષુપ્રતિમા, અહોરાત્રિક ભિક્ષુપ્રતિમા, એકરાત્રિકી ભિક્ષુપ્રતિમા.

**સૂત્ર- ૨૧, ૨૨**

સંભોગ(સમાન આચારવાળા સાધુનો પરસ્પર વ્યવહાર) બાર ભેદે કહ્યો, તે આ પ્રમાણે -.

૨૧. ઉપધિ, શ્રુત, ભક્તપાન, અંજલિપગ્રહ, દાન, નિકાચ, અભ્યુત્થાન.

૨૨. કૃતિકર્મકરણ, વૈયાવચ્ચકરણ, સમવસરણ, સંનિષધા, કથાપ્રબંધ.

**સૂત્ર- ૨૩, ૨૪**

૨૩. કૃતિકર્મ બાર આવર્તવાળુ કહ્યું છે.

૨૪. બે અર્ધનમન, યથાજાત, દ્વાદશાવર્ત કૃતિકર્મ, ચાર શિરોનમન, ત્રણ ગુપ્ત, બે પ્રવેશ અને એક નિષ્ક્રમણ આ રીતે ૨૫–આવશ્યક થાય છે..

**સૂત્ર- ૨૫**

૧. વિજયા રાજધાની લંબાઈ–પહોળાઈથી ૧૨,૦૦૦ યોજન કહી છે - ૨. રામ બલદેવ ૧૨૦૦ વર્ષનું સર્વાયુ પાળીને દેવપણુ પામ્યા. ૩. મેરુ પર્વતની ચૂલિકા વિષ્કંભથી મૂળમાં ૧૨–યોજન છે. ૪. જંબૂદ્વીપની વેદિકા મૂળમાં વિષ્કંભથી ૧૨ યોજન છે. ૫. સર્વ જઘન્ય રાત્રિ બાર મુહૂર્ત્તની છે. ૬. એ જ પ્રમાણે દિવસ પણ જાણવો.

૭. સર્વાર્થ સિદ્ધ મહાવિમાનથી ઉપરની સ્તૂપના અગ્ર ભાગથી ૧૨–યોજન ઊંચે જતા ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વી છે. ૮. ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વીના બાર નામ કહ્યા છે – ૯. ઈષત્, ઈષત્ પ્રાગ્ભારા, તનુ, તનુકતર, સિદ્ધિ, સિદ્ધાલય, મુક્તિ, મુક્તાલય, બ્રહ્મ, બ્રહ્માવતંસક, લોકપ્રતિપૂરણા, લોકાગ્રચૂલિકા.

આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકોની સ્થિતિ બાર પલ્યોપમ છે. પાંચમી પૃથ્વીમાં કેટલાક નારકોની બાર સાગરોપમ સ્થિતિ છે. કેટલાક અસુરકુમારોની બાર પલ્યોપમ સ્થિતિ છે.

સૌધર્મ–ઈશાન કલ્પે કેટલાક દેવોની બાર પલ્યોપમ સ્થિતિ છે. લાંતક કલ્પે કેટલાક દેવોની બાર સાગરોપમ સ્થિતિ છે. જે દેવો માહેન્દ્ર, માહેન્દ્ર ધ્વજ, કંબુ, કંબુગ્રીવ, પુંખ, સુપુંખ, મહાપુંખ, પુંડ, સુપુંડ, મહાપુંડ, નરેન્દ્ર, નરેન્દ્રકાંત, નરેન્દ્રાવતંસક વિમાને દેવ થયેલાની સ્થિતિ બાર સાગરોપમ છે. તે દેવો બાર અર્ધમાસે આન–પ્રાણ ઉચ્છ્વાસ–નિઃશ્વાસ લે છે. તે દેવોને ૧૨,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.

કેટલાક ભવસિદ્ધિક જીવો બાર ભવ વડે સિદ્ધ–બુદ્ધ–મુક્ત–પરિનિવૃત્ત–સર્વ દુઃખાંતકર થશે.

**સમવાય–૧૨નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

# સમવાય-૧૩

સૂત્ર- ૨૬

ક્રિયા(કર્મબંધના કારણભૂત ચેષ્ટાવિશેષ) સ્થાનો તેર કહ્યા છે - અર્થદંડ, અનર્થદંડ, હિંસાદંડ, અકસ્માત દંડ, દૃષ્ટિવિપર્યાસ દંડ, મૃષાવાદ પ્રત્યયિક, અદત્તાદાન પ્રત્યયિક, આધ્યાત્મિક, માન પ્રત્યયિક, મિત્રદ્વેષ પ્રત્યયિક, માયા પ્રત્યયિક, લોભ પ્રત્યયિક અને તેરમું ઈર્યાપથિક ક્રિયાસ્થાન..

સૌધર્મ-ઈશાન કલ્પે તેર વિમાન પ્રસ્તટો છે. સૌધર્માવતંસક વિમાન અર્ધ તેરસ યોજન લાંબુ-પહોળું છે. એ રીતે ઈશાનાવતંસક પણ જાણવુ.

જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવોની જાતિ કુલકોટિ યોનિ પ્રમુખ અર્ધતેરસ લાખ છે. પ્રાણાયુ પૂર્વમાં તેર વસ્તુ છે. ગર્ભ વ્યુત્ક્રાંતિક પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળાને પ્રયોગ તેર ભેદે કહ્યો છે, તે આ-

સત્ય મનપ્રયોગ, મૃષા મનપ્રયોગ, સત્ય-મૃષામનપ્રયોગ, અસત્યા-મૃષામનપ્રયોગ, સત્ય વચનપ્રયોગ, મૃષા વચન પ્રયોગ, સત્યમૃષા વચનપ્રયોગ, અસત્યામૃષા વચનપ્રયોગ, ઔદારિક શરીર કાયપ્રયોગ, ઔદારિકમિશ્ર કાયપ્રયોગ, વૈક્રિય શરીર કાયપ્રયોગ, વૈક્રિય-મિશ્ર કાયપ્રયોગ, કાર્મણશરીર કાયપ્રયોગ.

સૂર્યમંડલ એક યોજનમાંથી યોજનના એકસઠીયા તેર ભાગ ઓછું કરીએ તેટલું છે.

આ રત્નપ્રભાપૃથ્વીમાં કેટલાક નારકોની સ્થિતિ ૧૩-પલ્યોપમની છે. પાંચમી પૃથ્વીમાં કેટલાક નારકીની સ્થિતિ ૧૩ સાગરોપમ છે. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ ૧૩-પલ્યોપમ છે.

સૌધર્મ-ઈશાન કલ્પે કેટલાક દેવોની સ્થિતિ ૧૩-પલ્યોપમ છે. લાંતક કલ્પે કેટલાક દેવોની સ્થિતિ ૧૩-સાગરોપમ છે.

જે દેવો વજ્ર, સુવજ્ર, વજ્રાવર્ત્ત, વજ્રપ્રભ, વજ્રકાંત, વજ્રવર્ણ, વજ્રલેશ્ય, વજ્રરૂપ, વજ્રશૃંગ, વજ્રસૃષ્ટ, વજ્રકૂટ, વજ્રોત્તરાવતંસક, વઈર, વઈરાવર્ત્ત, વઈરપ્રભ, વઈરકાંત, વઈરવર્ણ, વઈરલેશ્ય, વઈરરૂપ, વઈરશૃંગ, વઈરસૃષ્ટ, વઈરકૂટ, વઈરોત્તરાવતંસક, લોક, લોકાવર્ત્ત, લોકપ્રભ, લોકકાંત, લોકવર્ણ, લોકલેશ્ય, લોકરૂપ, લોકશૃંગ, લોકસૃષ્ટ, લોકકૂટ, લોકોત્તરાવતંસક વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા હોય, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ તેર સાગરોપમ છે.તે દેવો તેર અર્ધમાસે આન-પ્રાણ, ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે, તે દેવોને ૧૩,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.

કેટલાક ભવસિદ્ધિક જીવો તેર ભવ ગ્રહણ કરીને સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત-સર્વ દુઃખાંતકર થશે.

**સમવાય-૧૩નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

# સમવાય–૧૪

**સૂત્ર- ૨૭**

ચૌદ ભૂતગ્રામો(જીવોનો સમૂહ) કહ્યા છે - સૂક્ષ્મ અપર્યાપ્તા, સૂક્ષ્મ પર્યાપ્તા, બાદર અપર્યાપ્તા, બાદર પર્યાપ્તા, બેઇન્દ્રિય અપર્યાપ્તા, બેઇન્દ્રિય પર્યાપ્તા, તેઈન્દ્રિય અપર્યાપ્તા, તેઈન્દ્રિય પર્યાપ્તા, ચઉરિન્દ્રિય અપર્યાપ્તા, ચઉરિન્દ્રિય પર્યાપ્તા, પંચેન્દ્રિય અસંજ્ઞી અપર્યાપ્તા, પંચેન્દ્રિય અસંજ્ઞી પર્યાપ્તા, પંચેન્દ્રિય સંજ્ઞી અપર્યાપ્તા, પંચેન્દ્રિયસંજ્ઞી પર્યાપ્તા.

પૂર્વો ચૌદ કહ્યા છે, તે આ પ્રમાણે -

**સૂત્ર- ૨૮ થી ૩૦**

૨૮. ઉત્પાદ, અગ્રણીય, વીર્યપ્રવાદ, અસ્તિનાસ્તિપ્રવાદ, જ્ઞાનપ્રવાદ.

૨૯. સત્યપ્રવાદ, આત્મપ્રવાદ, કર્મપ્રવાદ, પ્રત્યાખ્યાનપ્રવાદ.

૩૦. વિદ્યાનુપ્રવાદ, અવંધ્યપ્રવાદ, પ્રાણાયુ, ક્રિયાવિશાલ, બિંદુસારપૂર્વ.

**સૂત્ર- ૩૧**

અગ્રાણીય પૂર્વની ચૌદ વસ્તુ છે. શ્રમણ ભગવંત મહાવીરની ૧૪,૦૦૦ શ્રમણોની ઉત્કૃષ્ટ સંપદા હતી.

કર્મવિશોધિ માર્ગણાને આશ્રીને ચૌદ જીવસ્થાનો કહ્યા - મિથ્યાદષ્ટિ, સાસ્વાદનસમ્યગ્દષ્ટિ, સમ્યગ્ મિથ્યાદષ્ટિ, અવિરતસમ્યગ્દષ્ટિ, વિરતાવિરત, પ્રમત્તસંયત, અપ્રમત્તસંયત, નિવૃત્તિબાદર, અનિવૃત્તિબાદર, સૂક્ષ્મ–સંપરાય ઉપશામક કે ક્ષપક, ઉપશાંતમોહ, ક્ષીણમોહ, સયોગીકેવલી અને અયોગીકેવલી.

ભરત અને ઐરવતની જીવાનો આયામ ૧૪,૪૭૧ યોજન તથા એક યોજનના ૬/૧૯ ભાગ છે.

એક એક ચાતુરંત ચક્રવર્તીને ચૌદ રત્નો હોય – સ્ત્રી, સેનાપતિ, ગાથાપતિ, પુરોહિત, વર્ધકી, અશ્વ, હસ્તિ એ સાત અને. ખડ્ગ, દંડ, ચક્ર, છત્ર, ચર્મ, મણિ, કાકણી એ સાત..

જંબૂદ્વીપમાં ચૌદ મહાનદી પૂર્વ–પશ્ચિમ લવણસમુદ્રને મળે છે. તે – ગંગા, સિંધુ, રોહિતા, રોહિતાંશા, હરી, હરીકાંતા, સીતા, સીતોદા, નરકાંતા, નારીકાંતા, સુવર્ણકૂલા, રૂપ્યકૂલા, રક્તા, રક્તવતી.

આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીની સ્થિતિ ૧૪–પલ્યોપમ છે. પાંચમી પૃથ્વીમાં કેટલાક નારકીની ચૌદ સાગરોપમ સ્થિતિ છે. કેટલાક અસુરકુમારોની ચૌદ પલ્યોપમ સ્થિતિ છે.

સૌધર્મ–ઈશાન કલ્પે કેટલાક દેવોની ચૌદ પલ્યોપમ સ્થિતિ છે. લાંતક કલ્પે દેવોની ઉત્કૃષ્ટ ૧૪–સાગરોપમ સ્થિતિ છે. મહાશુક્ર કલ્પે દેવોની જઘન્ય સ્થિતિ ૧૪–સાગરોપમ છે.

જે દેવો શ્રીકાંત, શ્રીમહિત, શ્રીસૌમનસ, લાંતક, કાપિષ્ઠ, મહેન્દ્ર, મહેન્દ્રકાંત, મહેન્દ્રોત્તરાવતંસક વિમાને થયેલ દેવની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૪–સાગરોપમ છે. તે દેવો ચૌદ અર્ધમાસે આન–પ્રાણ, ઉચ્છ્વાસ–નિઃશ્વાસ લે છે, તે દેવોને ૧૪,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.

કેટલાક ભવસિદ્ધિક જીવો ૧૪ ભવને ગ્રહણ કરીને સિદ્ધ–બુદ્ધ–મુક્ત–પરિનિવૃત્ત–સર્વ દુઃખાંતકર થશે.

**સમવાય–૧૪નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ**

# સમવાય–૧૫

**સૂત્ર- ૩૨ થી ૩૪**

૩૨. પંદર પરમાધાર્મિક(પરમ અધાર્મિક પરિણામવાળા અસુરદેવ) કહ્યા, તે આ પ્રમાણે -

૩૩. અંબ, અંબરિષ, શ્યામ, શબલ, રૌદ્ર, ઉપરૌદ્ર, કાલ, મહાકાલ (તથા)

૩૪. અસિપત્ર, ધનુ, કુંભ, વાલુક, વૈતરણી, ખરસ્વર, મહાઘોષ આ પંદર પરમાધામી છે..

**સૂત્ર- ૩૫ થી ૩૭**

૩૫. અરહંત નમિ ૧૫–ધનુષ ઊંચા હતા.

ધ્રુવ રાહુ કૃષ્ણપક્ષની એકમથી રોજ ચંદ્રની લેશ્યાનો પંદરમો–પંદરમો ભાગ આવરીને રહે છે, તે આ રીતે - એકમે પહેલો પંદરમો ભાગ, બીજે બે ભાગ, ત્રીજે ત્રણ ભાવ, ચોથે ચાર ભાગ, પાંચમે પાંચ ભાગ, છટ્ઠે છ ભાગ, સાતમે સાત ભાગ, આઠમે આઠ ભાગ, નોમે નવ ભાગ, દશમે દશ ભાગ, અગિયારસે ૧૧–ભાગ, બારસે ૧૨–ભાગ, તેરસે ૧૩–ભાગ, ચૌદશે ૧૪–ભાગ, અમાસે ૧૫–ભાગ આવરીને રહે છે. તથા શુક્લપક્ષમાં તે જ ભાગોને દેખાડતો દેખાડતો રહે છે. તે આ - એકમે પહેલો ભાગ યાવત્ પૂનમે પંદર ભાગ.

૩૬. છ નક્ષત્રો ૧૫–મુહૂર્ત વાળા છે- શતભિષા, ભારણી, આર્દ્રા, આશ્લેષા, સ્વાતિ, જ્યેષ્ઠા. આ છ.

૩૭. ચૈત્ર અને આસો માસમાં ૧૫ મુહૂર્તવાળો દિવસ હોય છે, એ રીતે જ ૧૫–મુહૂર્તવાળી રાત્રિ હોય છે. વિદ્યાનુપ્રવાદ પૂર્વમાં ૧૫–વસ્તુ છે.

મનુષ્યને ૧૫–ભેદે પ્રયોગ(ક્રિયા પરિણામવાળા કર્મની સાથે આત્મા જોડાય તે) કહ્યા - સત્ય મનપ્રયોગ, મૃષા મનપ્રયોગ, સત્યમૃષા મનપ્રયોગ, અસત્યામૃષા મનપ્રયોગ, સત્ય વચનપ્રયોગ, મૃષા વચનપ્રયોગ, સત્યમૃષા વચનપ્રયોગ, અસત્યામૃષાવચનપ્રયોગ, ઔદારિકશરીરકાયપ્રયોગ, ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગ, વૈક્રિયશરીરકાય પ્રયોગ, વૈક્રિયમિશ્રશરીરકાયપ્રયોગ, આહારકશરીરકાયપ્રયોગ, આહારકમિશ્રશરીરકાયપ્રયોગ, કાર્મણશરીર કાયપ્રયોગ

આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકોની સ્થિતિ ૧૫–પલ્યોપમ છે. પાંચમી પૃથ્વીમાં કેટલાક નારકોની સ્થિતિ ૧૫–સાગરોપમ છે. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ ૧૫–પલ્યોપમ છે.

સૌધર્મ–ઈશાન કલ્પે કેટલાક દેવોની સ્થિતિ ૧૫–પલ્યોપમ છે. મહાશુક્ર કલ્પે કેટલાક દેવોની સ્થિતિ ૧૫–સાગરોપમ છે. જે દેવો નંદ, સુનંદ, નંદાવર્ત, નંદપ્રભ, નંદકાંત, નંદવર્ણ, નંદલેશ્ય, નંદધ્વજ, નંદશૃંગ, નંદસૃષ્ટ, નંદકૂટ, નંદોત્તરાવતંસક વિમાને દેવ થયેલાની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૫ સાગરોપમ છે. તે દેવો પંદર અર્ધમાસે આન–પ્રાણ, ઉચ્છ્વાસ–નિઃશ્વાસ લે છે. તેમને ૧૫,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.

કેટલાક ભવસિદ્ધિક જીવો ૧૫ ભવ કરીને સિદ્ધ–બુદ્ધ–મુક્ત–પરિનિવૃત્ત–સર્વ દુઃખાંતકર થશે.

**સમવાય–૧૫નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

# સમવાય–૧૬

**સૂત્ર- ૩૮ થી ૪૧**

૩૮.'સૂયગડ' સૂત્રમાં પહેલા શ્રુતસ્કંધના સોળમું અધ્યયન 'ગાથા ષોડશક' છે. તે આ ક્રમે- સમય, વૈતાલિક, ઉપસર્ગપરિજ્ઞા, સ્ત્રીપરિજ્ઞા, નરકવિભક્તિ, મહાવીરસ્તુતિ, કુશીલ પરિભાષિત, વીર્ય, ધર્મ, સમાધિ, માર્ગ, સમોસરણ, યાથાતથ્ય, ગ્રંથ, યમકીય, સોળમું ગાથાષોડશક છે.

કષાયો સોળ ભેદેકહ્યા છે - અનંતાનુબંધી ક્રોધ, અનંતાનુબંધી માન, અનંતાનુબંધી માયા, અનંતાનુબંધી લોભ, અપ્રત્યાખ્યાન કષાય ક્રોધ, અપ્રત્યાખ્યાન કષાય માન, અપ્રત્યાખ્યાન કષાય માયા, અપ્રત્યાખ્યાન કષાય લોભ, પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, પ્રત્યાખ્યાનાવરણ માન, પ્રત્યાખ્યાનાવરણ માયા, પ્રત્યાખ્યાનાવરણ લોભ, સંજ્વલન ક્રોધ, સંજ્વલન માન, સંજ્વલન માયા અને સંજ્વલન લોભ.

મેરુ પર્વતને ૧૬ નામો છે -

૩૯. મંદર, મેરુ, મનોરમ, સુદર્શન, સ્વયંપ્રભ, ગિરિરાજ, રત્નોચ્ચય, પ્રિયદર્શન, લોકમધ્ય, લોકનાભિ.

૪૦. અર્થ, સૂર્યાવર્ત, સૂર્યાવરણ, ઉત્તર, દિગાદિ અને સોળમું અવતંસક.

૪૧. પુરુષાદાનીય પાર્શ્વ અર્હત્‌ને ૧૬,૦૦૦ સાધુની ઉત્કૃષ્ટ શ્રમણ સંપદા હતી. આત્મપ્રવાદ પૂર્વમાં સોળ વસ્તુ છે. ચમર અને બલીના અવતારિકાલયન આયામ–વિષ્કંભથી ૧૬,૦૦૦ યોજન છે. લવણસમુદ્રમાં ઉત્સેધની પરિવૃદ્ધિ ૧૬,૦૦૦ યોજન કહી છે.

આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીની સ્થિતિ ૧૬–પલ્યોપમ છે. પાંચમી પૃથ્વીમાં કેટલાક નારકોની સ્થિતિ ૧૬–સાગરોપમ છે. કેટલાક અસુરકુમારોની સ્થિતિ ૧૬–પલ્યોપમ છે.

સૌધર્મ–ઈશાનકલ્પે કેટલાક દેવોની સ્થિતિ ૧૬–પલ્યોપમ છે. મહાશુક્ર કલ્પે કેટલાક દેવોની સ્થિતિ ૧૬–સાગરોપમ છે. જે દેવો આવર્ત, વ્યાવર્ત, નંદાવર્ત, મહાનંદાવર્ત, અંકુશ, અંકુશપ્રલંબ, ભદ્ર, સુભદ્ર, મહાભદ્ર, સર્વતોભદ્ર, ભદ્રોત્તરાવતંસક વિમાને દેવપણે ઉત્પન્ન થયા તેમની ૧૬–સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. તે દેવો સોળ અર્ધમાસે આન–પ્રાણ, ઉચ્છ્‌વાસ–નિઃશ્વાસ લે છે. તે દેવોને ૧૬,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.

કેટલાક ભવસિદ્ધિક જીવો ૧૬ ભવ ગ્રહણ કરીને સિદ્ધ–બુદ્ધ–મુક્ત–પરિનિવૃત્ત–સર્વ દુઃખાંતકર થશે.

**સમવાય–૧૬નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

# સમવાય–૧૭

**સૂત્ર-૪૨**

૧. અસંયમ(સાવધાનીપૂર્વક યમ–નિયમોનું પાલન ન કરવું તે)૧૭–ભેદે કહ્યો છે- ૧.પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, ૬.બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય, અજીવકાય, ૧૧.પ્રેક્ષા, ઉપેક્ષા, અપહૃત્ય, અપ્રમાર્જન, ૧૫. મન, વચન, કાયા એ ૧૭નો અસંયમ.

૨. સંયમ (સાવધાનીપૂર્વક યમ–નિયમોનું પાલન કરવું તે) ૧૭ ભેદે કહ્યો છે - ૧. પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, ૬.બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય, અજીવકાય, ૧૧. પ્રેક્ષા, ઉપેક્ષા, અપહૃત્ય, પ્રમાર્જના, મન, વચન, કાયા એ ૧૭નો સંયમ.

૩. માનુષોત્તર પર્વત ૧૭૨૧ યોજન ઉર્ધ્વપણે ઊંચો કહ્યો છે. ૪. સર્વે વેલંધર, અનુવેલંધર નાગરાજાઓના આવાસપર્વતો ૧૭૨૧ યોજન ઉર્ધ્વપણે ઊંચા છે. ૫. લવણ સમુદ્ર ૧૭,૦૦૦ યોજન ઊંડો છે.

૬. આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ રમણીય ભૂમિભાગથી કંઈક અધિક ૧૭,૦૦૦ યોજન ઊંચે ઉડીને ચારણ મુનિની તિરછી ગતિ કહી છે.

૭. અસુરેન્દ્ર અસુરરાજ ચમરનો તિગિંછિકૂટ ઉત્પાત પર્વત ૧૭૨૧ યોજન ઉર્ધ્વપણે ઊંચો છે.

૮. અસુરેન્દ્ર બલિનો રુચકેન્દ્ર ઉત્પાત પર્વત પણ ૧૭૨૧ યોજન ઉર્ધ્વપણે ઊંચો છે.

૯. મરણ ૧૭ ભેદે કહ્યું છે - આવીચિ, અવધિ, આત્યંતિક, વલન, વશાર્ત્ત, અંતઃશલ્ય, તદ્‌ભવ, બાળ, પંડિત, બાળપંડિત, છદ્મસ્થ, કેવલી, વૈહાયસ, ગૃધપૃષ્ઠ, ભક્તપ્રત્યાખ્યાન, ઇંગિની, પાદપોપગમન, એ ૧૭–મરણ.

૧૦. સૂક્ષ્મ સંપરાય ભગવન્ સૂક્ષ્મ સંપરાયના ભાવમાં વર્તતા ૧૭–કર્મ પ્રકૃતિને બાંધે છે – આભિનિબોધિક જ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યવજ્ઞાનાવરણ, કેવલજ્ઞાનાવરણ, ચક્ષુર્દર્શનાવરણ, અચક્ષુર્દર્શના–વરણ, અવધિદર્શનાવરણ, કેવલદર્શનાવરણ, સાતા વેદનીય, યશઃકીર્તિનામ, ઉચ્ચગોત્ર, દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય.

આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીઓની ૧૭ પલ્યોપમ સ્થિતિ છે. પાંચમી પૃથ્વીમાં નારકીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૭–સાગરોપમ છે. છઠ્ઠી પૃથ્વીમાં નારકોની જઘન્ય સ્થિતિ ૧૭–સાગરોપમ છે.

કેટલાક અસુરકુમારોની સ્થિતિ ૧૭–પલ્યોપમ છે. સૌધર્મ–ઈશાન કલ્પે કેટલાક દેવોની ૧૭–પલ્યોપમ સ્થિતિ છે. મહાશુક્ર કલ્પે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૭–સાગરોપમ છે. સહસ્રાર કલ્પે દેવોની જઘન્ય સ્થિતિ ૧૭–સાગરોપમ છે.

જે દેવો સામાન, સુસામાન, મહાસામાન, પદ્મ, મહાપદ્મ, કુમુદ, મહાકુમુદ, નલિન, મહાનલિન, પૌંડરીક, મહાપૌંડરીક, શુક્લ, મહાશુક્લ, સિંહ, સિંહકાંત, સિંહવીય, ભાવિય વિમાને થયેલ દેવની સ્થિતિ ૧૭–સાગરોપમ છે. તે દેવો ૧૭ અર્ધમાસે આન–પ્રાણ, ઉચ્છ્‌વાસ–નિઃશ્વાસ લે છે. તેમને ૧૭,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.

કેટલાક ભવસિદ્ધિક જીવો ૧૭–ભવ ગ્રહણ કરીને સિદ્ધ–બુદ્ધ–મુક્ત–પરિનિવૃત્ત–સર્વ દુઃખાંતકર થશે.

**સમવાય–૧૭નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

# સમવાય–૧૮

## સૂત્ર- ૪૩ થી ૪૫

૪૩. બ્રહ્મચર્ય ૧૮ ભેદે છે. તે આ -

ઔદારિક શરીરી મનુષ્ય, તિર્યંચોના કામભોગને પોતે મનથી સેવે નહીં, બીજાને મન વડે સેવડાવે નહીં, મન વડે સેવતા અન્યને અનુમોદે નહીં, ઔદારિક કામભોગ વચન વડે પોતે ન સેવે, બીજા પાસે ન સેવડાવે, વચનથી સેવતા અન્યને ન અનુમોદે. ઔદારિક કામભોગ કાયાથી સ્વયં ન સેવે, બીજાને કાયા વડે ન સેવડાવે, કાયા વડે સેવનારને ન અનુમોદે.

દિવ્ય કામભોગ પોતે મનથી ન સેવે, બીજાને કાયા વડે ન સેવડાવે, સેવતા એવા બીજાને ન અમુનોદે. દિવ્ય કામભોગ વચન વડે પોતે ન સેવે, બીજાને વચન વડે ન સેવડાવે, વચનથી સેવતા એવા બીજાને ન અમુનોદે, દિવ્ય કામભોગને કાયા વડે પોતે ન સેવે, કાયા વડે બીજાને ન સેવડાવે, કાયાથી સેવતા એવા બીજાને ન અનુમોદે. આ અઢાર ભેદ છે..

અરહંત અરિષ્ઠનેમિને ૧૮,૦૦૦ સાધુઓની ઉત્કૃષ્ટ શ્રમણસંપદા હતી.

શ્રમણ ભગવંત મહાવીરે બાલ, સ્થવિરાદિ શ્રમણ નિર્ગ્રન્થોને ૧૮ સ્થાનો કહ્યા છે, તે આ પ્રમાણે -

૪૪. છ વ્રતનું પાલન, છ કાય જીવોની રક્ષા. અકલ્પ્ય વસ્ત્ર–પાત્ર, ગૃહીભાજન, પલ્યંક, નિષદ્યા, સ્નાન, શોભા એ છનું વર્જન. એ રીતે છ+છ+છ= ૧૮ આચાર સ્થાનો કહ્યા છે..

૪૫. ચૂલિકા સહિત 'આચાર' સૂત્રના ૧૮,૦૦૦ પદો કહ્યા છે. બ્રાહ્મી લિપિના લેખવિધાનના ૧૮ ભેદ કહ્યા - બ્રાહ્મી, યાવનીલિપિ, દોષઉપરિકા, ખરોષ્ટ્રિકા, ખરસાવિકા, પહારાતિકા, ઉચ્ચતરિકા, અક્ષરપૃષ્ટિકા, ભોગવતિકા, વૈણક્રિયા, નિન્હવિકા, અંકલિપિ, ગણિતલિપિ, ગંધર્વલિપિ ભૂતલિપિ., આદર્શલિપિ, માહેશ્વરી લિપિ, દામિ લિપિ, બોલિંદિ લિપિ.

અસ્તિનાસ્તિપ્રવાદ પૂર્વમાં ૧૮ વસ્તુઓ છે. ધૂમપ્રભા પૃથ્વી ૧,૧૮,૦૦૦ યોજન વિસ્તારથી છે. પોષ અને અષાઢ માસમાં એક વખત ઉત્કૃષ્ટપણે ૧૮ મુહૂર્તનો દિવસ અને એક વખત ઉત્કૃષ્ટ ૧૮–મુહૂર્તની રાત્રિ થાય.

આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ ૧૮–પલ્યોપમ છે. છઠ્ઠી પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ ૧૮ સાગરોપમની છે. કેટલાક અસુરકુમારોની સ્થિતિ ૧૮ પલ્યોપમ છે.

સૌધર્મ–ઈશાનકલ્પે કેટલાક દેવોની સ્થિતિ ૧૮ પલ્યોપમ છે. સહસ્રાર કલ્પે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૮ સાગરોપમ છે. પ્રાણતકલ્પે દેવોની જઘન્ય સ્થિતિ ૧૮ સાગરોપમ છે.

જે દેવો કાળ, સુકાળ, મહાકાળ, અંજન, રિષ્ટ, શાલ, સમાન, દ્રુમ, મહાદ્રુમ, વિશાલ, સુશાલ, પદ્મ, પદ્મગુલ્મ, કુમુદ, કુમુદગુલ્મ, નલિન, નલિનગુલ્મ, પૌંડરીક, પૌંડરીકગુલ્મ, સહસ્રારાવતંસક વિમાનમાં ઉત્પન્ન થયેલા છે, તેની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૮–સાગરોપમની કહી છે. તે દેવો અઢાર અર્ધમાસે આન–પ્રાણ, ઉચ્છ્વાસ–નિઃશ્વાસ લે છે. તેમને ૧૮,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.

કેટલાક ભવસિદ્ધિક જીવો ૧૮ ભવ ગ્રહણ કરીને સિદ્ધ–બુદ્ધ–મુક્ત–પરિનિવૃત્ત–સર્વદુઃખાંતકર થશે.

**સમવાય–૧૮નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ**

# સમવાય-૧૯

સૂત્ર- ૪૬ થી ૪૯

૪૬. જ્ઞાતાધર્મકથા સૂત્રના પહેલા શ્રુતસ્કંધના ૧૯-અધ્યયનો કહ્યા છે, તે આ પ્રમાણે -

૪૭. ઉત્ક્ષિપ્તજ્ઞાન, સંઘાટક, અંડ, કૂર્મ, શેલક, તુંબ, રોહિણી, મલ્લી, માકંદી અને ચંદ્રિકા.

૪૮. દાવદવ, ઉદકજ્ઞાત, મંડુક્ક, તેતલી, નંદીફલ, અપરકંકા, આકીર્ણ, સુંસમા, ઓગણીસમું પુંડરીકજ્ઞાત.

૪૯. જંબૂદ્વીપ દ્વીપમાં બે સૂર્ય છે. તે ઉત્કૃષ્ટથી ૧૯૦૦ યોજન ઊંચે-નીચે તપે છે. શુક્ર મહાગ્રહ પશ્ચિમમાં ઉદય પામી ૧૯ નક્ષત્ર સાથે ચાર ચરીને પશ્ચિમે અસ્ત પામે છે. જંબૂદ્વીપ દ્વીપના ગણિતમાં ૧૬ કળા આવે છે.

૧૯ તીર્થંકર ગૃહવાસ મધ્યે વસીને મુંડ થઈને ગૃહવાસથી નીકળી અણગારીક પ્રવ્રજ્યા લીધી રાજ્ય ભોગવીને દીક્ષા લીધી..

આ રત્નપ્રભામાં કેટલાક નારકોની ૧૯ પલ્યોપમ સ્થિતિ છે. છઠ્ઠી પૃથ્વીમાં કેટલાક નારકોની સ્થિતિ ૧૯ સાગરોપમ છે. કેટલાક અસુરકુમારોની સ્થિતિ ૧૯ પલ્યોપમ છે.

સૌધર્મ-ઈશાનકલ્પે કેટલાક દેવોની સ્થિતિ ૧૯-પલ્યોપમ છે. આનતકલ્પે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૯-સાગરોપમ છે. પ્રાણતકલ્પે દેવોની જઘન્ય સ્થિતિ ૧૯-સાગરોપમ છે.

જે દેવો આનત, પ્રાણત, નત, વિનત, ઘન, સુષિર, ઈન્દ્ર, ઈન્દ્રકાંત, ઈન્દ્રોત્તરાવતંસક વિમાને થયેલ દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૯-સાગરોપમ છે. તે દેવો ૧૯ અર્ધમાસે આન-પ્રાણ, ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે. તે દેવોને ૧૯,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.

કેટલાક ભવસિદ્ધિક જીવો ૧૯ ભવ ગ્રહણ કરી સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત-સર્વદુઃખાંતકર થશે.

**સમવાય-૧૯નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૨૦

સૂત્ર- ૫૦

અસમાધિ સ્થાનો અર્થાત્ જે મોક્ષમાર્ગમાં રહેલ નથી તેને અસમાધિ કહે છે, આ અસમાધિના સ્થાનો એટલે કે ભેદો કે પર્યાયો ૨૦ કહ્યા છે, તે આ પ્રમાણે–

૧. અત્યંત જલદી ચાલે, ૨. પ્રમાર્જ્યા વિના ચાલે, ૩. ખરાબ રીતે પૂંજીને ચાલે, ૪. અતિરિક્ત શય્યા, આસન રાખે, ૫. રત્નાધિકનો પરાભવ કરે, ૬. સ્થવિરનો ઉપઘાત કરે, ૭. પ્રાણી ઉપઘાત કરે, ૮. ક્ષણેક્ષણે ક્રોધ કરે, ૯. અતિક્રોધ કરે, ૧૦. પીઠ પાછળ અવર્ણવાદ બોલે,

૧૧. વારંવાર નિશ્ચયવાળી ભાષા બોલે, ૧૨. અનુત્પન્ન નવા કલેશને ઉદીરે, ૧૩. જૂના કલેશને ખમાવીને શાંત કર્યા પછી ફરી ઉદીરે, ૧૪. રજ–સહિત હાથપગ રાખે, ૧૫. અકાળે સ્વાધ્યાય કરે, ૧૬. કલહ કરે, ૧૭. શબ્દ કરે રાત્રે., ૧૮. ઝંઝા–ખટપટ કરે, ૧૯. સૂર્ય હોય ત્યાં સુધી ખાય, ૨૦. એષણા અસમિત.

મુનિસુવ્રત અરિહંત ૨૦ ધનુષ ઊંચા હતા. સર્વે ઘનોદધિઓ બાહલ્યથી ૨૦,૦૦૦ યોજન છે.

પ્રાણતકલ્પે દેવેન્દ્ર દેવરાજને ૨૦,૦૦૦ સામાનિક દેવો છે.

નપુંસકવેદરૂપ કર્મની બંધ સમયથી આરંભી વીશ સાગરોપમ કોડાકોડી બંધ સ્થિતિ છે.

પ્રત્યાખ્યાન પૂર્વની ૨૦ વસ્તુઓ છે.

ઉત્સર્પિણી–અવસર્પિણી મળીને ૨૦ સાગરોપમ કોડાકોડી કાલ કહ્યો છે.

આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકોની સ્થિતિ ૨૦ પલ્યોપમ છે. છઠ્ઠી પૃથ્વીમાં કેટલાક નારકોની ૨૦ સાગરોપમ સ્થિતિ છે. કેટલાક અસુરકુમારોની સ્થિતિ ૨૦ પલ્યોપમ છે.

સૌધર્મ–ઈશાન કલ્પે કેટલાક દેવોની ૨૦–પલ્યોપમની સ્થિતિ છે. પ્રાણત કલ્પે દેવોની ઉત્કૃષ્ટ ૨૦–સાગરોપમ સ્થિતિ છે. આરણ કલ્પે દેવોની જઘન્ય સ્થિતિ ૨૦–સાગરોપમ છે.

જે દેવો સાત, વિસાત, સુવિસાત, સિદ્ધાર્થ, ઉત્પલ, ભિત્તિલ, તિગિચ્છ, દિશા સૌવસ્તિક, પ્રલંબ, રુચિર, પુષ્પ, સુપુષ્પ, પુષ્પાવર્ત્ત, પુષ્પપ્રભ, પુષ્પકાંત, પુષ્પવર્ણ, પુષ્પલેશ્ય, પુષ્પધ્વજ, પુષ્પશૃંગ, પુષ્પસિદ્ધ, પુષ્પોત્તરાવતંસક વિમાને દેવપણે ઉત્પન્ન થાય તેમની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૦–સાગરોપમ છે. તે દેવો વીશ અર્ધમાસે આન–પ્રાણ, ઉચ્છ્વાસ–નિઃશ્વાસ લે છે, તેઓને ૨૦,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.

કેટલાક ભવસિદ્ધિક જીવો ૨૦ ભવ ગ્રહણ કરી સિદ્ધ–બુદ્ધ–મુક્ત–પરિનિવૃત્ત–સર્વ દુઃખાંતકર થશે.

**સમવાય–૨૦નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

# સમવાય–૨૧

સૂત્ર- ૫૧

શબલ દોષો–(જેના સેવનથી ચારિત્ર કાબરચીતરુ અર્થાત્ દૂષિત થાય તેવા દોષો) ૨૧ કહ્યા, તે આ -

૧. હસ્તકર્મ કરનાર, ૨. મૈથુન સેવનાર, ૩. રાત્રિભોજન કરનાર, ૪. આધાકર્મને ખાતો, ૫. સાગારિક પિંડ ખાતો, ૬. ઔદ્દેશિકક્રીત–આહૃત આપેલ આહારને ખાતો, ૭. વારંવાર પ્રત્યાખ્યાન કરીને ખાતો, ૮. છ માસમાં એક ગણથી બીજા ગણમાં જતો, ૯. એક માસમાં ત્રણ વખત ઉદકલેપ કરતો, ૧૦. એક માસમાં ત્રણ વખત માયા સ્થાનને સેવતો. ૧૧. રાજપીંડનું ભોજન કરતો, (તથા)

૧૨. આકુટ્ટિ વડે પ્રાણાતિપાતને કરતો, ૧૩. આકુટ્ટિ વડે મૃષાવાદને બોલતો, ૧૪. આકુટ્ટિથી અદત્તાદાન ગ્રહણ કરતો, ૧૫. આકુટ્ટિથી આંતરા રહિત પૃથ્વી ઉપર સ્થાન કે શયનાદિને કરતો, ૧૬. આકુટ્ટિથી સચિત્ત પૃથ્વી–સચિત્ત શિલા–ધુણના આવાસવાળા કાષ્ઠ ઉપર શય્યા કે નિષદ્યાને કરતો. ૧૭. સજીવ–સપ્રાણ–સબીજ–સહરિત–સઉત્તિંગ–પણગ–દગ માટી કરોળિયાના જાળાવાળી, તેવા પ્રકારની ભૂમિમાં સ્થાન, નિષદ્યા કરતો. ૧૮. આકુટ્ટિથી મૂલ–કંદ–ત્વચા–પ્રવાલ, પુષ્પ–ફળ–હરિતનું ભોજન કરતો. ૧૯. વર્ષમાં દશ વાર ઉદકલેપ કરતો, ૨૦. વર્ષમાં દશ વાર માયા સ્થાનને સેવતો, ૨૧. વારંવાર શીતોદકથી ખરડાયેલા હાથ વડે અશન–પાન–ખાદિમ–સ્વાદિમ ગ્રહણ કરી ભોજન કરતો. એ ૨૧ કાર્યોથી. શબલ દોષ થાય છે.

જેની સાત પ્રકૃતિઓ ક્ષય પામી છે એવા નિવૃત્તિ બાદરને મોહનીય કર્મની ૨૧–પ્રકૃત્તિ સત્તામાં રહેલી હોય છે. તે આ - અપ્રત્યાખ્યાન કષાય ક્રોધ, અપ્રત્યાખ્યાન કષાય માન, અપ્રત્યાખ્યાન કષાય માયા, અપ્રત્યાખ્યાન કષાય લોભ, પ્રત્યાખ્યાનાવરણ કષાય ક્રોધ, પ્રત્યાખ્યાનાવરણ કષાય માન, પ્રત્યાખ્યાનાવરણ કષાય માયા, પ્રત્યાખ્યાનાવરણ કષાય લોભ, સંજ્વલન ક્રોધ યાવત્ લોભ તથા સ્ત્રી–પુરુષ–નપુંસક વેદ, હાસ્ય, અરતિ, રતિ, ભય, શોક, દુગંછા.

એક એક અવસર્પિણીનો પાંચમો અને છઠ્ઠો આરો કાલે કરીને ૨૧–૨૧ હજાર વર્ષનો કહ્યો છે. તે આ - દુષમા આરો, દુષમાદુષમા આરો. એક–એક ઉત્સર્પિણીનો પહેલો અને બીજો આરો કાલથી ૨૧–૨૧ હજાર વર્ષનો કહ્યો છે. તે આ - દુષમદુષમા, દુષમા.

આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકોની ૨૧–પલ્યોપમ સ્થિતિ છે. છઠ્ઠી પૃથ્વીમાં કેટલાક નારકોની ૨૧–સાગરોપમ સ્થિતિ છે. કેટલાક અસુરકુમારોની ૨૧–પલ્યોપમની સ્થિતિ છે.

સૌધર્મ–ઈશાન કલ્પે કેટલાક દેવોની ૨૧–પલ્યોપમ સ્થિતિ છે. આરણકલ્પે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૧–સાગરોપમ છે. અચ્યુત કલ્પે દેવોની જઘન્ય સ્થિતિ ૨૧–સાગરોપમ છે. જે દેવો શ્રીવત્સ, શ્રીદામગંડ, માલ્ય, કૃષ્ટિ, ચાપોન્નત, આરણાવતંસક વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયેલાની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૧–સાગરોપમ છે.તે દેવો ૨૧–અર્ધમાસે આન–પ્રાણ, ઉચ્છ્વાસ–નિઃશ્વાસ લે છે, તેમને ૨૧,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.

કેટલાક ભવસિદ્ધિક જીવો ૨૧–ભવને ગ્રહણ કરીને સિદ્ધ–બુદ્ધ–મુક્ત–પરિનિવૃત્ત–સર્વદુઃખાંતકર થશે.

**સમવાય–૨૧નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

# સમવાય-૨૨

સૂત્ર- ૫૨

પરીષહો-(માર્ગથી ભ્રષ્ટ ન થઈને અને કર્મનિર્જરાનાં હેતુથી જે સહન કરાય તે) બાવીસ કહ્યા, તે આ -

૧. ભૂખ, ૨. તરસ, ૩. શીત, ૪. ઉષ્ણ, ૫. ડાંસ-મચ્છર, ૬. વસ્ત્રરહિતપણું, ૭. અરતિ-મનનો વિકાર, ૮. સ્ત્રી, ૯. ચર્યા-ચાલવુ, ૧૦. નિષદ્યા-બેસવું, ૧૧. શય્યા-વસતિ, ૧૨. આક્રોશ-વચન, ૧૩. વધ-મારવું, ૧૪. યાચના, ૧૫. અલાભ, ૧૬. રોગ, ૧૭. તૃણસ્પર્શ, ૧૮. જલ્લ-મેલ, ૧૯. સત્કાર-પુરસ્કાર, ૨૦. પ્રજ્ઞા-બુદ્ધિ, ૨૧. અજ્ઞાન, ૨૨. દર્શન આ બાવીસ પરીષહો જાણવા.

દૃષ્ટિવાદમાં ૨૨ સૂત્રો છિન્નછેદ નયવાળા, સ્વસમય સૂત્ર પરિપાટીમાં છે. ૨૨-સૂત્રો અચ્છિન્નછેદ નયવાળા, આજીવિક સૂત્ર પરિપાટીમાં છે. ૨૨-સૂત્રો ત્રણ નયવાળા, ત્રૈરાશિક સૂત્ર પરિપાટીમાં છે. ૨૨-સૂત્રો ચાર નયવાળા સમય સૂત્ર પરિપાટીમાં છે.

પુદ્‌ગલ પરિણામ ૨૨ ભેદે છે - ૧ થી ૫. કૃષ્ણ-નીલ-લોહીત-હાલિદ્ર-શુક્લવર્ણ પરિણામવાળા. ૬, ૭. સુરભિ ગંધ-દુરભિગંધ પરિણામવાળા. ૮ થી ૧૨. તિક્ત-કટુક-કષાય-અંબિલ-મધુર રસ પરિણામવાળા. ૧૩ થી ૨૨. કર્કશ-મૃદુ-ગુરુ-લઘુ-શીત-ઉષ્ણ-સ્નિગ્ધ-રુક્ષ સ્પર્શ પરિણામી.

આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકોની ૨૨-પલ્યોપમ સ્થિતિ છે. છઠ્ઠી પૃથ્વીમાં નારકોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૨ સાગરોપમ છે. અધઃ સપ્તમી પૃથ્વીમાં નારકોની જઘન્ય સ્થિતિ ૨૨-સાગરોપમ છે.

કેટલાક અસુરકુમારોની સ્થિતિ ૨૨-પલ્યોપમ છે.

સૌધર્મ-ઈશાન કલ્પે કેટલાક દેવોની સ્થિતિ ૨૨-પલ્યોપમ છે. અચ્યુત કલ્પે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૨-સાગરોપમ છે. હેટ્ઠિમ હેટ્ઠિમ ગ્રૈવેયકે દેવોની જઘન્ય સ્થિતિ ૨૨-સાગરોપમ છે.

જે દેવો મહિત, વિશ્રુત, વિમલ, પ્રભાસ, વનમાલ અને અચ્યુતાવતંસક વિમાને દેવ થાય છે, તેમની સ્થિતિ ૨૨-સાગરોપમ છે. તે દેવો ૨૨-અર્ધમાસે આન-પ્રાણ, ઉચ્છ્‌વાસ-નિઃશ્વાસ લે છે. તે દેવોને ૨૨,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.

કેટલાક ભવસિદ્ધિક જીવો ૨૨-ભવના ગ્રહણ વડે સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત-સર્વદુઃખાંતકર થશે.

**સમવાય-૨૨નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

# સમવાય-૨૩

સૂત્ર-૫૩

'સૂયગડ' અંગસૂત્ર (૨) ના ૨૩ અધ્યયનો છે, તે આ પ્રમાણે -

૧. સમય, વૈતાલિક, ઉપસર્ગપરિજ્ઞા, સ્ત્રીપરિજ્ઞા, નરકવિભક્તિ, ૬. મહાવીરસ્તુતિ, કુશીલપરિભાષિત, વીર્ય, ધર્મ, સમાધિ, ૧૧. માર્ગ, સમવસરણ, યથાતથ્ય, ગ્રંથ, યમકીય, ૧૬.ગાથા, પુંડરીક, ક્રિયાસ્થાન, આહાર-પરિજ્ઞા, અપ્રત્યાખ્યાનક્રિયા, ૨૧. અનગારશ્રુત, આર્દ્રકીય, નાલંદીય.

જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં ૨૩ જિનેશ્વરોને સૂર્યોદય મુહૂર્તે કેવલજ્ઞાન-દર્શન ઉત્પન્ન થયા.

જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં ૨૩ તીર્થંકરો પૂર્વભવમાં અગિયાર અંગના જ્ઞાતા હતા. તે આ - અજિત યાવત્ વર્ધમાન. કેવલ કૌશલિક ઋષભ અર્હત્ ચૌદપૂર્વી હતા.

જંબૂદ્વીપમાં આ અવસર્પિણીમાં ૨૩ તીર્થંકરો પૂર્વ ભવે માંડલિક રાજા હતા, તે આ - અજિત યાવત વર્ધમાન. કેવલ કૌશલિક અર્હત્ ઋષભ પૂર્વ ભવે ચક્રવર્તી હતા.

આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકોની ૨૩-પલ્યોપમની સ્થિતિ છે. અધઃસપ્તમી પૃથ્વીમાં કેટલાક નૈરયિકોની સ્થિતિ ૨૩-સાગરોપમ છે.

કેટલાક અસુરકુમારોની સ્થિતિ ૨૩-પલ્યોપમ છે.

સૌધર્મ-ઈશાનકલ્પે કેટલાક દેવોની સ્થિતિ ૨૩-પલ્યોપમ છે. હેટ્ઠિમ મજ્ઝિમ ગ્રૈવેયકે દેવોની જઘન્ય સ્થિતિ ૨૩-સાગરોપમ છે.

હેટ્ઠિમ હેટ્ઠિમ ગ્રૈવેયકે ઉત્પન્ન દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૩-સાગરોપમ છે. તે દેવો ૨૩-અર્ધમાસે આન-પ્રાણ, ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે. તેમને ૨૩,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.

કેટલાક ભવસિદ્ધિક જીવો ૨૩ ભવ ગ્રહણ કરીને સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત-સર્વ દુઃખાંતકર થશે.

**સમવાય-૨૩નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૨૪

સૂત્ર- ૫૪

આ અવસર્પિણી કાળમાં આ ભારતક્ષેત્રમાં દેવાધિદેવો–(તીર્થંકરો) ૨૪ કહ્યા છે, તે આ-

ઋષભ, અજિત, સંભવ, અભિનંદન, સુમતિ, પદ્મપ્રભ, સુપાર્શ્વ, ચંદ્રપ્રભ, સુવિધિ, શીતલ, શ્રેયાંસ, વાસુપૂજ્ય, વિમલ, અનંત, ધર્મ, શાંતિ, કુંથુ, અર, મલ્લી, મુનિસુવ્રત, નમિ, નેમિ, પાર્શ્વ અને વર્ધમાન.

ચુલ્લહિમવંત અને શિખરી બે વર્ષધર પર્વતની જીવા ૨૪,૯૩૨ યોજન તથા એક યોજનના આડત્રીસમા ભાગ થી થોડી વધારે છે.

દેવોના ૨૪ સ્થાનો ઈન્દ્રસહિત છે, બાકીના અહમિન્દ્ર છે (ઇન્દ્ર અને પુરોહિત રહિત છે).

ઉત્તરાયણમાં રહેલ સૂર્ય ૨૪ અંગુલ પોરિસીની છાયા કરીને પાછો વળે છે.

ગંગા અને સિંધુ મહાનદી પ્રવાહમાં સાધિક ૨૪–કોશ વિસ્તારમાં છે. રક્તા–રક્તવતી મહાનદી પણ તેટલી જ વિસ્તૃત છે.

આ રત્નપ્રભા પૃથ્વીના કેટલાક નારકોની ૨૪–પલ્યોપમ સ્થિતિ છે, અધઃસપ્તમી પૃથ્વીમાં કેટલાક નારકોની સ્થિતિ ૨૪–સાગરોપમ છે. કેટલાક અસુરકુમારોની સ્થિતિ ૨૪–પલ્યોપમ છે.

સુધર્મ–ઈશાન કલ્પે કેટલાક દેવોની સ્થિતિ ૨૪–પલ્યોપમ છે. હેટ્ઠિમ ઉવરિમ ગ્રૈવેયકે દેવોની જઘન્ય સ્થિતિ ૨૪–સાગરોપમ છે.

જે દેવો હેટ્ઠિમ મજ્ઝિમ ગ્રૈવેયક વિમાને દેવપણે ઉત્પન્ન થાય છે તેમની ઉત્કૃષ્ટ ૨૪–સાગરોપમ સ્થિતિ છે. તે દેવો ૨૪–અર્ધમાસે આન–પ્રાણ, ઉચ્છ્વાસ–નિઃશ્વાસ લે છે, તેમને ૨૪,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.

કેટલાક ભવસિદ્ધિક જીવો ૨૪–ભવ ગ્રહણ કરી સિદ્ધ–બુદ્ધ–મુક્ત–પરિનિવૃત્ત થઈ સર્વ દુઃખનો અંત કરશે.

**સમવાય–૨૪નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

# સમવાય–૨૫

સૂત્ર- ૫૫ થી ૫૯

૫૫. પહેલા, છેલ્લા તીર્થંકરના સમયમાં પાંચ મહાવ્રતોની ૨૫–ભાવના કહી છે. તે આ -

૫. ઈર્યાસમિતિ, મનગુપ્તિ, વચનગુપ્તિ, પાત્ર જોઈને ભોજન કરવું, આદાનભાંડ માત્ર નિક્ષેપણા સમિતિ.

૫. વિચારીને બોલવું, ક્રોધ વિવેક, લોભ વિવેક, ભય વિવેક, હાસ્ય વિવેક.

૫. અવગ્રહ અનુજ્ઞા, અવગ્રહ સીમા જાણવી, અવગ્રહ અનુગ્રહણ કરવું, સાધર્મિક અવગ્રહને તેની આજ્ઞા લઈને પરિભોગ કરવો. સાધારણ ભાત–પાણીનો પરિભોગ અનુજ્ઞા લઈને કરવો.

૫. સ્ત્રી–પશુ–નપુંસક સંસક્ત શયન–આસન વર્જવા, સ્ત્રીકથા વર્જવી, સ્ત્રી ઇન્દ્રિયો આલોજક વર્જવું, પૂર્વરત–પૂર્વક્રીડિતનું સ્મરણ ન કરવું, પ્રણીત આહાર ત્યાગ.

૫. શ્રોત્રેન્દ્રિય–ચક્ષુરિન્દ્રિય–ઘ્રાણેન્દ્રિય–જિહ્વેન્દ્રિય–સ્પર્શેન્દ્રિય રાગનો ત્યાગ.

અર્હત્ મલ્લી ૨૫–ધનુષ ઊંચા હતા. સર્વે દીર્ઘવૈતાઢ્ય પર્વતો ૨૫–યોજન ઊંચા, ૨૫ ગાઉ પૃથ્વીમાં છે. બીજી પૃથ્વીમાં ૨૫–લાખ નરકાવાસ છે. આચારસૂત્ર ના ચૂલિકા સહિત ૨૫–અધ્યયનો છે. તે આ પ્રમાણે -

૫૬. શસ્ત્રપરિજ્ઞા, લોકવિજય, શીતોષ્ણીય, સમ્યક્ત્વ, આવંતી, ધૂત, વિમોક્ષ, ઉપધાનશ્રુત, મહાપરિજ્ઞા, પિંડૈષણા, શય્યા, ઈર્યા, ભાષા, વસ્ત્રૈષણા, પાત્રૈષણા, અવગ્રહપ્રતિમા, સપ્તસપ્તૈકકા–એ સાત, ભાવના, વિમુક્તિ. ૫૯. વિમુક્તિ અધ્યયન, નિશીથ અધ્યયન સહિત ૨૫–મું જાણવું.

અપર્યાપ્ત, સંક્લિષ્ટ પરિણામી, મિથ્યાદૃષ્ટિ વિકલેન્દ્રિય જીવ નામકર્મની ૨૫–ઉત્તર પ્રકૃતિને બાંધે. તે આ - તિર્યગ્ગતિનામ, વિકલેન્દ્રિય જાતિ નામ, ઔદારિક શરીર, તૈજસ શરીર, કાર્મણ શરીર, હુંડક સંસ્થાન, ઔદારિક શરીર અંગોપાંગ, છેવટ્ઠ સંઘયણ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, તિર્યગાનુપૂર્વી, અગુરુલઘુ, ઉપઘાત, ત્રસ, બાદર, અપર્યાપ્તક, પ્રત્યેક, અસ્થિર, અશુભ, દુર્ભગ, અનાદેય, અયશઃકીર્તિ અને નિર્માણનામ.

ગંગા અને સિંધુ મહાનદી ૨૫ ગાઉ પૃથક્ પ્રવાહથી બંને દિશામાં ઘટના મુખથી પડીને, મુક્તાવલીહાર સંસ્થાનવાળા પ્રપાતે પોતપોતાના કુડમાં પડે છે. રક્તા, રક્તવતી મહાનદી ૨૫–ગાઉ પૃથક્ પ્રવાહથી એ રીતે જ પડે છે. લોકબિંદુસાર પૂર્વમાં ૨૫–વસ્તુઓ કહી છે.

આ રત્નપ્રભામાં કેટલાક નારકીની સ્થિતિ ૨૫–પલ્યોપમની છે. અધઃસપ્તમી પૃથ્વીમાં કેટલાક નારકોની સ્થિતિ ૨૫–સાગરોપમ છે. કેટલાક અસુરકુમારોની સ્થિતિ ૨૫–પલ્યોપમ છે.

સૌધર્મ–ઈશાન કલ્પે કેટલાક દેવોની ૨૫–પલ્યોપમ સ્થિતિ છે. મજ્ઝિમ હેટ્ઠિમ ગ્રૈવેયકે દેવોની જઘન્ય સ્થિતિ ૨૫–સાગરોપમ છે.

હેટ્ઠિમ ઉવરિમ ગ્રૈવેયકે ઉત્પન્ન દેવોની સ્થિતિ ઉત્કૃષ્ટથી ૨૫–સાગરોપમ છે. આ દેવો ૨૫–અર્ધમાસે આન–પ્રાણ, ઉચ્છ્વાસ–નિઃશ્વાસ લે છે. તેઓને ૨૫,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.

કેટલાક ભવસિદ્ધિક જીવો ૨૫ ભવ કરી યાવત્ દુઃખાંત કરશે.

**સમવાય–૨૫નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૨૬

**સૂત્ર- ૬૦**

દશા, કલ્પ, વ્યવહારના ૨૬ ઉદ્દેશનકાળ કહ્યા - દશાશ્રુતસ્કંધના દશ, બૃહત્કલ્પના છ, વ્યવહારના દશ.

અભવસિદ્ધિક જીવોને મોહનીયકર્મની ૨૬ કર્મપ્રકૃતિઓ સત્તામાં રહેલી છે. તે આ - મિથ્યાત્વ મોહનીય, ૧૬ કષાયો, ૩–વેદ, હાસ્ય, અરતિ, રતિ, ભય, શોક, દુગંછા. (અર્થાત્ ૧૬ કષાય, ૯ નોકષાય અને મિથ્યાત્વ).

આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકોની ૨૬–પલ્યોપમ સ્થિતિ છે. અધઃસપ્તમી પૃથ્વીમાં કેટલાક નારકોની ૨૬–સાગરોપમ સ્થિતિ છે. કેટલાક અસુરકુમારોની ૨૬–પલ્યોપમ સ્થિતિ છે.

સૌધર્મ–ઈશાન કલ્પે કેટલાક દેવોની સ્થિતિ ૨૬–પલ્યોપમ છે. મજ્ઝિમ હેટ્ઠિમ ગ્રૈવેયક વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા હોય તેમની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૬–સાગરોપમ છે. તે દેવો ૨૬–અર્ધમાસે આન–પ્રાણ, ઉચ્છ્વાસ–નિઃશ્વાસ લે છે. તે દેવોને ૨૬,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.

કેટલાક ભવસિદ્ધિક જીવો ૨૬ ભવ ગ્રહણ કરીને સિદ્ધ–બુદ્ધ–મુક્ત–પરિનિવૃત્ત–સર્વ દુઃખાંતકર થશે.

**સમવાય–૨૬નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૨૭

**સૂત્ર- ૬૧**

સાધુના ૨૭ ગુણો કહ્યા - ૧.પ્રાણાતિપાતથી વિરમવું, મૃષાવાદથી વિરમવું, અદત્તાદાનથી વિરમવું, મૈથુનથી વિરમવું, પરિગ્રહથી વિરમવું, ૬.શ્રોત્રેન્દ્રિય–ચક્ષુરિન્દ્રિય–ઘ્રાણેન્દ્રિય–જિહ્વેન્દ્રિય–સ્પર્શેન્દ્રિયો નિગ્રહ. ૧૧. ક્રોધ–માન–માયા–લોભનો ત્યાગ, ૧૫.ભાવ–કરણ–યોગ સત્ય, ૧૮.ક્ષમા, વિરાગતા, ૨૦.મન–વચન–કાયાની સમાહરણતા, ૨૩.જ્ઞાન–દર્શન–ચારિત્રસંપન્નતા, ૨૬.વેદના અને મારણાંતિક ઉપસર્ગોનું સહન કરવાપણું.

જંબૂદ્વીપમાં અભિજિત સિવાયના બીજા ૨૭–નક્ષત્રોથી વ્યવહાર ચાલે છે. એક એક નક્ષત્ર માસ રાત્રિ–દિવસની અપેક્ષાએ ૨૭–રાત્રિ દિવસે પૂર્ણ કરાય છે. સૌધર્મ–ઈશાનકલ્પે વિમાનની પૃથ્વી ૨૭–યોજન જાડી છે. વેદક સમકિતના બંધથી વિરત જીવને મોહનીયની ૨૭–ઉત્તરપ્રકૃતિઓ સત્તામાં રહેલ છે. શ્રાવણ સુદ સાતમે સૂર્ય ૨૭–અંગુલ પોરિસી છાયા નીપજાવી દિવસના ક્ષેત્રને હાનિ પમાડતો અને રાત્રિ ક્ષેત્રને વૃદ્ધિ પમાડતો ચાર ચરે છે.

આ રત્નપ્રભામાં કેટલાક નારકોની ૨૭–પલ્યોપમની સ્થિતિ છે. અધઃસપ્તમી પૃથ્વીમાં કેટલાક નારકોની ૨૭–સાગરોપમ સ્થિતિ છે. કેટલાક અસુરકુમારોની ૨૭–પલ્યોપમ સ્થિતિ છે.

સૌધર્મ–ઈશાનકલ્પે કેટલાક દેવોની ૨૭–પલ્યોપમ સ્થિતિ છે. મજ્ઝિમ ઉવરિમ ગ્રૈવેયકે દેવોની જઘન્ય સ્થિતિ ૨૭–સાગરોપમ છે.

જે દેવો મજ્ઝિમ મજ્ઝિમ ગ્રૈવેયકે દેવપણે ઉત્પન્ન થયા હોય, તે દેવોની ઉત્કૃષ્ટ ૨૭–સાગરોપમ સ્થિતિ છે.તે દેવો ૨૭–અર્ધમાસે આન–પ્રાણ, ઉચ્છ્વાસ–નિઃશ્વાસ લે છે. તે દેવોને ૨૭,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.

કેટલાક ભવસિદ્ધિક જીવો ૨૭ ભવ ગ્રહણ કરીને સિદ્ધ–બુદ્ધ–મુક્ત–પરિનિવૃત્ત–સર્વદુઃખાંતકર થશે.

**સમવાય–૨૭નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

# સમવાય–૨૮

સૂત્ર- ૬૨

આચાર–(જ્ઞાનાદિ વિષયક સાધુ આચાર) પ્રકલ્પ–(વ્યવસ્થા) ૨૮ ભેદે છે - માસિક આરોપણા, એક માસ અને પાંચ દિવસની આરોપણા, એક માસ દશ દિવસની આરોપણા, ૪૫–દિવસની આરોપણા, ૫૦ દિવસની આરોપણા, ૫૫–દિવસની આરોપણા, બે માસની આરોપણા, બે માસને પાંચ દિવસની આરોપણા, એ જ પ્રમાણે ત્રણ માસની આરોપણા. એ જ પ્રમાણે ચાર માસની આરોપણા, લઘુ પ્રાયશ્ચિત્ત આરોપણા, ગુરુ પ્રાયશ્ચિત્ત આરોપણા, પૂર્ણ આરોપણા, અપૂર્ણ આરોપણા. એટલો આચારપ્રકલ્પ છે.

કેટલાક ભવસિદ્ધિક જીવોને મોહનીય કર્મની ૨૮–પ્રકૃતિ સત્તામાં છે. તે આ - સમ્યક્ત્વ – મિથ્યાત્વ – સમ્યક્ મિથ્યાત્વ વેદનીય એ ત્રણ, કષાય ૧૬ અને નોકષાય ૯, એમ ૨૮.

આભિનિબોધિકજ્ઞાન–૨૮ ભેદે છે. તે આ- ૧.શ્રોત્રેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય, સ્પર્શેન્દ્રિય, નોઇન્દ્રિય એ છ અર્થાવગ્રહ. ૭.શ્રોત્રેન્દ્રિય – ઘ્રાણેન્દ્રિય – જિહ્વેન્દ્રિય – સ્પર્શેન્દ્રિય એ ચાર વ્યંજનાવગ્રહ. ૧૧.શ્રોત્રેન્દ્રિય – ચક્ષુરિન્દ્રિય – ઘ્રાણેન્દ્રિય – જિહ્વેન્દ્રિય – સ્પર્શેન્દ્રિય – નોઇન્દ્રિય એ છ ઇહા, ૧૭.શ્રોત્રેન્દ્રિય – ચક્ષુરિન્દ્રિય – ઘ્રાણેન્દ્રિય – જિહ્વેન્દ્રિય – સ્પર્શેન્દ્રિય – નોઇન્દ્રિય એ છ અવાય, ૨૩.શ્રોત્રેન્દ્રિય – ચક્ષુરિન્દ્રિય – ઘ્રાણેન્દ્રિય – જિહ્વાઇન્દ્રિય – સ્પર્શેન્દ્રિય – નોઇન્દ્રિય એ છ ધારણા. એ રીતે કુલ–૨૮.

ઈશાન કલ્પે ૨૮ લાખ વિમાનાવાસ છે.

દેવગતિને બાંધતો જીવ નામકર્મની ૨૮–ઉત્તરપ્રકૃતિ બાંધે છે. તે આ - ૧. દેવગતિ, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિય શરીર, તૈજસ શરીર, કાર્મણ શરીર, સમચતુરસ્ર સંસ્થાન, વૈક્રિયશરીર અંગોપાંગ, ૮. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, દેવાનુપૂર્વી, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્‌વાસ, ૧૭. પ્રશસ્તવિહાયોગતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેકશરીર, સ્થિર/અસ્થિર, શુભ/અશુભ, આદેય/અનાદેય, યશોકીર્તિ, નિર્માણ તથા સુભગ અને સુસ્વર.

નામકર્મ. આ પ્રમાણે નૈરયિક પણ ૨૮ પ્રકૃતિ બાંધે. પણ તફાવત એ કે - અપ્રશસ્ત વિહાયોગતિ, હુંડક સંસ્થાન, અસ્થિર, દુર્ભગ, અશુભ, દુઃસ્વર, અનાદેય, અપયશઃકીર્તિ નામ છે.

આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકોની સ્થિતિ ૨૮–પલ્યોપમ છે, અધઃસપ્તમી પૃથ્વીમાં કેટલાક નારકોની સ્થિતિ ૨૮–સાગરોપમ છે. કેટલાક અસુરકુમારોની ૨૮–પલ્યોપમ સ્થિતિ છે.

સૌધર્મ–ઈશાનકલ્પે કેટલાક દેવોની ૨૮–પલ્યોપમ સ્થિતિ છે. ઉવરિમ હેટ્ઠિમ ગ્રૈવેયકના દેવોની જઘન્ય સ્થિતિ ૨૮–સાગરોપમ છે. જે દેવો મજ્ઝિમ ઉવરિમ ગ્રૈવેયકે દેવપણે ઉત્પન્ન થયા હોય, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૮–સાગરોપમ છે. તે દેવો ૨૮–અર્ધમાસે આન–પ્રાણ, ઉચ્છ્‌વાસ–નિઃશ્વાસ લે છે. તેમને ૨૮,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.

કેટલાક ભવસિદ્ધિક જીવો ૨૮ ભવને ગ્રહણ કરીને સિદ્ધ–બુદ્ધ–મુક્ત–પરિનિવૃત્ત–સર્વ દુઃખાંતકર થશે.

**સમવાય–૨૮નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

# સમવાય–૨૯

સૂત્ર- ૬૩

પાપશ્રુત(પાપોનું ઉપાર્જન કરાવનાર શાસ્ત્રો) પ્રસંગ ૨૯ ભેદે કહ્યો છે - ભોમ(ભૂમિ વિકારનું ફળ), ઉત્પાદ(અકસ્માત લોહીનીવર્ષા), સ્વપ્ન (શુભાશુભ), અંતરીક્ષ(આકાશમાં ગ્રહયુદ્ધ,ગ્રહણ), અંગ(, સ્વર, વ્યંજન, લક્ષણ એ આઠ પ્રકારના શાસ્ત્ર છે.

ભૂમિ સંબંધી શાસ્ત્ર ત્રણ પ્રકારે – સૂત્ર, વૃત્તિ, વાર્તિક. એ રીતે પ્રત્યેકના ત્રણ–ત્રણ ભેદ થતા ૨૪ ભેદ થયા. ૨૫.વિકથાનુયોગ, વિદ્યાનુયોગ, મંત્રાનુયોગ, યોગાનુયોગ, અન્યતીર્થિકે પ્રવર્તાવેલ અનુયોગ ૨૯.

આષાઢ માસ રાત્રિદિનના પરિણામથી ૨૯–રાત્રિદિવસનો છે. ભાદ્રપદ માસ, કાર્તિક માસ, પોષ માસ, ફાગણ માસ, વૈશાખ માસ એ ચંદ્ર માસનો દિવસ મુહૂર્તાપેક્ષાએ સાધિક ૨૯–મુહૂર્ત કહ્યો છે.

પ્રશસ્તાધ્યવસાયવાળો સમ્યગ્દૃષ્ટિ ભવ્ય જીવ તીર્થંકર નામકર્મ સહિત ૨૯–ઉત્તર પ્રકૃતિઓને બાંધીને અવશ્ય વૈમાનિક દેવ થાય છે.

આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકોની ૨૯–પલ્યોપમ સ્થિતિ છે. અધઃસપ્તમી પૃથ્વીમાં કેટલાક નારકોની સ્થિતિ ૨૯–પલ્યોપમ છે.

કેટલાક અસુરકુમારોની ૨૯–પલ્યોપમ સ્થિતિ છે.

ઉવરિમ–મજ્ઝિમ ગ્રૈવેયકે દેવોની જઘન્ય સ્થિતિ ૨૯ સાગરોપમ છે.

જે દેવો ઉવરિમ–હેટ્ઠિમ ગ્રૈવેયકે વિમાનોમાં દેવપણે ઉત્પન્ન થાય, તેમની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૯ સાગરોપમ છે. તે દેવો ૨૯–અર્ધમાસે આન–પ્રાણ, ઉચ્છ્વાસ–નિઃશ્વાસ લે છે. તેઓને ૨૯,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.

કેટલાક ભવસિદ્ધિક જીવો ૨૯ ભવ ગ્રહણ કરીને સિદ્ધ–બુદ્ધ–મુક્ત–પરિનિવૃત્ત–સર્વ દુઃખાંતકર થશે.

સમવાય–૨૯નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ

## સમવાય-૩૦

સૂત્ર- ૬૪ થી ૯૯

૬૪. મોહનીયકર્મ બાંધવાના કારણભૂત ૩૦ સ્થાનો કહ્યા છે. તે આ પ્રમાણે -

૬૫. જળમાં પ્રવેશીને જે કોઈ મનુષ્ય, ત્રસ પ્રાણીને ડૂબાડીને મારે તે મહામોહનીય કર્મ બાંધે.

૬૬. તીવ્ર અશુભ અધ્યવસાયી જે કોઈને આર્દ્રચર્મથી તેના મસ્તકને અત્યંત દૃઢ બાંધે તે મહામોહનીય કર્મ બાંધે.

૬૭. જે કોઈ હાથ વડે ત્રસ જીવના મુખને ઢાંકી, જીવને રુંધીને અંદર શબ્દ કરતા એવા તેને મારે તે મહામોહનીય કર્મ બાંધે.

૬૮. જે કોઈ અગ્નિ સળગાવીને અર્થાત્ ઘણા આરંભ વડે ઘણા જનોને તેમાં રુંધીને ધૂમાડા વડે તેમને મારે, તે મહામોહનીય કર્મ બાંધે.

૬૯. સંક્લિષ્ટ ચિત્ત વડે(મારવાના કુવિચારથી) જીવને તેના મસ્તકમાં શસ્ત્રાદિ મારીને ફાડી નાખે મહામોહનીય કર્મ બાંધે.

૭૦. લોકને માયા વડે, ફળ વડે, દંડ વડે વારંવાર મારીને હસે(ઉપહાસ કરે), તે મહામોહનીય કર્મ બાંધે.

૭૧. જે ગૂઢાચારી, દુષ્ટાચારને ગોપવે, માયાથી માયાને ઢાંકે, અસત્ય બોલે અને સૂત્રોના યથાર્થ અર્થને) છૂપાવે, તે મહામોહનીય કર્મ બાંધે.

૭૨. પોતે દુષ્ટકર્મ કરીને, દુષ્ટકર્મ ન કરનારાનો ધ્વંસ કરે અથવા આ કર્મ 'તેં' કર્યું છે તેમ કહે, તે મહામોહનીય કર્મ બાંધે.

૭૩. કલહથી શાંત ન થયેલો, જાણવા છતા સભામાં સત્યમૃષા ભાષા બોલે તે મહામોહનીય કર્મ બાંધે.

૭૪. અનાયક રાજાનો મંત્રી(મંત્રીઓના વિશ્વાસે શાસન ચલાવનાર રાજાનો કુટિલ મંત્રી), રાજાની સ્ત્રીનો ધ્વંસ કરે(શીલખંડિત કરે), રાજાને અત્યંત ક્ષોભ પમાડે, તેને અત્યંત બાહ્ય કરે(રાજ્યભ્રષ્ટ કરે),

૭૫. પાસે આવેલ રાજાને પ્રતિકૂળ વચનોથી ઝંપિત કરીને(માર્મિક વચનોથી તિરસ્કાર કરીને) તેના કામભોગનું વિદારણ કરે, તે મહામોહનીય કર્મ બાંધે.

૭૬. કુમાર નહીં છતાં પોતાને કુમાર કહે, સ્ત્રી આસક્ત થઈ તેને વશ થાય, તે મહામોહનીય કર્મ બાંધે.

૭૭. અબ્રહ્મચારી છતાં જે કોઈ હું બ્રહ્મચારી છું એમ કહે, તે ગાયો મધ્યે ગધેડાની જેમ નાદને કરે છે.

૭૮. પોતાના આત્માનું અહિતકર્તા, સ્ત્રી વિષયમાં આસક્ત થઈને જે મૂર્ખ અતિ માયામૃષાને બોલે છે. તે મહામોહનીય કર્મ બાંધે.

૭૯. જે કોઈ યશકીર્તિ વડે કે સેવના વડે રાજાદીના આશ્રયને ધારણ કરીને તેના જ દ્રવ્યમાં લોભાય, તે મહામોહનીય કર્મ બાંધે.

૮૦- રાજા કે ગામલોકોએ જે કોઈ નિર્ધન, દિન, અનાથ હતો તેને ધનવાન કર્યો હોય, તે ધનરહિતને ઘણી લક્ષ્મી પ્રાપ્ત થઈ હોય.....

૮૧. પછી ઈર્ષ્યાના દોષથી અને પાપ વડે વ્યાપ્ત ચિત્તવાળો તેઓને તેના લાભમાં અંતરાય કરતા તે મહામોહનીય કર્મ બાંધે.

૮૨. જેમ સાપણ પોતાના બચ્ચાને ખાઈ જાય છે, તેમ જે પોતાનું ભરણપોષણ કરનાર, સેનાપતિ, મંત્રીને કે શાસનકર્તાને હણે છે, તે મહામોહનીય કર્મ બાંધે.

૮૩. જે રાજ્યના નાયક કે વેપારીજનના નેતા કે મોટા યશવાળા શ્રેષ્ઠીને હણે છે, તે મહામોહનીય કર્મ બાંધે.

૮૪. જે કોઈ ઘણા જનોના નેતા કે દ્વીપની જેમ પ્રાણીઓનું રક્ષણકર્તા એવા પુરુષને હણે છે, તે મહામોહનીય કર્મ બાંધે.

૮૫. પાપથી નિવૃત્ત થઇ દીક્ષા લેવાને ઉપસ્થિત, સંયમી, સુતપસ્વીને બળાત્કારે ચારિત્રધર્મથી ભ્રષ્ટ કરે, તે મહામોહનીય કર્મ બાંધે.

૮૬. જે કોઈ, અનંતજ્ઞાની, શ્રેષ્ઠ દર્શનવાળા જિનેશ્વરનો અવર્ણવાદ કરે તે અજ્ઞાની મહામોહનીય કર્મ બાંધે.

૮૭. જે કોઈ, અનેક ભવ્ય જીવોને ન્યાયમાર્ગ(મોક્ષમાર્ગ)થી ભ્રષ્ટ કરે છે અને ન્યાયમાર્ગને દ્વેષપૂર્વક નિંદે છે, તે મહામોહનીય કર્મ બાંધે.

૮૮. જે આચાર્ય કે ઉપાધ્યાયે શ્રુત, વિનય ગ્રહણ કરાવ્યા હોય, તેમની જ નિંદા કરનાર અજ્ઞાની મહામોહનીય કર્મ બાંધે છે.

૮૯. જે કોઈ ઉપકારી એવા આચાર્ય–ઉપાધ્યાયાદિનો વિનયાદિથી પ્રત્યુપકાર ન કરે, પૂજક ન થાય, અભિમાની થાય તે મહામોહનીય કર્મ બાંધે.

૯૦. અબહુશ્રુત એવો જે કોઈ શ્રુત વડે પોતાની શ્લાઘા કરે, સ્વાધ્યાયનો વાદ કરે(પોતાને શાસ્ત્રરહસ્યનો જાણકાર ગણાવે તે મહામોહનીય કર્મ બાંધે.

૯૧. તપસ્વી ન હોવા છતાં જે કોઈ તપ વડે પોતાની શ્લાઘા કરે, તે સર્વલોકમાં ઉત્કૃષ્ટ ચોર છે, આવી મિથ્યા આત્મશ્લાઘા કરનાર મહામોહનીય કર્મ બાંધે.

૯૨. જે અન્યની સેવા માટે સમર્થ હોવા છતાં પણ કહે કે– 'તેણે મારી સેવા કરી નથી અથવા ભલે તે મારી સેવા ન કરે !' એમ સમજી અસ્વસ્થ આચાર્યાદિ ગ્લાનની સેવા નથી કરતો

૯૩. તે શઠ, માયામાં નિપુણ, કલુષિત ચિત્ત, પોતાને અબોધિ–અહિત કરનાર મહામોહનીય કર્મ બાંધે.

૯૪. જે કોઈ, ચતુર્વિધ સંઘમાં ફૂટ પડાવવા કલહના અનેક પ્રસંગો ઉપસ્થિત કરે છે, મંત્રાદિ પ્રયોગ કરે છે, સર્વે તીર્થોનો ભેદ કરે છે, તે મહામોહનીય કર્મ બાંધે

૯૫. જે કોઈ અધાર્મિક યોગ–(પાપકારી પ્રવૃત્તિ)ને પોતાની પ્રશંસા માટે, સન્માન માટે, મિત્રવર્ગ માટે કે પ્રિયજનને ખુશ કરવા વારંવાર પ્રયોજે છે, તે મહામોહનીય કર્મ બાંધે.

૯૬. ભોગથી અતૃપ્ત એવો જે કોઈ માનુષિક કે પરભવિક ભોગોની અભિલાષા કરે તે મહામોહને કરે છે.

૯૭. દેવોની જે ઋદ્ધિ, કાંતિ, યશ, વર્ણ, બલ, વીર્ય છે, તેના પણ જે કોઈ અવર્ણવાદ કરે, તે અજ્ઞાની મહામોહનીય કર્મ બાંધે

૯૮. જે અજ્ઞાની વ્યક્તિ, પોતાનો આદર સત્કાર જિનેશ્વર પ્રભૂની જેમ થાય તેમ ઈચ્છે અને તે માટે દેવ, યક્ષ અને અસુરને ન જોવા છતાં હું તેઓને જોઉં છું એમ બોલે, તે મહામોહનીય કર્મ બાંધે છે. આ રીતે ૩૦ સ્થાનો કહ્યા.

૯૯. સ્થવિર મંડિતપુત્ર ૩૦ વર્ષ શ્રામણ્યપર્યાય પાળી સિદ્ધ થયા, બુદ્ધ થયા યાવત્ સર્વ દુઃખથી મુક્ત થયા.

એક અહોરાત્રિના કુલ મુહૂર્ત ૩૦ છે. તે આ પ્રમાણે - રૌદ્ર, શક્ત, મિત્ર, વાયુ, સુપ્રીત, અભિચંદ્ર, માહેન્દ્ર, પ્રલંબ, બ્રહ્મ, સત્ય, આનંદ, વિજય, વિશ્વસેન, પ્રાજાપત્ય, ઉપશમ, ઈશાન, તષ્ટ, ભાવિતાત્મા, વૈશ્રમણ, વરુણ, શતઋષભ, ગંધર્વ, અગ્નિવૈશ્યાયન, આતપ, આવર્ત, તષ્ટવાન, ભૂમહાન, ઋષભ, સર્વાર્થસિદ્ધ, રાક્ષસ.

અર્હત્ અર ૩૦ ધનુષ ઊંચા હતા. દેવેન્દ્ર દેવરાજ સહસ્રારને ત્રીશ હજાર સામાનિક દેવો છે. અર્હત્ પાર્શ્વ ૩૦ વર્ષ ગૃહવાસમાં રહીને ઘરથી નીકળીને પ્રવ્રજિત થયા. શ્રમણ ભગવંત મહાવીર ૩૦ વર્ષ ગૃહવાસમાં રહીને ઘરથી નીકળીને પ્રવ્રજિત થયા. રત્નપ્રભામાં ૩૦ લાખ નરકાવાસો છે.

આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકોની ૩૦ પલ્યોપમ સ્થિતિ છે. અધઃસપ્તમી પૃથ્વીમાં કેટલાક નારકોની ૩૦ સાગરોપમ સ્થિતિ છે. કેટલાક અસુરકુમારોની ૩૦ પલ્યોપમ સ્થિતિ છે. ઉવરિમ ઉવરિમ ગ્રૈવેયક દેવોની જઘન્ય સ્થિતિ ૩૦ સાગરોપમ છે.

જે દેવો ઉવરિમ મજ્ઝિમ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થાય તેમની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦–સાગરોપમ છે. તે દેવો ૩૦ અર્ધમાસે આન–પ્રાણ, ઉચ્છ્‌વાસ–નિઃશ્વાસ લે છે. તેઓને ૩૦,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.

કેટલાક ભવસિદ્ધિક જીવો ૩૦ ભવ ગ્રહણ કરીને સિદ્ધ–બુદ્ધ–મુક્ત–પરિનિવૃત્ત–સર્વ દુઃખાંતકર થશે.

**સમવાય–૩૦નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૩૧

**સૂત્ર- ૧૦૦**

સિદ્ધોના ૩૧ ગુણો કહ્યા - આભિનિબોધિકજ્ઞાનાવરણનો ક્ષય, શ્રુતજ્ઞાનાવરણનો ક્ષય, અવધિજ્ઞાનાવરણનો ક્ષય, મનઃપર્યવજ્ઞાનાવરણનો ક્ષય, કેવલજ્ઞાનાવરણનો ક્ષય, ચક્ષુર્દર્શનાવરણનો ક્ષય, અચક્ષુર્દર્શનાવરણનો ક્ષય, અવધિદર્શનાવરણનો ક્ષય, કેવલદર્શનાવરણનો ક્ષય, નિદ્રાનો ક્ષય, નિદ્રાનિદ્રાનો ક્ષય, પ્રચલાનો ક્ષય, પ્રચલા–પ્રચલાનો ક્ષય, થીણદ્ધીનિદ્રાનો ક્ષય, સાતાવેદનીયનો ક્ષય, અસાતાવેદનીયનો ક્ષય, દર્શનમોહનીયનો ક્ષય, ચારિત્ર મોહનીયનો ક્ષય, નૈરયિકાયુનો ક્ષય, તિર્યંચાયુનો ક્ષય, મનુષ્યાયુનો ક્ષય, દેવાયુનો ક્ષય, ઉચ્ચગોત્રનો ક્ષય, નીચ ગોત્રનો ક્ષય, શુભનામનો ક્ષય, અશુભનામનો ક્ષય, દાનાંતરાયનો ક્ષય, લાભાંતરાયનો ક્ષય, ભોગાંતરાયનો ક્ષય, ઉપભોગાંતરાયનો ક્ષય, વીર્યાંતરાયનો ક્ષય.

**સૂત્ર- ૧૦૧**

મેરુ પર્વત પૃથ્વીતલે કંઈક ન્યૂન ૩૧,૬૨૩ યોજન પરિક્ષેપથી છે. જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડલને પામીને ચાર ચરે છે, ત્યારે અહીં રહેલા મનુષ્યને ૩૧,૮૩૧ – ૩૦/૬૦ યોજન દૂરથી ચક્ષુના સ્પર્શને શીઘ્ર પામે છે. અભિવર્ધિત માસ સાધિક ૩૧ રાત્રિ દિવસનો છે. સૂર્યમાસ કંઈક વિશેષ ન્યૂન ૩૧ રાત્રિ દિવસનો છે.

આ રત્નપ્રભાના કેટલાક નારકોની સ્થિતિ ૩૧–પલ્યોપમ છે. અધઃસપ્તમી પૃથ્વીના કેટલાક નારકોની સ્થિતિ ૩૧ સાગરોપમ છે. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ ૩૧–પલ્યોપમ છે.

સૌધર્મ–ઈશાનકલ્પે કેટલાક દેવોની સ્થિતિ ૩૧–પલ્યોપમ છે. વિજય, વૈજયંત, જયંત, અપરાજિત વિમાને દેવોની જઘન્ય સ્થિતિ ૩૧–સાગરોપમની છે.

જે દેવો ઉવરિમઉવરિમ ગ્રૈવેયકવિમાને દેવપણે ઉત્પન્ન થયા હોય, તેઓની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૧–સાગરોપમ છે.તે દેવો ૩૧–અર્ધમાસે આન–પ્રાણ, ઉચ્છ્‌વાસ–નિઃશ્વાસ લે છે, તેઓને ૩૧,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.

કેટલાક ભવ્ય જીવો ૩૧ ભવ ગ્રહણ કરીને સિદ્ધ–બુદ્ધ–મુક્ત–પરિનિવૃત્ત–સર્વ દુઃખાંતકર થશે.

**સમવાય–૩૧નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

# સમવાય–૩૨

**સૂત્ર- ૧૦૨ થી ૧૦૮**

૧૦૨. બત્રીશ યોગ–(મન વચન કાયાની પ્રવૃત્તિ) સંગ્રહો કહ્યા છે. તે આ પ્રમાણે -

૧૦૩. ૧. આલોચના–પોતાના દોષનું કથન, ૨. નિરવલાપ–આચાર્યએ શિષ્યે લીધેલી આલોચના કોઈને ન કહેવી, ૩. આપત્તિમાં દૃઢધર્મતા હોવી, ૪. અનિશ્રિતોપધાન–બીજાની સહાય વિના તપ કરવો, ૫. શિક્ષા–સૂત્ર અર્થનું જ્ઞાન , ૬. નિષ્પ્રતિકર્મતા–શરીરની સારવાર ન કરવી.

૧૦૪. ૭. અજ્ઞાનતા–પોતાનો તપ જાહેર ન કરવો, ૮. અલોભતા–લોભ ન કરવો, ૯. તિતિક્ષા–પરિષહ આદિનો જય, ૧૦. આર્જવ–સરળતા, ૧૧. શુચિ–સત્ય અને સંયમ, ૧૨. સમ્યગ્દૃષ્ટિ–સમ્યગદર્શન શુદ્ધિ, ૧૩. સમાધિ–ચિત્ત સ્વસ્થતા, ૧૪. આચારોપગત–માયારહિત આચરણ, ૧૫. વિનયોપગત–માનરહિત આચરણ.

૧૦૫. ૧૬. ધૃતિમતિ–ધૈર્યવાળી મતિ, ૧૭. સંવેગ–મોક્ષની અભિલાષા, ૧૮. પ્રણિધિ–માયાશલ્ય ન રાખે, ૧૯. સુવિધિ–સદ અનુષ્ઠાન, ૨૦. સંવર–આવતા કર્મોને રોકવા, ૨૧. આત્મદોષોપસંહાર–પોતાના દોષોને રોકવા, ૨૨. સર્વકામ વિરક્તતા– સર્વે વિષયોથી વિમુખ.

૧૦૬. ૨૩. મૂલગુણ પ્રત્યાખ્યાન–અહિંસાદિ પાંચ દોષોનો ત્યાગ , ૨૪. ઉત્તરગુણ વિષયક પ્રત્યાખ્યાન, ૨૫. વ્યુત્સર્ગ–શરીર ઉપધિ આદિનો ત્યાગ, ૨૬. અપ્રમાદ–પ્રમાદનો ત્યાગ, ૨૭. લવાલવ–પ્રતિક્ષણ સામાચારી પાલનમાં સાવધાન , ૨૮. ધ્યાનયોગ–ધ્યાન વડે સંવરની વૃદ્ધિ કરે , ૨૯. મારણાંતિક–મારણાંતિક વેદનાને સહે.

૧૦૭. ૩૦. સંગપરિજ્ઞા–પરિગ્રહને જાણીને તેને ત્યાગે, ૩૧. પ્રાયશ્ચિત્ત કરવું, ૩૨. મરણના અંતને આરાધે.

૧૦૮. બત્રીશ દેવેન્દ્રો કહ્યા છે - ચમર, બલી, ધરણ, ભૂતાનંદ, વેણુદેવ, વેણુદાલી, હરિકાંત, હરિસ્સહ, અગ્નિશિખ, અગ્નિમાનવ, પૂર્ણ, વશિષ્ટ, જલકાંત, જલપ્રભ,અમિતગતિ, અમિતવાહન, વેલંબ, પ્રભંજન, ઘોષ, મહાઘોષ, ચંદ્ર, સૂર્ય, શક્ર, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મ, લાંતક, શુક્ર, સહસ્રાર, પ્રાણત, અચ્યુત.

અર્હત્ કુંથુને ૩૨૩૨ કેવલીઓ હતા. સૌધર્મકલ્પમાં ૩૨ લાખ વિમાનો છે. રેવતી નક્ષત્રના ૩૨ તારા છે. નાટ્ય ૩૨ ભેદે છે.

આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકોની ૩૨ પલ્યોપમ સ્થિતિ છે. અધઃસપ્તમી પૃથ્વીમાં કેટલાક નારકોની સ્થિતિ ૩૨–સાગરોપમ છે. કેટલાક અસુરકુમારોની સ્થિતિ ૩૨–પલ્યોપમ છે.

સૌધર્મ–ઈશાનકલ્પે કેટલાક દેવોની સ્થિતિ ૩૨–પલ્યોપમ છે. જે દેવો વિજય, વૈજયંત, જયંત, અપરાજિત વિમાને દેવપણે ઉત્પન્ન થાય, તેમાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૨–સાગરોપમ છે. તે દેવો ૩૨–અર્ધમાસે આન–પ્રાણ, ઉચ્છ્વાસ–નિઃશ્વાસ લે છે. તેઓને ૩૨,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.

કેટલાક ભવસિદ્ધિક જીવો ૩૨ ભવ ગ્રહણ કરીને સિદ્ધ–બુદ્ધ–મુક્ત–પરિનિવૃત્ત–સર્વ દુઃખાંતકર થશે.

**સમવાય–૩૨નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

# સમવાય-૩૩

સૂત્ર- ૧૦૯

૩૩-આશાતનાઓ કહી છે - (રાત્નીક અર્થાત્ જ્ઞાનાદિ ગુણોમાં જે અધિક હોય તે ગુરુજન). હવે ૩૩ આશાતનાઓ જણાવે છે- ૧. જે શિષ્ય રાત્નિકની નજીક ચાલે તેને આશાતના થાય છે. એ પ્રમાણે... જે શિષ્ય...

૨. રાત્નિકની આગળ ચાલે. ૩. રાત્નિકની પડખો પડખ ચાલે. ૪. રાત્નિકની અતિ પાસે ઉભો રહે.

૫. રાત્નિકની આગળ ઉભો રહે. ૬.રાત્નીકની અડોઅડ ઉભો રહે. ૭.રાત્નીક પાછળ સ્પર્શ થાય તેમ બેસે. ૮. રાત્નિકની આગળ બેસે. ૯.રાત્નિકની બાજુમાં બેસે. ૧૦.રાત્નિક સાથે વિચાર કે વિહારભૂમિમાં ગયા પછી રાત્નિકની પહેલા ઉપાશ્રયમાં આવે. અથવા ૧૧.પહેલા ગમનાગમન આલોચે. ૧૨.વિકાલે રાત્નિક બોલાવે ત્યારે જાગત્તો હોય તો પણ ઉત્તર ન આપે. ૧૩.કોઈ આવે ત્યારે રાત્નિકની પહેલા વાર્તાલાપ કરવા લાગે.

૧૪.રાત્નિકને બદલે કોઈ શિષ્ય પાસે ગૌચરી આલેવે કે ૧૫. ગૌચરી બતાવે. કે ૧૬. ગૌચરી આપે. ૧૭. જેને જે આહાર આપવો હોય તે આપે. ૧૮.સ્નિગ્ધાદિ આહાર જલ્દી જલ્દી વાપરી જાય. ૧૯.રાત્નિક બોલાવે તો મૌન રહે. કે ૨૦. સામે બોલે. કે ૨૧. દૂરથી ઉત્તર આપે. કે ૨૨.તુંકારે બોલાવે. ૨૩. પ્રતિવચનથી સામુ બોલે.

૨૪. રાત્નિક ધર્મકથા કરતા હોય ત્યારે અનુમોદના ન કરે. કે ૨૫. તેમની ભૂલો કાઢે. કે ૨૬.કથામાં વિક્ષેપ કરે. કે ૨૭. સભાને વિસર્જિત કરે. ૨૮. રાત્નિકે કહેલ કથા ફરીથી કહે. ૨૯. રાત્નિકની શય્યાદિને પગ લાગે તો માફી ન માંગે. ૩૦ શય્યાદિ પર બેસે. ૩૧. ઊંચા આસને બેસે. ૩૨. રાત્નિકની શય્યા પર ઉભો રહે.

રાત્નિક બોલાવે ત્યારે તે શિષ્ય જ્યાં પોતે હોય ત્યાંથી જ જવાબ આપે તે ૩૩ આશાતના કહી.

અસુરેન્દ્ર અસુરરાજ ચમરની ચમરચંચા રાજધાનીના એક એક દ્વારે ૩૩-૩૩ ભૌમનગર છે. મહાવિદેહ ક્ષેત્રનો વિષ્કંભ સાતિરેક ૩૩,૦૦૦ યોજન છે. જ્યારે સૂર્ય બાહ્યના પહેલાના ત્રીજા મંડળને પામીને ચાર ચરે ત્યારે અહીં રહેલા મનુષ્યોને કંઈક વિશેષ ન્યૂન ૩૩,૦૦૦ યોજન દૂરથી ચક્ષુને સ્પર્શને શીઘ્ર પામે છે. દેખાય છે..

આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકોની સ્થિતિ ૩૩-પલ્યોપમ છે. અધઃસપ્તમી પૃથ્વીમાં કાળ, મહાકાળ, રોરુચ, મહારોરુચ નરકાવાસના નૈરચિકોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩-સાગરોપમ છે. અપ્રતિષ્ઠાન નરકાવાસે નૈરચિકોની જઘન્ય-ઉત્કૃષ્ટ રહિતપણે ૩૩-સાગરોપમની સ્થિતિ છે. કેટલાક અસુરકુમારોની સ્થિતિ ૩૩-પલ્યોપમ છે.

સૌધર્મ-ઈશાન કલ્પે કેટલાક દેવોની સ્થિતિ ૩૩-પલ્યોપમ છે. વિજય, વૈજયંત, જયંત, અપરાજિત વિમાનોમાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩-સાગરોપમ છે.

જે દેવો સર્વાર્થસિદ્ધવિમાને દેવપણે ઉત્પન્ન થયા હોય, તેમની અજઘન્યોત્કૃષ્ટ ૩૩-સાગરોપમ સ્થિતિ છે.તે દેવો ૩૩-અર્ધમાસે આન-પ્રાણ, ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે. તે દેવોને ૩૩,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.

કેટલાક ભવસિદ્ધિક જીવો ૩૩-ભવ ગ્રહણ કરીને સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત-સર્વ દુઃખાંતકર થશે.

**સમવાય-૩૩નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૩૪

**સૂત્ર- ૧૧૦**

તીર્થંકરના ૩૪–અતિશયો કહ્યા છે. તે આ પ્રમાણે -

૧. કેશ, શ્મશ્રૂ, રોમ, નખમાં વૃદ્ધિ ન થાય. ૨. રોગ અને મળરહિત શરીરલતા.

૩. ગાયના દૂધ જેવા શ્વેત માંસ અને લોહી. ૪. પદ્મ, કમલ જેવા સુગંધી ઉચ્છ્‌વાસ–નિઃશ્વાસ,

૫. ચર્મ–ચક્ષુથી જોઈ ન શકાય તેવા આહાર–નિહાર. ૬. આકાશે રહેલું ધર્મચક્ર, ૭. આકાશે રહેલ છત્ર,

૮. આકાશે રહેલ શ્વેત ઉત્તમ ચામર, ૯. આકાશ જેવા સ્ફટિકમય સપાદપીઠ સિંહાસન,

૧૦. આકાશે રહેલ હજારો પતાકાથી સુશોભિત ઇન્દ્રધ્વજ આગળ ચાલે છે.

૧૧. જ્યાં જ્યાં અરહંત ભગવંત ઊભા રહે કે બેસે, ત્યાં ત્યાં યક્ષ દેવો પત્ર–પુષ્પ–પલ્લવથી વ્યાપ્ત, છત્ર–ધ્વજા–ઘંટા–પતાકાથી યુક્ત શ્રેષ્ઠ અશોકવૃક્ષને નિર્મિત કરે છે.

૧૨. કંઈક પાછળના ભાગે મસ્તક સ્થાને તેજમંડલ ભામંડલ. હોય છે, જે અંધકારમાં દશે દિશા પ્રકાશિત કરે.

૧૩. બહુસમ રમણીય ભૂમિભાગ. ૧૪. કાંટાઓ અધોમુખ થાય છે.

૧૫. વિપરીત ઋતુ પણ સુખ સ્પર્શવાળી થાય છે.

૧૬. શીતલ, સુખ સ્પર્શવાળો સુગંધી વાયુ ચોતરફ એક યોજન પ્રમાથ પૃથ્વીને સ્વચ્છ કરે છે.

૧૭. ઉચિત જળબિંદુની વૃષ્ટિ વડે મેઘ રજ અને રેણુરહિત કરે છે.

૧૮. જળજ, સ્થલજ, ભાસ્વર, નીચા ડીંટવાળા અને પંચવર્ણી પુષ્પો વડે ઢીંચણ પ્રમાણ પુષ્પોપચાર કરે છે.

૧૯. અમનોજ્ઞ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, ગંધનો અભાવ છે. ૨૦. મનોજ્ઞ શબ્દાદિ પાંચનો પ્રાદુર્ભાવ હોય.

૨૧. ધર્મોપદેશ સમયે હૃદયગમનીય અને યોજનનીહારી સ્વર. ૨૨. ભગવંત અર્ધમાગધી ભાષામાં ધર્મને કહે

૨૩. તે અર્ધમાગધી ભાષા બોલવામાં આવે ત્યારે તે સર્વ આર્ય, અનાર્ય, દ્વિપદ, ચતુષ્પદ, મૃગ, પશુ, પક્ષી, સરિસૃપાદિ પોતપોતાની હિત–શિવ–સુખદ ભાષામાં પરિણમે છે.

૨૪. પૂર્વબદ્ધ વૈરી એવા દેવ–અસુર, નાગ–સુવર્ણ, યક્ષ–રાક્ષસ, કિન્નર–કુપુરુષ, ગરુડ–ગંધર્વ મહોરગાદિ અરહંતના પાદમૂલે પ્રશાંત ચિત્ત મનથી ધર્મને સાંભળે છે.

૨૫. અન્યતીર્થિકના પ્રાવચની પણ વંદન કરે છે. ૨૬. અરહંતના પાદમૂલે આવેલા તેઓ નિરુત્તર થઈ જાય.

૨૭. જ્યાં જ્યાં અરહંત ભગવંત વિચરે ત્યાં ૨૫–યોજન સુધી ઉંદર આદિ ઉપદ્રવ ન હોય. ૨૮. મારી ન હોય, ૨૯. સ્વ–ચક્ર ભય ન હોય, ૩૦. પરચક્ર ભય ન હોય, ૩૧. અતિવૃષ્ટિ ન હોય, ૩૨. અનાવૃષ્ટિ ન હોય, ૩૩. દુર્ભિક્ષ ન હોય, ૩૪. પૂર્વોત્પન્ન ઉત્પાત અને વ્યાધિ તત્કાળ શાંત થાય.

જંબૂદ્વીપ દ્વીપમાં ૩૪–ચક્રવર્તી વિજય છે – મહાવિદેહમાં ૩૨, ભરતમાં–૧, ઐરવતમાં–૧.

જંબૂદ્વીપ દ્વીપમાં ૩૪–દીર્ઘવૈતાઢ્યો છે. જંબૂદ્વીપ દ્વીપમાં ઉત્કૃષ્ટથી ૩૪–તીર્થંકરો ઉત્પન્ન થાય છે.

અસુરેન્દ્ર અસુરરાજ ચમરના ૩૪ લાખ ભવનો છે.

પહેલી–પાંચમી–છટ્ઠી–સાતમી એ ચારે પૃથ્વીમાં કુલ ૩૪ લાખ નરકાવાસો છે.

**સમવાય–૩૪નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય-૩૫

**સૂત્ર- ૧૧૧**

સત્ય વચનના અતિશયો ૩૫-કહ્યા છે. અર્હત્ કુંથુ ૩૫-ધનુષ ઉર્ધ્વ ઊંચાઈ વડે હતા. દત્ત વાસુદેવ ૩૫ ધનુષ ઉર્ધ્વ ઊંચાઈ વડે હતા. નંદન બલદેવ ૩૫ ધનુષ ઉર્ધ્વ ઊંચાઈથી હતા.

સૌધર્મ દેવલોકે સુધર્મા નામની સભામાં માણવક ચૈત્યસ્તંભે નીચે અને ઉપર સાડાબાર-સાડાબાર યોજન વર્જીને મધ્ય ભાગના પાંત્રીશ યોજનમાં વજ્રમય ગોળ વર્તુલાકાર સમુદ્ગકમાં જિનેશ્વરની દાઢાઓ છે.

બીજી અને ચોથી નરકપૃથ્વીના કુલ ૩૫ લાખ નરકાવાસ છે.

**સમવાય-૩૫નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય-૩૬

**સૂત્ર- ૧૧૨**

ઉત્તરાધ્યયનના ૩૬-અધ્યયનો કહ્યા છે, તે આ - ૧. વિનયશ્રુત, ૨. પરીષહ, ૩. ચાતુરંગીય, ૪. અસંખય, ૫. અકામમરણીય, ૬. પુરુષવિદ્યા, ૭. ઔરભ્રિક, ૮. કાપીલિય, ૯. નમિપ્રવ્રજ્યા, ૧૦. દ્રુમપત્રક, ૧૧. બહુશ્રુતપૂજા, ૧૨. હરિકેશીય, ૧૩. ચિત્રસંભૂત, ૧૪. ઇષુકારીય, ૧૫. સભિક્ષુક, ૧૬. સમાધિસ્થાન, ૧૭. પાપશ્રમણીય, ૧૮. સંયતીય, ૧૯. મૃગચારિકા ૨૦. અનાથપ્રવ્રજ્યા, ૨૧. સમુદ્રપાલીય, ૨૨. રથનેમીય, ૨૩. ગૌતમકેશીય, ૨૪. સમિતીય, ૨૫. યજ્ઞીય, ૨૬. સામાચારી, ૨૭. ખલુંકીય, ૨૮. મોક્ષ-માર્ગગતિ, ૨૯. અપ્રમાદ, ૩૦. તપોમાર્ગ, ૩૧. ચરણવિધિ, ૩૨. પ્રમાદ સ્થાન, ૩૩. કર્મપ્રકૃતિ, ૩૪. લેશ્યા અધ્યયન, ૩૫. અનગાર માર્ગ, ૩૬. જીવાજીવ વિભક્તિ.

અસુરેન્દ્ર અસુરકુમાર રાજા ચમરની સુધર્માસભા ૩૬ યોજન ઊંચી છે. શ્રમણ ભગવંત મહાવીરને ૩૬,૦૦૦ સાધ્વીઓ હતા. ચૈત્ર અને આસો માસમાં એક દિવસ સૂર્ય ૩૬ અંગુલ પોરિસિછાયા કરે છે.

**સમવાય-૩૬નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ**

## સમવાય–૩૭

સૂત્ર- ૧૧૩

અરહંત કુંથુને ૩૭ ગણો અને ૩૭–ગણધરો હતા. હૈમવત, હૈરણ્યવત્‌ની જીવા ૩૭,૬૭૪ યોજન અને એક યોજનના ૧૬/૧૯ ભાગ કળા કંઈક વિશેષ ઓછી લંબાઈમાં કહી છે. સર્વ વિજય, વૈજયંત, જયંત, અપરાજિત નામની રાજધાનીઓના પ્રાકાર ઊંચાઈથી ૩૭–૩૭ યોજન ઊંચા છે. ક્ષુદ્રિકાવિમાનપ્રવિભક્તિના પહેલા વર્ગમાં ૩૭–ઉદ્દેશન કાળ છે. કાર્તિકવદી સાતમે સૂર્ય ૩૭–અંગુલની પોરિસી છાયા નીપજાવીને ચાર ચરે છે.

**સમવાય–૩૭ નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ**

## સમવાય–૩૮

સૂત્ર- ૧૧૪

પુરુષાદાનીય પાર્શ્વ અર્હત્‌ને ૩૮,૦૦૦ સાધ્વીરૂપ ઉત્કૃષ્ટ સાધ્વી સંપદા હતી. હૈમવત અને ઐરણ્યવત ક્ષેત્રની જીવાનું ધનપૃષ્ઠ ૩૮,૭૪૦ યોજન અને એક યોજનના ૧૦/૧૯ ભાગથી કંઈક વિશેષ ન્યૂન પરિક્ષેપથી છે.

મેરુ પર્વતરાજનો બીજો કાંડ ઊંચાઈથી ૩૮,૦૦૦ યોજન ઊંચો છે. ક્ષુલ્લિકા વિમાન પ્રવિભક્તિના બીજા વર્ગમાં ૩૮ ઉદ્દેશનકાળ છે.

**સમવાય–૩૮નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૩૯

સૂત્ર- ૧૧૫

અર્હત્‌ નમિને ૩૯૦૦ અવધિજ્ઞાનીઓ હતા. સમયક્ષેત્રમાં ૩૯ કુલપર્વતો કહ્યા છે – ૩૦ વર્ષધર, ૫ મેરુ, ૪–ઈષુકાર પર્વતો.

બીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી અને સાતમી આ પાંચ પૃથ્વીમાં ૩૯ લાખ નરકાવાસો છે. જ્ઞાનાવરણીય, મોહનીય, ગોત્ર અને આયુ આ ચાર મૂળકર્મની ઉત્તર પ્રકૃતિઓ–૩૯ કહી છે.

**સમવાય–૩૯નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૪૦

સૂત્ર- ૧૧૬

અરહંત અરિષ્ઠનેમિને ૪૦,૦૦૦ સાધ્વીઓ હતા. મેરુચૂલિકા ૪૦ યોજન ઊંચી છે. અરહંત શાંતિની ઊંચાઈ ૪૦ ધનુષ હતી. નાગરાજ નાગકુમાર ભૂતાનંદને ૪૦ લાખ ભવનાવાસો છે. ક્ષુલ્લિકા વિમાન પ્રવિભક્તિના ત્રીજા વર્ગમાં ૪૦–ઉદ્દેશનકાળ છે. ફાગણ–૧૫–સૂર્ય ૪૦–અંગુલ પ્રમાણ પોરિસીછાયા કરીને ચાર ચરે છે. એ પ્રમાણે કારતક પૂનમે પણ જાણવું. મહાશુક્ર કલ્પે ૪૦,૦૦૦ વિમાનાવાસ છે.

સમવાય–૪૦નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ

## સમવાય–૪૧

સૂત્ર- ૧૧૭

અર્હત્ નમિને ૪૧,૦૦૦ સાધ્વીઓ હતા. ચોથી પૃથ્વીમાં ૪૧–લાખ નરકાવાસો છે, તે આ - રત્નપ્રભા, પંકપ્રભા, તમા, તમતમા. મહલિયા વિમાનપ્રવિભક્તિના પહેલા વર્ગમાં ૪૧–ઉદ્દેશનકાળ છે.

સમવાય–૪૧નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ

## સમવાય–૪૨

સૂત્ર- ૧૧૮

શ્રમણ ભગવંત મહાવીર સાધિક ૪૨ વર્ષ શ્રામણ્ય પર્યાયને પાળીને સિદ્ધ થયા યાવત્ સર્વ દુઃખથી મુક્ત થયા. જંબૂદ્વીપ દ્વીપની પૂર્વ દિશાના અંતથી ગોસ્તૂભ આવાસ પર્વતની પશ્ચિમ દિશાના અંત સુધી ૪૨,૦૦૦ યોજનનું અબાધાથી આંતરુ છે. એ જ પ્રમાણે ચારે દિશામાં દકભાસ, શંખ, દકસીમ પર્વતનું પણ આંતરું જાણવું.

કાલોદ સમુદ્રે ૪૨ ચંદ્રો પ્રકાશ કરતા હતા, કરે છે અને કરશે. એ રીતે ૪૨–સૂર્યો તપતા હતા, તપે છે, તપશે. સંમૂર્ચ્છિમ ભૂજપરિસર્પની ઉત્કૃષ્ટ સ્થિતિ ૪૨,૦૦૦ વર્ષની કહી છે.

નામકર્મ ૪૨ પ્રકારે છે – ગતિ, જાતિ, શરીર, શરીરંગોપાંગ, શરીરબંધન, શરીરસંઘાત, સંઘયણ, સંસ્થાન, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, આનુપૂર્વી, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, વિહાયોગતિ, ત્રસ, સ્થાવર, સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત, અપર્યાપ્ત, સાધારણ શરીર, પ્રત્યેક શરીર, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, સુભગ, દુર્ભગ, સુસ્વર, દુઃસ્વર, આદેય, અનાદેય, યશઃકીર્તિ, અયશઃકીર્તિ, નિર્માણ અને તીર્થંકર નામકર્મ એમ ૪૨ નામ કર્મો જાણવા..

લવણસમુદ્રમાં ૪૨,૦૦૦ નાગદેવો અભ્યંતરવેળા ધારણ કરે છે. મહલિયા વિમાનપ્રવિભક્તિના બીજા વર્ગમાં ૪૨ ઉદ્દેશન કાળ છે. દરેક અવસર્પિણીમાં પાંચમો અને છટ્ઠો એ બે આરાનો કાળ ૪૨,૦૦૦ વર્ષ છે. દરેક ઉત્સર્પિણીમાં પહેલા–બીજા આરાનો કાળ એ જ છે.

સમવાય–૪૨નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ

## સમવાય–૪૩

**સૂત્ર- ૧૧૯**

કર્મવિપાકના ૪૩ અધ્યયનો છે. પહેલી, ચોથી, પાંચમી નરક પૃથ્વીમાં કુલ ૪૩ લાખ નરકાવાસો છે. જંબૂદ્વીપની પૂર્વેથી આરંભી ગોસ્તૂભ આવાસ પર્વતના પૂર્વ છેડા સુધી ૪૩,૦૦૦ યોજન અબાધાએ કરીને આંતરુ છે. એ પ્રમાણે ચારે દિશામાં દકભાસ, શંખ, દકસીમ પર્વતનું આંતરુ છે. મહલિયા વિમાનપ્રવિભક્તિના ત્રીજા વર્ગના ૪૩–ઉદ્દેશનકાળ કહ્યા છે.

**સમવાય–૪૩નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૪૪

**સૂત્ર- ૧૨૦**

દેવલોકથી ચ્યુત ઋષિએ કહેલ ૪૪ અધ્યયનો છે. અરહંત વિમલના ૪૪ પુરુષયુગ સુધી અનુક્રમે સિદ્ધ યાવત્ દુઃખમુક્ત થયા છે. નાગેન્દ્ર નાગરાજ ધરણના ૪૪ લાખ ભવનો છે. મહલિયા વિમાન પ્રવિભક્તિના ચોથા વર્ગમાં ૪૪–ઉદ્દેશનકાળ કહ્યા છે.

**સમવાય–૪૪નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૪૫

**સૂત્ર- ૧૨૧, ૧૨૨**

૧૨૧. સમય ક્ષેત્રનો આયામ–વિષ્કંભ ૪૫–લાખ યોજન છે. સીમંતક નરકનો આયામ–વિષ્કંભ ૪૫–લાખ યોજન છે. એમ ઉડુ વિમાને પણ કહેવું. ઇષત્પ્રાગ્ભારા પૃથ્વીમાં પણ એમજ છે. અરહંત ધર્મની ઉંચાઈ ૪૫–ધનુષ હતી. મેરુ પર્વતની ચારે દિશામાં ૪૫–૪૫ હજાર અબાધાએ આંતરું કહ્યું છે.

સર્વે દોઢ ક્ષેત્રવાળા નક્ષત્રો ૪૫–મુહૂર્ત ચંદ્ર સાથે યોગને પામતા હતા, પામે છ, પામશે, તે આ -

૧૨૨. ત્રણ ઉત્તરા, પુનર્વસુ, રોહિણી, વિશાખા આ છ નક્ષત્રો ૪૫–મુહૂર્ત સંયોગી છે.

૧૨૩. મહલિયા વિમાનપ્રવિભક્તિના પાંચમાં વર્ગમાં ૪૫–ઉદ્દેશનકાળ છે.

**સમવાય–૪૫નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૪૬

**સૂત્ર- ૧૨૪**

દૃષ્ટિવાદના ૪૬–માતૃકાપદ કહ્યા છે. બ્રાહ્મી લિપિના ૪૬–માતૃકાક્ષર છે. વાયુકુમારેન્દ્ર પ્રભંજનના ૪૬–લાખ ભવનો છે.

**સમવાય–૪૬નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૪૭

**સૂત્ર- ૧૨૫**

જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલને પામીને ચાર ચરે છે, ત્યારે અહીં રહેલ મનુષ્યને ૪૭,૨૬૩–૨૧/૬૦ યોજન દૂરથી સૂર્ય શીઘ્ર જોવામાં આવે છે. સ્થવિર અગ્નિભૂતિ ૪૭ વર્ષ ઘેર રહીને મુંડ થઈ, દીક્ષા લીધી.

**સમવાય–૪૭નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૪૮

**સૂત્ર- ૧૨૬**

પ્રત્યેક ચાતુરંત ચક્રવર્તીને ૪૮,૦૦૦ પટ્ટણો છે. અર્હત્ ધર્મનાથને ૪૮ ગણો અને ૪૮ ગણધરો હતા. સૂર્ય મંડલનો વિષ્કંભ એક યોજનના એકસઠીયા અડતાલીસ ભાગ ૪૮/૬૧. કહ્યો છે.

**સમવાય–૪૮નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૪૯

**સૂત્ર- ૧૨૭**

સાત સપ્તમિકા ભિક્ષુપ્રતિમાના ૪૯ રાત્રિદિવસ થાય. ૧૯૬ ભિક્ષા વડે યથાસૂત્ર યાવત્ આરાધિત થાય છે. દેવકુરુ–ઉત્તરકુરુના મનુષ્યો ૪૯ રાત્રિદિને યૌવન અવસ્થાને પામે છે. તેઈન્દ્રિયોની સ્થિતિ ઉત્કૃષ્ટથી ૪૯ રાત્રિદિન છે.

**સમવાય–૪૯નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૫૦

સૂત્ર- ૧૨૮

અર્હત્ મુનિસુવ્રતને ૫૦,૦૦૦ સાધ્વીઓ હતા. અર્હત્ અનંત ૫૦ ધનુષ ઊંચા હતા. વાસુદેવ પુરુષોત્તમ ૫૦ ધનુષ ઊંચા હતા. સર્વે દીર્ઘ વૈતાઢ્ય પર્વતો મૂળમાં ૫૦–૫૦ વિષ્કંભવાળા છે. લાંતક કલ્પે ૫૦,૦૦૦ વિમાનો છે. સર્વે તમિસ્રાગુફા અને ખંડપાતગુફા ૫૦–૫૦ યોજન લાંબી છે. સર્વે કાંચન પર્વતો શિખરતલે ૫૦–૫૦ યોજન વિષ્કંભવાળા છે.

**સમવાય–૫૦નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૫૧

સૂત્ર- ૧૨૯

નવ બ્રહ્મચર્ય અધ્યયનના ૫૧–ઉદ્દેશનકાળ છે. અસુરેન્દ્ર અસુરરાજ ચમરની સુધર્માસભા ૫૧૦૦ સ્તંભ ઉપર છે. એ રીતે બલીન્દ્રની પણ જાણવી. સુપ્રભ બળદેવ ૫૧ લાખ વર્ષનું કુલ આયુ પાળીને સિદ્ધ, બુદ્ધ યાવત્ સર્વ દુઃખથી મુક્ત થયા. દર્શનાવરણ અને નામ બે કર્મની ૫૧ ઉત્તર કર્મ પ્રકૃતિઓ કહી છે.

**સમવાય–૫૧નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૫૨

સૂત્ર- ૧૩૦

મોહનીયકર્મના–૫૨ નામો કહ્યા છે - ૧ થી ૧૦. ક્રોધ, કોપ, રોષ, દોષ, અક્ષમા, સંજ્વલન, કલહ, ચાંડિક્ય, ભંડણ, વિવાદ, ૧૧ થી ૨૧. માન, મદ, દર્પ, સ્તંભ, આત્મોત્કર્ષ, ગર્વ, પરપરિવાદ, આક્રોશ, અપકર્ષ, ઉન્નત, ઉન્નામ, ૨૨ થી ૩૮. માયા, ઉપધિ, નિકૃતિ, વલય, ગ્રહણ, ન્યવમ, કલ્ક, કુરુક, દંભ, કૂટ, જિમ્હ, કિલ્બિષ, અનાદરતા, ગૂહનતા, વંચનતા, પરિકુંચનતા, સાતિયોગ ૩૯ થી ૫૨. લોભ, ઈચ્છા, મૂર્છા, કાંક્ષા, ગૃદ્ધિ, તૃષ્ણા, ભિદ્યા, અભિદ્યા, કામાશા, ભોગાશા, જીવિતાશા, મરણાશા, નંદી, રાગ.

ગોસ્તૂભ આવાસ પર્વતની પૂર્વદિશાના અંતથી વડવામુખ મહાપાતાલ કલશના પશ્ચિમ દિશાના અંત સુધીમાં ૫૨,૦૦૦ યોજનનું અબાધાએ આંતરું કહ્યું છે. એ જ પ્રમાણે દકભાસ પર્વતના પૂર્વાંતથી કેતુક પાતાલકલશનું, શંખ પર્વતથી યૂપ પાતાલ કલશનું અને દકસીમ પર્વતથી ઈશ્વર પાતાળ કલશ જાણવા.

જ્ઞાનાવરણીય, નામ અને અંતરાય એ ત્રણે કર્મપ્રકૃતિની ઉત્તરપ્રકૃતિ–૫૨ છે. સૌધર્મ, સનત્કુમાર, માહેન્દ્ર એ ત્રણે દેવલોકના થઈને કુલ બાવન લાખ વિમાનાવાસ કહ્યા છે.

**સમવાય–૫૨નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૫૩

**સૂત્ર- ૧૩૧**

દેવકુરુ અને ઉત્તરકુરુની જીવાનો આયામ સાધિક ૫૩,૦૦૦ યોજન છે. મહાહિમવાન્ અને રુકમી વર્ષધર પર્વતની જીવાનો આયામ ૫૩૯૩૧–૬/૧૯ યોજન છે. શ્રમણ ભગવંત મહાવીરના ૫૩ સાધુઓ એક વર્ષના દીક્ષા પર્યાય વાળા થઈને મહતિ મહાલય પાંચ અનુત્તર વિમાનોમાં દેવપણે ઉત્પન્ન થયા. સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પની ઉત્કૃષ્ટ સ્થિતિ ૫૩,૦૦૦ વર્ષ છે.

સમવાય–૫૩નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ

## સમવાય–૫૪

**સૂત્ર- ૧૩૨**

ભરત, ઐરવત ક્ષેત્રમાં પ્રત્યેક ઉત્સર્પિણી–અવસર્પિણીમાં ૫૪–૫૪ ઉત્તમ પુરુષો ઉત્પન્ન થયા છે – થાય છે – થશે. તે આ - ૨૪ તીર્થંકરો, ૧૨–ચક્રવર્તીઓ, ૯–બળદેવ, ૯–વાસુદેવ. અર્હત્ અરિષ્ટનેમિ ૫૪–રાત્રિદિવસ છદ્મસ્થપર્યાય પાળીને જિન, કેવલી, સર્વજ્ઞ, સર્વભાવદર્શી થયા. શ્રમણ ભગવંત મહાવીરે એક દિવસે, એક આસને બેસીને ૫૪–વ્યાકરણોને કહ્યા. અર્હત્ અનંતને ૫૪–ગણધરો થયા.

સમવાય–૫૪નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ

## સમવાય–૫૫

**સૂત્ર- ૧૩૩**

અરહંત મલ્લિ ૫૫,૦૦૦ વર્ષનું પરમાયુ પાળીને સિદ્ધ, બુદ્ધ યાવત્ દુઃખમુક્ત થયા. મેરુ પર્વતના પશ્ચિમાંતથી વિજયદ્વારના પશ્ચિમાંત સુધીનું અબાધાએ અંતર ૫૫,૦૦૦ યોજન છે. એ પ્રમાણે જ બાકીની દિશામાં વૈજયંત, જયંત, અપરાજિતનું અંતર જાણવુ.

શ્રમણ ભગવંત મહાવીરે છેલ્લી રાત્રિએ ૫૫–અધ્યયન પુન્ય ફળના વિપાકવાળા અને ૫૫–અધ્યયન પાપફળના વિપાકવાળા પ્રરૂપીને સિદ્ધ, બુદ્ધ યાવત્ દુઃખમુક્ત થયા. પહેલી, બીજી પૃથ્વીમાં ૫૫–લાખ નરકાવાસ છે. દર્શનાવરણીય, નામ, આયુની ઉત્તરપ્રકૃતિ–૫૫ છે.

સમવાય–૫૫નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ

## સમવાય–૫૬

**સૂત્ર- ૧૩૪**

જંબૂદ્વીપમાં ૫૬–નક્ષત્રો ચંદ્ર સાથે યોગ પામ્યા હતા, પામે છે અને પામશે. અર્હત્ વિમલને ૫૬–ગણ, ૫૬–ગણધરો હતા.

સમવાય–૫૬નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ

## સમવાય–૫૭

**સૂત્ર- ૧૩૫**

આચાર–ચૂલિકાને વર્જીને ત્રણ ગણિપિટકના ૫૭–અધ્યયનો છે. તે આ - આચાર, સૂયગડ, ઠાણ. ગોસ્તૂભ આવાસ પર્વતના પૂર્વાંતથી આરંભી વડવામુખ મહાપાતાળકળશના બહુમધ્ય દેશભાગમાં ૫૭,૦૦૦ યોજન અબાધાએ અંતર છે. એ જ પ્રમાણે દકભાસથી કેતુક, શંખથી યૂપ, દકસીમથી ઈશ્વર પાતાળ કળશનું અંતર જાણવુ.

મલ્લિ અરહંતના ૫૭૦૦ સાધુઓ મનઃપર્યવજ્ઞાની હતા. મહાહિમવંત અને રુકમી વર્ષધર પર્વતોના જીવાના ધનપૃષ્ઠની પરિધિ ૫૭૨૯૩–૧૦/૧૯ પ્રમાણ કહેલી છે.

સમવાય–૫૭નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ

## સમવાય–૫૮

**સૂત્ર- ૧૩૬**

પહેલી, બીજી, પાંચમી એ ત્રણ પૃથ્વીમાં ૫૮–લાખ નરકાવાસો છે. જ્ઞાનાવરણીય, વેદનીય, આયુ, નામ, અંતરાય એ પાંચ કર્મોની ૫૮–ઉત્તરપ્રકૃતિઓ છે. ગોસ્તૂભ આવાસ પર્વતના પશ્ચિમાંતથી વડવામુખ મહાપાતાળ કળશના બહુમધ્ય ભાગ સુધી ૫૮,૦૦૦ યોજન અબાધાએ આંતરુ છે. આ પ્રમાણે ચારે દિશામાં જાણવું.

સમવાય–૫૮નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ

## સમવાય–૫૯

**સૂત્ર- ૧૩૭**

ચંદ્ર સંવત્સરની એક–ઋતુ ૫૯ રાત્રિદિવસની છે. અર્હત્ સંભવે ૫૯–લાખ પૂર્વ ગૃહવાસ મધ્યે રહીને મુંડ થઈ યાવત્ પ્રવ્રજ્યા લીધેલી. અર્હત્ મલ્લિને ૫૯૦૦ અવધિજ્ઞાની હતા.

સમવાય–૫૯નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ

## સમવાય-૬૦

સૂત્ર- ૧૩૮

પ્રત્યેક સૂર્ય ૬૦-૬૦ મુહૂર્તે કરીને એકૈક મંડલને નીપજાવે છે. લવણસમુદ્રના અગ્રોદકને ૬૦,૦૦૦ નાગકુમારો ધારણ કરે છે. અર્હત્ વિમલ ૬૦ ધનુષ ઊંચા હતા. વૈરોચનેન્દ્ર બલિને ૬૦,૦૦૦ સામાનિક દેવો છે. દેવેન્દ્ર દેવરાજ બ્રહ્મને ૬૦,૦૦૦ સામાનિક દેવો છે. સૌધર્મ, ઈશાન બે કલ્પમાં થઈને ૬૦ લાખ વિમાનો છે.

સમવાય-૬૦નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ

## સમવાય-૬૧

સૂત્ર- ૧૩૯

પાંચ સંવત્સરનો એક યુગ, તેને ઋતુમાસ વડે માન કરતા ૬૧-ઋતુમાસ કહ્યા. મેરુ પર્વતનો પહેલો કાંડ ૬૧,૦૦૦ યોજન ઊંચો છે. ચંદ્રમંડલ ૬૧ ભાગે વિભાગ કરતા સમાંશ કહ્યું. એ રીતે સૂર્ય પણ છે.

સમવાય-૬૧નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ

## સમવાય-૬૨

સૂત્ર- ૧૪૦

પાંચ સંવત્સરના એક યુગમાં ૬૨-પૂનમ અને ૬૨-અમાસ કહી. અરહંત વાસુપૂજ્યને ૬૨-ગણ, ૬૨-ગણધરો હતા. શુક્લ પક્ષમાં ચંદ્ર દિવસે દિવસે ૬૨-ભાગ વધે છે. તેટલો જ કૃષ્ણપક્ષમાં ઘટે છે. સૌધર્મ અને ઈશાન કલ્પે પહેલા પ્રસ્તટમાં. પહેલે આવલિકામાં એક એક દિશામાં ૬૨-૬૨ વિમાનો છે. સર્વે વિમાનના કુલ ૬૨-પ્રસ્તટો છે.

સમવાય-૬૨નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ

## સમવાય-૬૩

સૂત્ર- ૧૪૧

અર્હત્ ઋષભ કૌશલિક ૬૩ લાખ પૂર્વ મહારાજ્યમાં વસીને મુંડ થઈ, ઘેરથી નીકળી અનગાર-પ્રવ્રજિત થયા. હરિવર્ષ, રમ્યકવર્ષ ક્ષેત્રમાં મનુષ્યો ૬૩ રાત્રિદિને યૌવન વય પામે છે. નિષધ પર્વ તે ૬૩ સૂર્યમંડલ કહ્યા. એ પ્રમાણે જ નીલવંતે પણ જાણવા.

સમવાય-૬૩નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ

## સમવાય–૬૪

સૂત્ર- ૧૪૨

આઠ અષ્ટમિકા ભિક્ષુપ્રતિમા ૬૪–રાત્રિદિન અને ૨૮૮ દત્તિ વડે યથાસૂત્ર યાવત્ થાય છે. અસુરકુમારના ૬૪ લાખ ભવનો છે. ચમરેન્દ્રને ૬૪,૦૦૦ સામાનિક દેવો છે. દધિમુખ પર્વત પ્યાલાના આકારે રહેલ છે. તે સર્વત્ર વિષ્કંભ વડે સમાન અને ઊંચાઈ વડે ૬૪,૦૦૦ યોજન છે. સૌધર્મ, ઈશાન, બ્રહ્મલોક એ ત્રણ કલ્પના મળીને ૬૪ લાખ વિમાનો છે. સર્વે ચક્રવર્તીને ૬૪–સરો હાર હોય.

**સમવાય–૬૪નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૬૫

સૂત્ર- ૧૪૩

જંબૂદ્વીપમાં સૂર્યના ૬૫ મંડલો છે. સ્થવિર મૌર્યપુત્ર ૬૫ વર્ષ ગૃહવાસમાં રહી, મુંડ થઈ, ઘરથી નીકળી અણગાર પ્રવ્રજિત થયા. સૌધર્માવતંસક વિમાનની એક એક દિશામાં ૬૫–૬૫ ભૌમ છે.

**સમવાય–૬૫નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૬૬

સૂત્ર- ૧૪૪

દક્ષિણાર્ધ મનુષ્યક્ષેત્રમાં ૬૬ ચંદ્રો પ્રકાશતા હતા – છે – પ્રકાશશે. ૬૬–સૂર્યો તપ્યા હતા – છે – તપશે. ઉત્તરાર્ધ મનુષ્યક્ષેત્રમાં ૬૬–ચંદ્રો પ્રકાશતા હતા – છે – પ્રકાશશે. ૬૬–સૂર્યો તપ્યા હતા – છે – તપશે.

અર્હત્ શ્રેયાંસને ૬૬ ગણ, ૬૬ ગણધર હતા. આભિનિબોધિકજ્ઞાનની ઉત્કૃષ્ટસ્થિતિ ૬૬ સાગરોપમ કહી છે.

**સમવાય–૬૬નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૬૭

સૂત્ર- ૧૪૫

પાંચ સંવત્સરરૂપ એક યુગનું નક્ષત્ર માસથી માપ કરતા ૬૭ નક્ષત્ર માસ થાય છે. હૈમવત, હૈરણ્યવત બંને ક્ષેત્રની બાહા ૬૭૫૫–૧/૩ યોજન - ૬૭૫૫–૧/૩ યોજન લાંબી કહી છે. મેરુ પર્વતના પૂર્વાંતથી ગૌતમદ્વીપના પૂર્વાંત સુધી ૬૭,૦૦૦ યોજન અબાધાએ આંતરુ કહ્યું છે. સર્વે નક્ષત્રોની સીમાનો વિષ્કંભ ૬૭ વડે ભાગતા સમાનાંશ થાય છે. બીજા કોઈ અંક વડે નહીં..

**સમવાય–૬૭નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય-૬૮

**સૂત્ર- ૧૪૬**

ધાતકીખંડ દ્વીપમાં ૬૮ ચક્રવર્તી વિજયો છે અને ૬૮ રાજધાનીઓ છે. ત્યાં. ઉત્કૃષ્ટપણે ૬૮ તીર્થંકરો ઉત્પન્ન થયા-થાય છે - થશે. એ જ પ્રમાણે ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ માટે કહેવું. પુષ્કરવરાર્ધદ્વીપમાં પણ ૬૮ વિજય યાવત્ વાસુદેવ પર્યન્ત બધું કહેવું. અર્હત્ વિમલને ૬૮૦૦૦ સાધુઓની ઉત્કૃષ્ટ સાધુસંપદા હતી.

**સમવાય-૬૮નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય-૬૯

**સૂત્ર- ૧૪૭**

સમય ક્ષેત્રમાં મેરુ પર્વત સિવાય ૬૯ વર્ષ ક્ષેત્રો અને વર્ષધર પર્વતો કહ્યા, તે આ - ૩૫ ક્ષેત્રો, ૩૦ વર્ષધર પર્વતો, ૪-ઈષુકાર પર્વતો. મેરુના પૂર્વાંતથી ગૌતમદ્વીપના પશ્ચિમાંત સુધી ૬૯,૦૦૦ યોજનનું અબાધાએ આંતરું છે. મોહનીયને વર્જીને બાકીના સાત કર્મની ૬૯ ઉત્તરપ્રકૃત્તિઓ કહી છે.

**સમવાય-૬૯નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય-૭૦

**સૂત્ર- ૧૪૮**

શ્રમણ ભગવંત મહાવીરે વર્ષાઋતુના ૨૦ અહોરાત્ર સહિત એક માસ વ્યતીત થતાં અને ૭૦ અહોરાત્ર શેષ રહેતા વર્ષાવાસ નિવાસ કર્યો.

પુરુષાદાનીય અરિહંત પાર્શ્વ બહુ પ્રતિપૂર્ણ ૭૦ વર્ષ શ્રમણપર્યાય પાળીને સિદ્ધ, બુદ્ધ યાવત્ દુઃખમુક્ત થયા. અર્હત્ વાસુપૂજ્ય-૭૦ ધનુષ ઊંચા હતા. મોહનીય કર્મની સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમ છે. તેનો અબાધાએ કરીને રહિત કર્મસ્થિતિરૂપ કર્મનિષેક સમજવો.

દેવેન્દ્ર દેવરાજ માહેન્દ્રના ૭૦,૦૦૦ સામાનિક દેવો કહ્યા છે.

**સમવાય-૭૦નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય-૭૧

**સૂત્ર- ૧૪૯**

ચોથા ચંદ્ર સંવત્સરના હેમંતના ૭૧ રાત્રિદિવસ વ્યતીત થતા સૂર્ય સર્વ બાહ્ય મંડલથી આવૃત્તિ કરે છે. વીર્યપ્રવાદ પૂર્વમાં-૭૧-પ્રાભૃતો છે. અરહંત અજિત ૭૧ લાખ પૂર્વ ગૃહવાસ મધ્યે રહીને મુંડ થઈને યાવત્ પ્રવ્રજિત થયા. એ રીતે ચાતુરંગ ચક્રવર્તી સગર રાજા પણ ૭૧ લાખ પૂર્વ રાજ્ય ભોગવીને યાવત્ પ્રવ્રજિત થયા.

**સમવાય-૭૧નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૭૨

**સૂત્ર- ૧૫૦**

સુવર્ણકુમારના ૭૨ લાખ આવાસ છે.

લવણસમુદ્રની બહારની વેળાને ૭૨,૦૦૦ નાગકુમારો ધારણ કરે છે.

શ્રમણ ભગવંત મહાવીર ૭૨–વર્ષનું સર્વાયુ પાળીને સિદ્ધ, બુદ્ધ યાવત્ સર્વ દુઃખથી રહિત થયા. સ્થવિર અચલભ્રાતા ૭૧ વર્ષનું સર્વાયુ પાળીને સિદ્ધ યાવત્ દુઃખ મુક્ત થયા.

અભ્યંતર પુષ્કરાર્દ્ધમાં ૭૧ ચંદ્ર પ્રકાશતા હતા – છે – હશે. તથા ૭૨–સૂર્યો તપતા હતા – છે – હશે. પ્રત્યેક ચાતુરંત ચક્રવર્તી રાજાને ૭૨,૦૦૦ શ્રેષ્ઠ પુર–નગરો હોય છે.

૭૨ કળાઓ કહી છે, તે આ પ્રમાણે -

૧ થી ૯. લેખ, ગણિત, રૂપ, નૃત્ય, ગીત, વાદિંત્ર, સ્વરગત, પુષ્કર ગત, સમતાલ, ૧૦ થી ૧૮. દ્યુત, જનવાદ, સુરક્ષા, વિજ્ઞાન, અષ્ટાપદ, દગમટ્ટી, અન્નવિધિ, પાનવિધિ, વસ્ત્રવિધિ, શયનવિધિ. ૧૯ થી ૨૭. આર્યા, પ્રહેલિકા, માગધિકા, ગાથા, શ્લોક, ગંધયુક્ત, મધુસિક્થ, આભરણવિધિ, તરુણી–પ્રતિકર્મ, ૨૮ થી ૩૬. સ્ત્રી લક્ષણ, પુરુષ લક્ષણ, હય લક્ષણ, ગજ લક્ષણ, ગોણ લક્ષણ, કુર્કુટ લક્ષણ, મેંઢ લક્ષણ, ચક્ર લક્ષણ, છત્ર લક્ષણ.

૩૭ થી ૪૫. દંડ લક્ષણ, અસિ લક્ષણ, મણિ લક્ષણ, કાકિણી લક્ષણ, ચર્મ લક્ષણ, ચંદ્ર લક્ષણ, સૂર્યચરિત, રાહુ–ચરિત, ગ્રહચરિત, સદ્‌ભાવ, ૪૬ થી ૫૪. સૌભાગ્યકર, દૌર્ભાગ્યકર, વિદ્યાગત, મંત્રગત, રહસ્યગત, સદ્‌ભાવ ચાર, પ્રતિચાર, વ્યૂહ, ૫૫ થી ૬૩. પ્રતિવ્યૂહ, સ્કંધાવારમાન, નગરમાન, વસ્તુમાન, સ્કંધવારનિવેશ, વસ્તુનિવેશ, નગરનિવેશ, ઈષદર્થ, ત્સરુપ્રપાત, ૬૪ થી ૭૨. અશ્વ શિક્ષા, હસ્તીશિક્ષા, ધનુર્વેદ, હિરણ્ય–સુવર્ણ–મણિ–ધાતુપાક, બાહુ–દંડ–મુષ્ટિ–યષ્ટિ યુદ્ધ તથા યુદ્ધ–નિયુદ્ધ–યુદ્ધાતિયુદ્ધ, સૂત્ર–નાલિકા–વર્ત–ધર્મ–ચર્મખેડ, પત્ર–કટકછેદ, સજીવ–નિર્જીવ, શકુનરુત.

સંમૂર્ચ્છિમ ખેચર પંચેન્દ્રિયતિર્યંચની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૨,૦૦૦ વર્ષ છે.

**સમવાય–૭૨નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૭૩

**સૂત્ર- ૧૫૧**

હરિવર્ષ, રમ્યક્ વર્ષની જીવાઓ ૭૩૯૦૧–૧૭/૧૯ + ૧/૨ લાંબી છે. વિજય બળદેવ ૭૩,૦૦૦ વર્ષનું સર્વાયુ પાળી સિદ્ધ યાવત્ મુક્ત થયા.

**સમવાય–૭૩નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય-૭૪

**સૂત્ર- ૧૫૨**

સ્થવિર અગ્નિભૂતિ ગણધર ૭૪ વર્ષનુ સર્વાયુ પાળીને સિદ્ધ યાવત્ દુઃખમુક્ત થયા.

નિષધ વર્ષધર પર્વતે રહેલ તિગિચ્છિ મહાદ્રહથી સીતોદા મહાનદી નીકળી ૭૪૦૦ યોજન ઉત્તરાભિમુખ વહીને ચાર યોજન લાંબી અને ૫૦ યોજન પહોળી વજ્રરત્નમય જિહ્વા વડે વજ્ર રત્નના તળિયાવાળા કુંડમાં મોટા ઘડાના મુખથી ધારા નીકળે તેમ મોતીના હારના સંસ્થાન વડે રહેલા પ્રપાત વડે મોટા શબ્દ કરતી પડે છે. એ રીતે સીતા નદી પણ દક્ષિણાભિમુખી કહેવી.

ચોથીને વર્જીને બાકી છ નરકપૃથ્વીમાં કુલ ૭૪ લાખ નરકાવાસો કહ્યા છે.

**સમવાય-૭૪નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય-૭૫

**સૂત્ર- ૧૫૩**

અરિહંત સુવિધિ-પુષ્પદંતને ૭૫૦૦ સામાન્ય કેવલી હતા.

અરિહંત શીતલ ૭૫,૦૦૦ પૂર્વ ગૃહવાસ મધ્યે રહીને મુંડ યાવત્ પ્રવ્રજિત થયા.

અરિહંત શાંતિ ૭૫,૦૦૦ વર્ષ ગૃહવાસ મધ્યે રહીને પછી મુંડ થઈને ઘર છોડીને અણગાર પ્રવ્રજિત થયા.

**સમવાય-૭૫નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય-૭૬

**સૂત્ર- ૧૫૪,૧૫૫**

૧૫૪. વિદ્યુત્કુમારના ૭૬ લાખ આવાસો છે.

૧૫૫. એ રીતે દ્વીપ, દિશા, ઉદધિ, વિદ્યુત, સ્તનિત અને અગ્નિકુમારના ૭૬-૭૬ લાખ જાણવા.

**સમવાય-૭૬નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય-૭૭

**સૂત્ર- ૧૫૬**

ચાતુરંત ચક્રવર્તી રાજા ભરત ૭૭ લાખ પૂર્વ કુમારાવસ્થામાં રહી, પછી મહારાજાના અભિષેકને પામ્યા. અંગવંશ ના ૭૭ રાજા મુંડ થઈને યાવત્ પ્રવ્રજિત થયેલા. ગર્દતોય અને તુષિત દેવોને ૭૭,૦૦૦ દેવોનો પરિવાર છે. એક એક મુહૂર્ત ૭૭-લવ પ્રમાણ છે.

**સમવાય-૭૭નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૭૮

સૂત્ર- ૧૫૭

દેવેન્દ્ર દેવરાજ શક્રના વૈશ્રમણ મહારાજા, સુવર્ણકુમાર અને દ્વીપકુમારના ૭૮ લાખ આવાસોનું આધિપત્ય, પૌરોપત્ય, સ્વામીત્વ, ભતૃત્વ, મહારાજાપણુ, આજ્ઞાપ્રધાન સેનાપત્યને કરાવતો, પાળતો રહે છે.

અકંપિત સ્થવિર ૭૮ વર્ષનું સર્વાયુ પાળીને સિદ્ધ યાવત્ મુક્ત થયા.

ઉત્તરાયણથી પાછો ફરતો સૂર્ય પહેલા મંડળથી ૩૯માં મંડલમાં ૬૧/૭૮ ભાગ પ્રમાણ દિવસના ક્ષેત્રને હાનિ પમાડી, તેટલા જ પ્રમાણ રાશિક્ષેત્રને વૃદ્ધિ પમાડી ગતિ કરે છે. એ રીતે દક્ષિણાયનથી પાછો ફરેલ સૂર્ય પણ જાણવો.

**સમવાય–૭૮નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૭૯

સૂત્ર- ૧૫૮

વડવામુખ પાતાળકળશના ચરમાંતથી આ રત્નપ્રભાપૃથ્વીના નીચેના ચરમાંત સુધીમાં ૭૯,૦૦૦ અબાધાએ અંતર છે. એ જ પ્રમાણે કેતુ, યૂપ, ઈશ્વર પાતાળ કળશનું અંતર જાણવુ. છટ્ઠી પૃથ્વીના બહુમધ્ય દેશભાગથી છટ્ઠા ઘનોદધિના નીચેના ચરમાંત સુધીમાં ૭૯,૦૦૦ યોજન અબાધાએ અંતર છે.

જંબૂદ્વીપ નામક દ્વીપના દરેક દ્વારનું અબાધાએ અંતર કંઈક અધિક ૭૯,૦૦૦ યોજન છે.

**સમવાય–૭૯નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૮૦

સૂત્ર- ૧૫૯

અરિહંત શ્રેયાંસ ૮૦ ધનુષ ઊંચા હતા. ત્રિપૃષ્ઠ વાસુદેવ ૮૦–ધનુષ ઊંચા હતા. અચલ બળદેવ ૮૦ ધનુષ ઊંચા હતા. ત્રિપૃષ્ઠ વાસુદેવ ૮૦ લાખ વર્ષ મહારાજા રહ્યા. અપ્‌બહુલ કાંડ ૮૦,૦૦૦ યોજન બાહલ્યથી છે.

દેવેન્દ્ર દેવરાજ ઈશાનને ૮૦,૦૦૦ સામાનિક દેવો છે. જંબૂદ્વીપમાં ૧૮૦ યોજન જતા ઉત્તર દિશામાં ગયેલો સૂર્ય પ્રથમ ઉદયને કરે છે.

**સમવાય–૮૦નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૮૧

સૂત્ર- ૧૬૦

નવ નવમિકા ભિક્ષુપ્રતિમા ૮૧ રાત્રિદિને, ૪૦૫ ભિક્ષા વડે યથા સૂત્ર યાવત્ આરાધિતા થાય છે. અરિહંત કુંથુને ૮૧૦૦ મનઃપર્યવજ્ઞાની હતા. વિવાહપ્રજ્ઞપ્તિમાં ૮૧–મહાયુગ્મશત છે.

**સમવાય–૮૧નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય-૮૨

સૂત્ર- ૧૬૧

જંબૂદ્વીપ દ્વીપમાં ૧૮૨ મંડલ છે, જેમાં સૂર્ય બે વખત સંક્રમીને ગતિ કરે છે, તે આ રીતે - બહાર નીકળતો અને પ્રવેશ કરતો. શ્રમણ ભગવંત મહાવીર ૮૨ રાત્રિદિન વીત્યા ત્યારે એક ગર્ભથી બીજા ગર્ભમાં લઈ જવાયા.

મહાહિમવંત વર્ષધર પર્વતના ઉપરના ચરમાંતથી સૌગંધિક કાંડના નીચેના ચરમાંત સુધી ૮૨૦૦ યોજન અબાધાએ અંતર છે. એમ રુક્મિનું છે.

સમવાય-૮૨નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ

## સમવાય-૮૩

સૂત્ર- ૧૬૨

શ્રમણ ભગવંત મહાવીર ૮૨-રાત્રિદિન વીત્યા અને ૮૩મો રાત્રિદિન વર્તતો હતો ત્યારે એક ગર્ભથી બીજા ગર્ભમાં સંહરાયા. અરહંત શીતલને ૮૩-ગણ, ૮૩-ગણધરો હતા. સ્થવિર મંડલિ પુત્ર ૮૩ વર્ષનુ સર્વાયુ પાળી સિદ્ધ યાવત્ દુઃખ મુક્ત થયા. અરહંત ઋષભ કૌશલિક ૮૩-લાખ પૂર્વ ગૃહવાસમાં રહી, મુંડ થઈ યાવત્ પ્રવ્રજિત થયા. ચાતુરંત ચક્રવર્તી ભરત ૮૩-લાખ પૂર્વ ગૃહવાસમાં રહી, જિન-કેવલી-સર્વજ્ઞ-સર્વદર્શી થયા.

સમવાય-૮૩નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ

## સમવાય-૮૪

સૂત્ર- ૧૬૩

૮૪ લાખ નરકાવાસો છે. અરહંત ઋષભ કૌશલિક ૮૪-લાખ પૂર્વનું સર્વાયુ પાળીને સિદ્ધ, બુદ્ધ યાવત્ દુઃખ મુક્ત થયા. એ પ્રમાણે ભરત, બાહુબલી, બ્રાહ્મી, સુંદરીને જાણવા. અરહંત શ્રેયાંસ ૮૪ લાખ વર્ષનું સર્વાયુ પાળીને સિદ્ધ યાવત્ દુઃખ મુક્ત થયા. ત્રિપૃષ્ઠ વાસુદેવ ૮૪-લાખ વર્ષનું સર્વાયુ પાળીને અપ્રતિષ્ઠાન નરકે નૈરયિક થયા.

દેવેન્દ્ર દેવરાજ શક્રને ૮૪,૦૦૦ સામાનિક દેવો છે. સર્વે બાહ્ય મેરુ પર્વતો ૮૪-૮૪ હજાર યોજન ઊંચા છે. સર્વે અંજનગ પર્વતો ૮૪-૮૪ હજાર યોજન ઊંચા છે. હરિવર્ષ અને રમ્યક્ ક્ષેત્રની જીવાના ધનુઃપૃષ્ઠનો વિસ્તાર ૮૪૦૧૬/૧૯ યોજન પરિક્ષેપથી કહ્યો છે.

પંક બહુલ કાંડના ઉપરના ચરમાંતથી નીચેના ચરમાંત સુધી ૮૪ લાખ યોજન અબાધાએ આંતરું છે. વિવાહ-પ્રજ્ઞપ્તિ-ભગવતી સૂત્રના કુલ ૮૪,૦૦૦ પદો છે. ૮૪ લાખ નાગકુમાર આવાસો છે.

૮૪,૦૦૦ પ્રકીર્ણકો છે. ૮૪ લાખ જીવ યોનિ પ્રમુખ કહ્યા છે. પૂર્વથી આરંભીને શીર્ષપ્રહેલિકા પર્યન્ત સ્વસ્થાનથી સ્થાનાંતરોનો ૮૪ લાખે ગુણાકાર કહ્યો છે. અરહંત ઋષભને ૮૪,૦૦૦ શ્રમણો હતા. સર્વે મળીને વિમાન આવાસો ૮૪,૯૭,૦૨૩ છે તેમ કહ્યું છે.

સમવાય-૮૪નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ

## સમવાય–૮૫

સૂત્ર- ૧૬૪

ચૂલિકા સહિત પૂજ્ય 'આચાર' સૂત્રના ૮૫–ઉદ્દેશનકાલ કહ્યા છે.

ધાતકીખંડના બે મેરુ પર્વત ૮૫,૦૦૦ યોજન ઊંચા છે. રુચકનો માંડલિક પર્વત ૮૫,૦૦૦ યોજન ઊંચો છે.

નંદનવનના નીચેના ચરમાંતથી સૌગંધિક કાંડના નીચેના ચરમાંત સુધી ૮૫૦૦ યોજન અબાધા અંતર છે.

સમવાય–૮૫નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ

## સમવાય–૮૬

સૂત્ર- ૧૬૫

અરહંત સુવિધિ–પુષ્પદંતને ૮૬–ગણો અને ૮૬–ગણધરો હતા. અર્હત્ સુપાર્શ્વને ૮૬૦૦ વાદી હતા.

બીજી પૃથ્વીના બહુમધ્ય દેશભાગથી બીજા ઘનોદધિના નીચેના ચરમાંત સુધી ૮૬,૦૦૦ યોજન અંતર છે.

સમવાય–૮૬નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ

## સમવાય–૮૭

સૂત્ર- ૧૬૬

મેરુ પર્વતના પૂર્વ ચરમાંતથી ગોસ્તૂભ આવાસ પર્વતના પશ્ચિમ ચરમાંત સુધી ૮૭,૦૦૦ યોજન અબાધાએ અંતર છે. મેરુ પર્વતના દક્ષિણ ચરમાંતથી દકભાસ આવાસ પર્વતના ઉત્તર ચરમાંત સુધી ૮૭,૦૦૦ અબાધા અંતર છે. મેરુ પર્વતના પશ્ચિમ ચરમાંતથી શંખ આવાસના પૂર્વ છેડા સુધી અને મેરુના ઉત્તર ચરમાંતથી દકસીમ આવાસ પર્વતના દક્ષિણ ચરમાંત સુધી ૮૭,૦૦૦ યોજન અબાધાએ આંતરુ કહ્યું છે.

પહેલા અને છેલ્લા કર્મ સિવાયના બાકીના છ કર્મની ઉત્તર–પ્રકૃતિઓ ૮૭ કહી છે.

મહાહિમવંત કૂટના ઉપરિમ અંતથી સૌગંધિક કાંડની નીચેના ચરમાંત સુધી ૮૭૦૦ યોજનનું અબાધાએ અંતર કહ્યું છે. એ જ પ્રમાણે રુકમી કૂટનું પણ કહેવું.

સમવાય–૮૭નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ

## સમવાય–૮૮

**સૂત્ર- ૧૬૭**

એક એક ચંદ્ર–સૂર્યના ૮૮–૮૮ મહાગ્રહો રૂપ પરિવાર કહ્યો છે. દૃષ્ટિવાદના ૮૮ સૂત્રો છે, તે આ રીતે - ઋજુસૂત્ર, પરિણતાપરિણત, આદિ ૮૮ સૂત્રો નંદીસૂત્રમાં કહ્યા છે, તેમ કહેવા. મેરુ પર્વતના પૂર્વ ચરમાંતથી ગોસ્તૂભ આવાસ પર્વતના પૂર્વ ચરમાંત સુધી ૮૮,૦૦૦ યોજનનું અબાધાએ અંતર કહ્યું છે. એ પ્રમાણે ચારે દિશામાં જાણવુ.

સર્વાભ્યંતર મંડલરૂપ બાહ્ય ઉત્તરદિશાથી પહેલા છ માસ પ્રતિ આવતો સૂર્ય જ્યારે ૪૪માં મંડલે આવે ત્યારે મુહૂર્ત્તના ૮૮/૬૧ ભાગ જેટલી દિવસ ક્ષેત્રની હાનિ અને તેટલા રાત્રિ ક્ષેત્રની વૃદ્ધિથી ગતિ કરે છે. દક્ષિણ દિશાથી બીજા છ માસ તરફ આવતો સૂર્ય ૪૪માં મંડલે આવે ત્યારે મુહૂર્ત્તના ૮૮/૬૧ ભાગ રાત્રિની હાનિ, દિનની વૃદ્ધિ કરે.

**સમવાય–૮૮નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૮૯

**સૂત્ર- ૧૬૮**

અરહંત ઋષભ કૌશલિક આ અવસર્પિણીના 'સુષમદુષમ' નામક ત્રીજા આરાને અંતે ૮૯ અર્ધમાસ બાકી હતા ત્યારે કાળધર્મ પામ્યા યાવત્ સર્વ દુઃખથી રહિત થયા. શ્રમણ ભગવંત મહાવીર અવસર્પિણીના ચોથા દુષમસુષમ આરાને છેડે ૮૯ અર્ધમાસ બાકી હતા ત્યારે કાળધર્મ પામ્યા યાવત્ સર્વદુઃખ રહિત થયા. ચાતુરંત ચક્રવર્તી હરિષેણ ૮૯૦૦ વર્ષ સુધી મહારાજા હતા. અરહંત શાંતિને ૮૯,૦૦૦ સાધ્વીઓ રૂપ ઉત્કૃષ્ટ સંપદા હતી.

**સમવાય–૮૯નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૯૦

**સૂત્ર- ૧૬૯**

અરહંત શીતલ ૯૦–ધનુષ ઊંચા હતા. અરહંત અજિતને ૯૦ ગણ, ૯૦ ગણધર હતા. શાંતિનાથને પણ એમજ જાણવુ. સ્વયંભૂ વાસુદેવે ૯૦ વર્ષે વિજય કર્યો. સર્વે વૃત્તવૈતાઢ્ય પર્વતના ઉપરના શિખરતલથી સૌગંધિક કાંડના હેઠલા ચરમાંત સુધી ૯૦૦૦ યોજન અંતર છે.

**સમવાય–૯૦નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૯૧

**સૂત્ર- ૧૭૦**

પર(પોતાના સિવાયની) વૈયાવચ્ચ કર્મપ્રતિમા ૯૧ કહી છે. કાલોદ સમુદ્રની પરિધિ કંઈક અધિક ૯૧–લાખ યોજન છે. અર્હત્ કુંથુને ૯૧૦૦ અવધિજ્ઞાનીની સંપદા હતી. આયુ, ગોત્ર સિવાયના છ કર્મની ૯૧ ઉત્તરપ્રકૃતિ છે.

**સમવાય–૯૧નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૯૨

સૂત્ર- ૧૭૧

પ્રતિમાઓ ૯૨ છે. સ્થવિર ઇન્દ્રભૂતિ ૯૨ વર્ષનુ સર્વાયુ પાળીને સિદ્ધ, બુદ્ધ થયા. મેરુ પર્વતના બહુમધ્ય દેશભાગ થી ગોસ્તૂભ આવાસ પર્વતના પશ્ચિમાંત સુધી ૯૨,૦૦૦ યોજન અબાધાએ આંતરું છે. એ જ પ્રમાણે ચારે આવાસ પર્વતનું જાણવુ.

સમવાય–૯૨નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ

## સમવાય–૯૩

સૂત્ર- ૧૭૨

અરહંત ચંદ્રપ્રભને ૯૩ ગણ, ૯૩ ગણધર હતા. અરહંત શાંતિને ૯૩૦૦ ચૌદપૂર્વી હતા. ૯૩માં મંડલમાં રહેલ સૂર્ય આભ્યંતર મંડળ તરફ જતો કે નીકળતો સમાન અહોરાત્રને વિષમ કરે છે.

સમવાય–૯૩નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ

## સમવાય–૯૪

સૂત્ર- ૧૭૩

નિષધ અને નીલવંત પર્વતની જીવા ૯૪૧૫૬–૨/૧૯ યોજન લાંબી છે. અરહંત અજિતને ૯૪૦૦ અવધિજ્ઞાની હતા.

સમવાય–૯૪નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ

## સમવાય–૯૫

સૂત્ર- ૧૭૪

અરહંત સુપાર્શ્વને ૯૫ ગણ, ૯૫ ગણધરો હતા. જંબૂદ્વીપ દ્વીપના ચરમાંતથી ચારે દિશામાં લવણસમુદ્રમાં પંચાણુ –પંચાણુ હજાર યોજન જતા ચાર મહાપાતાળ કળશો કહ્યા છે. તે આ - વડવામુખ, કેતુ, યૂપ, ઈશ્વર. લવણસમુદ્રની બંને બાજુએ ૯૫–૯૫ પ્રદેશો ઊંડાઈ અને ઊંચાઈની હાનિ વડે કહ્યા છે.

અરહંત કુંથુ ૯૫,૦૦૦ વર્ષ સર્વ આયુ પાળીને સિદ્ધ, બુદ્ધ યાવત્ સર્વ દુઃખથી રહિત થયા. સ્થવિર મૌર્યપુત્ર ૯૫ વર્ષનું સર્વાયુ પાળીને સિદ્ધ, બુદ્ધ યાવત્ સર્વ દુઃખથી રહિત થયા.

સમવાય–૯૫નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ

## સમવાય–૯૬

**સૂત્ર- ૧૭૫**

પ્રત્યેક ચાતુરંત ચક્રવર્તી ને ૯૬–૯૬ કરોડ ગામ હોય છે. વાયુકુમાર દેવના ૯૬ લાખ ભવનાવાસ કહ્યા છે.

વ્યવહારિક દંડ ૯૬ આંગળ લાંબો અંગુલ પ્રમાણથી હોય. એ પ્રમાણે ધનુષ, નાલિકા, યુગ, અક્ષ, મુશલ પણ જાણવા. આભ્યંતરમંડલમાં સૂર્ય ૯૬–અંગુલની છાયા વડે કહેલા છે.

**સમવાય–૯૬નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૯૭

**સૂત્ર- ૧૭૬**

મેરુ પર્વતના પશ્ચિમ ચરમાંતથી ગોસ્તૂભઆવાસ પર્વતના પશ્ચિમ ચરમાંત સુધી ૯૭,૦૦૦ યોજન અબાધાએ અંતર છે. એમ ચારે દિશામાં કહેવું.

આઠે કર્મપ્રકૃતિની ૯૭ ઉત્તરપ્રકૃતિઓ છે. ચાતુરંત ચક્રવર્તી હરિષેણ રાજા કંઈક ન્યૂન ૯૭૦૦ વર્ષ ગૃહવાસમાં રહી, મુંડ થઈને યાવત્ પ્રવ્રજિત થયા.

**સમવાય–૯૭નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૯૮

**સૂત્ર- ૧૭૭**

નંદનવનના ઉપરના ચરમાંતથી પાંડુકવનના નીચેના છેડા સુધી ૯૮,૦૦૦ યોજન અબાધાએ આંતરું કહ્યું છે. મેરુ પર્વતના પશ્ચિમાંતથી ગોસ્તુભ આવાસ પર્વતના પૂર્વ ચરમાંત સુધી ૯૮,૦૦૦ યોજન અબાધાએ અંતર છે. એ જ પ્રમાણે ચારે દિશામાં જાણવું.

દક્ષિણ ભરતાર્ધનું ધનુપૃષ્ઠ કંઈક ન્યૂન ૯૮૦૦ યોજન લંબાઈથી કહ્યું છે.

ઉત્તર દિશામાં પહેલા છ માસ સુધી ચાલતો સૂર્ય ૪૯–મા મંડલમાં રહ્યો હોય ત્યારે એક મુહૂર્ત્તના ૯૮/૬૧ ભાગ દિવસની હાનિ અને રાત્રિની વૃદ્ધિ કરીને સૂર્ય ગતિ કરે છે. દક્ષિણ દિશામાં બીજા છ માસ સુધી ચાલતો સૂર્ય ૪૯મા મંડલમાં રહીને એક મુહૂર્ત્તના ૯૮/૬૧ ભાગ રાત્રિની હાનિ અને દિવસની વૃદ્ધિ કરીને સૂર્ય ગતિ કરે છે.

રેવતીથી આરંભીને જ્યેષ્ઠા સુધીના ૧૯–નક્ષત્રો મળીને તારાના પ્રમાણ વડે ૯૮–તારાઓ કહ્યા છે.

**સમવાય–૯૮નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૯૯

સૂત્ર- ૧૭૮

મેરુ પર્વત ૯૯,૦૦૦ યોજન ઊંચો છે. નંદનવનના પૂર્વ ચરમાંતથી પશ્ચિમ ચરમાંત સુધી ૯૯૦૦ યોજન અબાધાએ આંતરું છે. એ જ પ્રમાણે દક્ષિણ ચરમાંતથી ઉત્તરના ચરમાંતનું અંતર કહેવું.

ઉત્તરનું પ્રથમ સૂર્યમંડલ આયામ–વિષ્કંભથી સાતિરેક ૯૯,૦૦૦ યોજન છે. બીજું સૂર્યમંડલ આયામ–વિષ્કંભથી સાધિક ૯૯,૦૦૦ યોજન છે. ત્રીજું સૂર્યમંડલ આયામ–વિષ્કંભથી ૯૯,૦૦૦ યોજન છે.

આ રત્નપ્રભા પૃથ્વીના અંજન–કાંડના નીચેના ચરમાંતથી વાણવ્યંતરના ભૂમિગૃહના ઉપરના છેડા સુધી ૯૯૦૦ યોજનનું અબાધાએ આંતરું કહેલું છે.

**સમવાય–૯૯નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ**

## સમવાય–૧૦૦

સૂત્ર- ૧૭૯

દશ દશમિકા ભિક્ષુપ્રતિમા ૧૦૦ રાત્રિદિવસે. ૫૫૦ ભિક્ષા વડે સૂત્રમાં કહ્યા મુજબ યાવત્ આરાધેલી થાય.

શતભિષક નક્ષત્રને ૧૦૦ તારાઓ કહેલ છે.

અરહંત સુવિધિ–પુષ્પદંત ૧૦૦ ધનુષ ઊંચા હતા. પુરુષાદાનીય અરહંત પાર્શ્વ ૧૦૦ વર્ષનુ સર્વાયુ પાળીને સિદ્ધ થયા યાવત્ સર્વદુઃખ રહિત થયા. એ રીતે સ્થવિર આર્ય સુધર્મા પણ જાણવા.

સર્વે દીર્ઘવૈતાઢ્ય પર્વતો ૧૦૦–૧૦૦ ગાઉ ઊંચા છે. સર્વે ચુલ્લ હિમવંત અને શિખરી વર્ષધર પર્વતો ૧૦૦–૧૦૦ યોજન ઊંચા અને ૧૦૦–૧૦૦ ગાઉ ભૂમિમાં છે. સર્વે કાંચનગિરિ ૧૦૦–૧૦૦ યોજન ઊંચા અને ૧૦૦–૧૦૦ ગાઉ ભૂમિમાં છે. તે પ્રત્યેક ૧૦૦–૧૦૦ યોજન મૂલમાં વિષ્કંભવાળા છે.

**સમવાય–૧૦૦નો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ**

# પ્રકીર્ણક સમવાય

સૂત્ર- ૧૮૦

અરહંત ચંદ્રપ્રભ ૧૫૦–ધનુષ ઊંચા હતા.

આરણકલ્પે ૧૫૦ વિમાનાવાસ છે. એ પ્રમાણે અચ્યુતમાં પણ જાણવુ.

સૂત્ર- ૧૮૧

અરહંત સુપાર્શ્વ ૨૦૦ ધનુષ ઊંચા હતા. સર્વે મહાહિમવંત અને રૂપી વર્ષધર પર્વતો ૨૦૦–૨૦૦ યોજન ઊંચા અને ૨૦૦–૨૦૦ ગાઉ ભૂમિમાં છે. જંબૂદ્વીપમાં ૨૦૦ કંચનગિરિઓ છે.

સૂત્ર- ૧૮૨

પદ્મપ્રભ અરહંત ૨૫૦ ધનુષ ઊંચા હતા. અસુરકુમાર દેવોના પ્રાસાદ અવતંસક ૨૫૦ યોજન ઊંચા છે.

સૂત્ર- ૧૮૩

અરહંત સુમતિ ૩૦૦ ધનુષ ઊંચા હતા. અરહંત અરિષ્ટનેમિ ૩૦૦ વર્ષ કુમારવાસ મધ્યે રહીને મુંડ યાવત્ પ્રવ્રજિત થયા. વૈમાનિક દેવોના વિમાનના પ્રાકાર ૩૦૦–૩૦૦ યોજન ઊંચા છે.

શ્રમણ ભગવંત મહાવીરને ૩૦૦ ચૌદપૂર્વી હતા. ૫૦૦ ધનુષ પ્રમાણવાળા ચરમશરીરી સિદ્ધિમાં ગયેલાની જીવપ્રદેશની અવગાહના સાતિરેક ૩૦૦ ધનુષ કહી છે.

સૂત્ર- ૧૮૪

પુરુષાદાનીય અરહંત પાર્શ્વને ૩૫૦ ચૌદપૂર્વીની સંપદા હતી. અરહંત અભિનંદન ૩૫૦ ધનુષ ઊંચા હતા.

સૂત્ર- ૧૮૫

સંભવ અરહંત ૪૦૦ ધનુષ ઊંચા હતા. સર્વે નિષધ અને નીલવંત વર્ષધર પર્વતો ૪૦૦–૪૦૦ યોજન ઊંચા અને ૪૦૦–૪૦૦ ગાઉ ભૂમિમાં છે. સર્વે વક્ષસ્કાર પર્વતો નિષધ–નીલવંત વર્ષધર પર્વતો પાસે ૪૦૦–૪૦૦ યોજન ઊંચા અને ૪૦૦–૪૦૦ ગાઉ ભૂમિમાં છે.

આનત અને પ્રાણત કલ્પે ૪૦૦ વિમાનો છે. શ્રમણ ભગવંત મહાવીરને દેવ–મનુષ્ય–અસુર સહ લોકમાં અપરાજિત ૪૦૦ વાદી હતા.

સૂત્ર- ૧૮૬

અરહંત અજિત ૪૫૦ ધનુષ ઊંચા હતા. ચાતુરંત ચક્રવર્તી રાજા સગર ૪૫૦ ધનુષ ઊંચા હતા.

સૂત્ર- ૧૮૭

સર્વે વક્ષસ્કાર પર્વતો સીતા–સીતોદા નદી પાસે તથા ગજદંતા. મેરુ પર્વતની પાસે ૫૦૦–૫૦૦ યોજન ઊંચા અને ૫૦૦–૫૦૦ ગાઉ ભૂમિમાં છે. સર્વે વર્ષધરકૂટો ૫૦૦–૫૦૦ યોજન ઊંચા, ૫૦૦–૫૦૦ યોજન મૂળમાં વિષ્કંભ વાળા છે. કૌશલિક ઋષભ અરહંત ૫૦૦ ધનુષ ઊંચા હતા. ચાતુરંત ચક્રવર્તી ભરત ૫૦૦ ધનુષ ઊંચા હતા.

સૌમનસ, ગંધમાદન, વિદ્યુત્પ્રભ અને માલ્યવંત વક્ષસ્કાર પર્વતો મેરુ પર્વતની પાસે ૫૦૦–૫૦૦ યોજન ઊંચા અને ૫૦૦–૫૦૦ ગાઉ ભૂમિમાં છે. સર્વે વક્ષસ્કાર પર્વત કૂટો, હરિ અને હરિસ્સહ બે કૂટને વર્જીને ૫૦૦–૫૦૦ યોજન ઊંચા અને મૂળમાં ૫૦૦–૫૦૦ યોજન આયામ–વિષ્કંભવાળા છે. બલકૂટને વર્જીને નંદનવનના બાકીના કૂટો ૫૦૦–૫૦૦ યોજન ઊંચા અને મૂલમાં ૫૦૦–૫૦૦ યોજન આયામ–વિષ્કંભથી છે.

સૌધર્મ–ઈશાનકલ્પમાં વિમાનો ૫૦૦ યોજન ઊંચા છે.

સૂત્ર- ૧૮૮

સનત્કુમાર અને માહેન્દ્રકલ્પમાં વિમાન ૬૦૦ યોજન ઊંચા છે. લઘુ હિમવંતના કૂટના ઉપરના ચરમાંતથી

લઘુ હિમવંત વર્ષધર પર્વતના સમભૂમિતલ સુધી ૬૦૦ યોજનનું અબાધાએ આંતરુ છે. એ જ પ્રમાણે શિખરીકૂટનું પણ કહેવું. પાર્શ્વ અરહંતને દેવ, મનુષ્ય, અસુર લોકમાં વાદમાં અપરાજિત ૬૦૦ વાદીઓની ઉત્કૃષ્ટ સંપદા હતી.

અભિચંદ્ર કુલકર ૬૦૦ ધનુષ ઊંચા હતા. વાસુપૂજ્ય અર્હત્ ૬૦૦ પુરુષો સાથે મુંડ થઈ, ઘરથી નીકળી અનગારપણે પ્રવ્રજિત થયા.

સૂત્ર- ૧૮૯

બ્રહ્મ અને લાંતક કલ્પમાં વિમાનો ૭૦૦–૭૦૦ યોજન ઊંચા છે. શ્રમણ ભગવંત મહાવીરને ૭૦૦ કેવલી હતા. શ્રમણ ભગવંત મહાવીરને ૭૦૦ વૈક્રિય લબ્ધિધર હતા. અરિષ્ઠનેમિ અરહંત કંઈક ન્યૂન ૭૦૦ વર્ષ કેવલીપર્યાય પાળીને સિદ્ધ, બુદ્ધ યાવત્ સર્વ દુઃખ રહિત થયા. મહાહિમવંત કૂટના ઉપલા ચરમાંતથી મહાહિમવંત વર્ષધર પર્વતના સમભૂમિતલ સુધી ૭૦૦ યોજન અબાધા અંતર છે. એ જ પ્રમાણે રૂપી કૂટનું જાણવુ.

સૂત્ર- ૧૯૦

મહાશુક્ર અને સહસ્રાર બંને કલ્પોમાં વિમાનો ૮૦૦ યોજન ઊંચા છે. આ રત્નપ્રભા પૃથ્વીના પહેલા કાંડમાં મધ્યે ૮૦૦ યોજનમાં વાણવ્યંતર દેવોના ભૂમિ સંબંધી વિહારો છે.

શ્રમણ ભગવંત મહાવીરને અનુત્તરોપપાતિક, ગતિકલ્યાણ, સ્થિતિકલ્યાણ, આગામી કાળે નિર્વાણરૂપી ભદ્ર થનારા સાધુઓની. દેવોની ઉત્કૃષ્ટ સંપદા હતી.

આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ રમણીય ભૂમિભાગથી ૮૦૦ યોજન ઊંચે સૂર્ય ગતિ કરે છે. અરહંત અરિષ્ઠનેમિને દેવ–મનુષ્ય–અસુરલોકમાં કોઈથી વાદમાં પરાજય ન પામે એવા ૮૦૦ વાદીની સંપદા હતી.

સૂત્ર- ૧૯૧

આનત–પ્રાણત, આરણ–અચ્યુત કલ્પમાં વિમાનો ૯૦૦–૯૦૦ યોજન ઊંચા છે.

નિષધકૂટના ઉપરના શિખરતલથી નિષધ વર્ષધર પર્વતના સમભૂમિતલ સુધી ૯૦૦ યોજન આંતરું કહ્યું છે. એ પ્રમાણે જ નીલવંત કૂટનું કહેવું. વિમલવાહન કુલકર ૯૦૦ ધનુષ ઊંચા હતા.

આ રત્નપ્રભાના બહુસમ રમણીય ભૂમિભાગથી ૯૦૦ યોજન ઊંચે સર્વથી ઉપરના તારા ગતિ કરે છે. નિષધ વર્ષધર પર્વતના ઉપરના શિખરતલથી આ રત્નપ્રભા પૃથ્વીના પહેલા કાંડના બહુ મધ્ય દેશભાગ સુધી ૯૦૦ યોજન અબાધાએ આંતરું કહ્યું છે. એ જ પ્રમાણે નીલવંતનું કહેવું.

સૂત્ર- ૧૯૨

સર્વે ગ્રૈવેયક વિમાનો એક–એક હજાર યોજન ઊંચા છે. સર્વે ચમક પર્વતો એક–એક હજાર યોજન ઊંચા છે, એક–એક હજાર ગાઉ ભૂમિમાં છે, મૂળમાં એક–એક હજાર યોજન આયામ–વિષ્કંભ વડે છે. એ પ્રમાણે ચિત્રકૂટ, વિચિત્રકૂટ પણ કહેવા.

સર્વે વૃત્તવૈતાઢ્ય પર્વતો એક–એક હજાર યોજન ઊંચા છે, એક–એક હજાર ગાઉ ભૂમિમાં છે, મૂળમાં એક–એક હજાર યોજન વિષ્કંભવાળા છે, સર્વત્ર સમાન પ્યાલા સંસ્થાને રહેલા છે.

વક્ષસ્કાર પરના બીજા કૂટોને વર્જીને સર્વે હરિકૂટ અને હરિસ્સહ કૂટ એક–એક હજાર યોજન ઊંચા છે અને મૂળમાં એક–એક હજાર યોજન વિષ્કંભથી છે. એ જ પ્રમાણે નંદનવનના બીજા કૂટોને વર્જીને બલકૂટ પણ કહેવો.

અરિષ્ટનેમિ અરહંત ૧૦૦૦ વર્ષનું સર્વાયુ પાળીને સિદ્ધ, બુદ્ધ યાવત્ સર્વ દુઃખથી રહિત થયા. પાર્શ્વ અરહંતને ૧૦૦૦ કેવલી હતા. પાર્શ્વ અરહંતના ૧૦૦૦ શિષ્યો કાળધર્મ પામ્યા યાવત્ સર્વ દુઃખથી રહિત થયા.

પદ્મદ્રહ અને પુંડરીકદ્રહ એક–એક હજાર યોજન લાંબા કહ્યા છે.

સૂત્ર- ૧૯૩

અનુત્તરોપપાતિક દેવોના વિમાનો ૧૧૦૦ યોજન ઊંચા છે.

અરહંત પાર્શ્વને ૧૧૦૦ વૈક્રિય લબ્ધિવાળા સાધુઓ હતા.

## સૂત્ર- ૧૯૪ થી ૨૦૦

૧૯૪. મહાપદ્મ, મહાપુંડરીક દ્રહો બબ્બે હજાર યોજન લાંબા છે.

૧૯૫. આ રત્નપ્રભા પૃથ્વીના વજ્રકાંડના ઉપરના છેડાથી લોહીતાક્ષ કાંડના નીચેના છેડા સુધી ૩૦૦૦ યોજન અબાધાએ આંતરું છે.

૧૯૬. તિગિચ્છિ, કેસરી દ્રહોની લંબાઈ ચાર–ચાર હજાર યોજન છે.

૧૯૭. ધરણીતલે મેરુ પર્વતના બહુમધ્ય દેશભાગે રુચકપ્રદેશની નાભિ ભાગે ચારે દિશામાં મેરુ પર્વતના અંત સુધી ૫૦૦૦ યોજન અંતર છે.

૧૯૮. સહસ્રાર કલ્પમાં છ હજાર વિમાનો કહ્યા છે.

૧૯૯. આ રત્નપ્રભા પૃથ્વીના રત્નકાંડના ઉપરના છેડાથી પુલગકાંડના નીચલા છેડા સુધી ૭૦૦૦ યોજન અબાધાએ આંતરું છે.

૨૦૦. હરિવર્ષ, રમ્યક ક્ષેત્રનો વિસ્તાર સાતિરેક ૮૦૦૦ યોજન છે.

## સૂત્ર- ૨૦૧ થી ૨૧૪

૨૦૧. દક્ષિણાર્ધ ભરતની જીવા પૂર્વ–પશ્ચિમ લાંબી, બંને બાજુ સમુદ્રને સ્પૃષ્ટ, ૯૦૦૦ યોજન લાંબી છે.

૨૦૨. મેરુ પર્વત પૃથ્વીતલે ૧૦,૦૦૦ યોજન વિષ્કંભથી છે.

૨૦૩. જંબૂદ્વીપ આયામ–વિષ્કંભથી એક લાખ યોજન છે.

૨૦૪. લવણસમુદ્ર ચક્રવાલ વિષ્કંભથી બે લાખ યોજન છે.

૨૦૫. અરહંત પાર્શ્વને ૩,૨૭,૦૦૦ શ્રાવિકાની ઉત્કૃષ્ટ સંપદા હતી.

૨૦૬. ધાતકીખંડદ્વીપ ચક્રવાલ વિષ્કંભથી ચાર લાખ યોજન છે.

૨૦૭. લવણસમુદ્રના પૂર્વાંતથી પશ્ચિમાંત પાંચ લાખ યોજન છે.

૨૦૮. ચાતુરંત ચક્રવર્તી રાજા ભરત છ લાખ પૂર્વ રાજ્ય મધ્યે વસીને પછી મુંડ થઈને, ઘર છોડીને અણગાર પણે પ્રવ્રજિત થયા.

૨૯૦. જંબૂદ્વીપની પૂર્વ વેદિકાના છેડાથી ઘાતકીખંડના ચક્રવાલ પશ્ચિમ છેડા સુધી સાત લાખ યોજન અબાધાએ આંતરું છે.

૨૧૦. માહેન્દ્ર કલ્પે આઠ લાખ વિમાનો કહ્યા છે.

૨૧૧. અરહંત અજિતને સાતિરેક ૯૦૦૦ અવધિજ્ઞાની હતા.

૨૧૨. પુરુષસિંહ વાસુદેવ દશ લાખ વર્ષનું સર્વાયુ પાળીને પાંચમી પૃથ્વીમાં નારકીઓની મધ્યે નારકીપણે ઉત્પન્ન થયા.

૨૧૩. શ્રમણ ભગવંત મહાવીર તીર્થંકરના ભવગ્રહણથી પહેલાં છટ્ઠા પોટ્ટિલના ભવના ગ્રહણમાં એક કરોડ વર્ષ સુધી શ્રામણ્ય પર્યાય પાળીને આઠમા સહસ્રાર દેવલોકમાં સર્વાર્થ વિમાને દેવપણે ઉપન્યા.

૨૧૪. શ્રી ઋષભદેવ ભગવંતના નિર્વાણથી છેલ્લા મહાવીર–વર્ધમાનના નિર્વાણ સુધી એક કોટાકોટિ સાગરોપમ અબાધાએ અંતર છે.

## સૂત્ર- ૨૧૫

બાર અંગરૂપ ગણિપિટક કહેલ છે, તે આ પ્રમાણે –

આચાર, સૂત્રકૃત, ઠાણ, સમવાય, વિવાહપ્રજ્ઞપ્તિ, નાયાધમ્મ–કહા, ઉવાસગદસા, અંતગડદસા, અનુત્તરોપપાતિક દશા, પણ્હાવાગરણ, વિપાકશ્રુત, દૃષ્ટિવાદ.

તે 'આચાર' શું છે ? આચાર સૂત્રમાં શ્રમણ નિર્ગ્રન્થોના આચાર, ગોચર, વિનય, વૈનયિક, સ્થાન, ગમન, સંક્રમણ, પ્રમાણ, યોગયુંજન, ભાષા, સમિતિ, ગુપ્તિ, તથા. શય્યા, ઉપધિ, ભક્ત, પાન તેની. ઉદ્‌ગમ, ઉત્પાદન, એષણાની વિશોધિએ શુદ્ધ હોય કે કારણે અશુદ્ધ ગ્રહણ, વ્રત, નિયમ, તપ, ઉપધાન આ સર્વે. સુપ્રશસ્ત કહેવાય છે.

તે 'આચાર' સંક્ષેપથી પાંચ પ્રકારે કહ્યો, તે આ - જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર.

આચારસૂત્રની પરિમિત વાચના, સંખ્યાતા અનુયોગદ્વારો, સંખ્યાતી પ્રતિપત્તિઓ, સંખ્યાતા વેષ્ટકો, સંખ્યાતા શ્લોકો, સંખ્યાતી નિર્યુક્તિ છે.

આચારસૂત્ર અંગ–અર્થપણે પહેલું અંગ છે, તેના બે શ્રુતસ્કંધ, ૨૫–અધ્યયન, ૮૫–ઉદ્દેશનકાળ, ૮૫–સમુદ્દેશનકાળ, કુલ પદો વડે ૧૮,૦૦૦ પદો છે, સંખ્યાતા અક્ષરો છે, અનંતાગમો, અનંતાપર્યવો, પરિત્ત ત્રસો, અનંતા સ્થાવરો છે. શાશ્વત–અશાશ્વત ભાવો, સૂત્રરૂપે નિબદ્ધ, નિકાચિત છે.

આ સર્વે જિન પ્રજ્ઞપ્ત ભાવો કહેવાય છે, પ્રજ્ઞાપાય છે, પ્રરૂપાય છે, દેખાડાય છે, નિદર્શન કરાય છે, ઉપદર્શન કરાય છે.

આ ભણીને મનુષ્ય જ્ઞાતા થાય છે, વિજ્ઞાતા થાય છે. આ પ્રમાણે ચરણ–કરણ પ્રરૂપણાથી કહેવાય છે, પ્રજ્ઞાપાય છે, પ્રરૂપાય છે, દેખાડાય છે, નિદર્શન કરાય છે, ઉપદર્શન કરાય છે. તે આ 'આચાર' સૂત્ર.

**સૂત્ર- ૨૧૬**

તે 'સૂયગડ' શું છે ? સૂયગડ સૂત્રમાં સ્વસમયની સૂચના કરાય છે. પરસમયની સૂચના કરાય છે. સ્વસમય–પરસમય ની સૂચના કરાય છે. એ રીતે જીવ–અજીવ – જીવાજીવ સૂચિત કરાય છે. લોક–અલોક–લોકાલોક સૂચિત કરાય છે. સૂયગડ માં જીવ–અજીવ–પુન્ય–પાપ–આશ્રવ–સંવર–નિર્જરા–બંધ–મોક્ષ પર્યન્તના પદાર્થો સૂચિત કરાય છે.

અલ્પકાળના પ્રવ્રજિત થયેલ શ્રમણો, કુસમયના મોહથી થયેલ મોહમતિ મોહિતથી જેઓને સંદેહ ઉત્પન્ન થયેલ છે તથા સહજ બુદ્ધિના પરિણામથી જેઓ સંશયિત થયા છે, તેવાની–પાપી–મલિન બુદ્ધિના ગુણને શુદ્ધ કરવા માટે ૧૮૦ ક્રિયાવાદીઓ, ૮૪–અક્રિયાવાદીઓ, ૬૭–અજ્ઞાનવાદી, ૩૨–વિનયવાદીઓ મળીને કુલ ૩૬૩ અન્ય દર્શનીઓની રચના કરીને સ્વસમયની સ્થાપના કરાય છે.

તથા પરમતના ખંડન અને સ્વમતની સ્થાપના માટે અનેક પ્રકારના દૃષ્ટાંત વચનોથી પરમતની નિસ્સારતા અને સ્વ સિદ્ધાંતને સારી રીતે દર્શાવનાર, વિવિધ વિસ્તારનું પ્રતિપાદન અને પરમ સદ્‌ભાવ ગુણ વિશિષ્ટ, મોક્ષમાર્ગમાં ઉતારનાર, ઉદાર અજ્ઞાનરૂપી અત્યંત અંધકારથી દુર્ગમ એવા માર્ગમાં દીવારૂપ, મોક્ષ અને સુગતિરૂપ ઉત્તમ પ્રાસાદ ઉપર ચડવાના પગથિયા રૂપ, નિક્ષોભ, નિષ્પ્રકંપ એવા સૂત્રાર્થ કહ્યા છે.

આ સૂયગડ સૂત્રની પરિત્ત વાચના, સંખ્યાત અનુયોગ દ્વારો, સંખ્યાત પ્રતિપત્તિઓ, સંખ્યાતા વેષ્ટકો, સંખ્યાતા શ્લોકો, સંખ્યાતી નિર્યુક્તિઓ છે.

આ સૂયગડ સૂત્ર અંગાર્થપણે બીજું અંગ છે. તેમાં બે શ્રુતસ્કંધ, ૨૩–અધ્યયનો, ૩૩–ઉદ્દેશનકાળ, ૩૩–સમુદ્દેશન કાળ, ૩૬,૦૦૦ પદો છે. તેમાં સંખ્યાતા અક્ષરો, અનંતા ગમા, અનંતા પર્યાયો, પરિત્ત ત્રસો અને અનંતા સ્થાવરો છે. શાશ્વત–અશાશ્વત ભાવો,–સૂત્રરૂપે નિબદ્ધ અને નિકાચિત છે.

જિનપ્રજ્ઞપ્ત ભાવોને આ અંગમાં કહેવાય છે, પ્રજ્ઞાપાય છે, પ્રરૂપાય છે, દેખાડાય છે, નિર્દેશાય છે, ઉપદર્શન કરાય છે.

જે આને ભણે છે, તે આત્મા એ પ્રમાણે થાય છે, જ્ઞાતા થાય છે, વિજ્ઞાતા થાય છે.

આ પ્રમાણે ચરણકરણની પ્રરૂપણા કહેવાય છે, પ્રજ્ઞાપના કરાય છે, પ્રરૂપાય છે, દેખાડાય છે, નિર્દેશ કરાય છે, ઉપદર્શન કરાય છે. તે આ 'સૂયગડ' સૂત્ર છે.

**સૂત્ર- ૨૧૭ થી ૨૧૯**

૨૧૭. તે 'ઠાણ' શું છે ? ઠાણ (સ્થાનાંગ) સૂત્રમાં સ્વસમયની સ્થાપના થાય છે, પરસમયની સ્થાપના થાય છે, સ્વસમય–પરસમયની સ્થાપના થાય છે. એવી રીતે –. જીવ–અજીવ–જીવાજીવની સ્થાપના કરાય છે, લોક–અલોક–લોકાલોક ની સ્થાપના કરાય છે. (સ્થાનાંગ) ઠાણ સૂત્ર વડે પદાર્થના દ્રવ્ય, ગુણ, ક્ષેત્ર, કાળ અને પર્યાયોની સ્થાપના કરાયા છે..

૨૧૮. (સ્થાન સૂત્રમાં) પર્વત, નદી, સમુદ્ર, સૂર્ય, ભવન, વિમાન, આકર(ખાણ), નદી, નિધિ, પુરુષજાત, સ્વર, ગોત્ર અને જ્યોતિષ દેવોના ચાર એ સર્વે કહ્યા છે..

૨૧૯. તથા (સ્થાન સૂત્રમાં) એક એક પ્રકારના પદાર્થોનું વર્ણન, બબ્બે પદાર્થોનું વર્ણન, યાવત્ દશ દશ પદાર્થોનું વર્ણન છે, જીવ, પુદ્‌ગલો તથા લોકમાં રહેલા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આદિ દ્રવ્યોની પ્રરૂપણા છે.

આ 'ઠાણ' સૂત્રની પરિત્ત વાચના, સંખ્યાતા અનુયોગ દ્વારો, સંખ્યાતી પ્રતિપત્તિઓ, સંખ્યાતા વેષ્ટક, સંખ્યાતા શ્લોકો, સંખ્યાતી નિર્યુક્તિઓ, સંખ્યાતી સંગ્રહણીઓ છે.

આ 'ઠાણ' અંગ–અર્થતાથી ત્રીજું અંગ છે. તેમાં એક શ્રુતસ્કંધ, દશ અધ્યયનો, ૨૧–ઉદ્દેશનકાળ, ૨૧–સમુદ્દેશનકાળ, કુલ ૭૨,૦૦૦ પદો, સંખ્યાતા અક્ષરો, અનંતાગમા, અનંતા પર્યાયો, પરિત્ત ત્રસો, અનંતા સ્થાવરો છે. તે સર્વે શાશ્વતા, કૃત, નિબદ્ધ, નિકાચિત છે.

એમાં જિનેશ્વરોએ પ્રજ્ઞપ્ત ભાવો કહેવાય છે, પ્રજ્ઞાપાય છે, પ્રરૂપાય છે, નિર્દેશાય છે, ઉપદેશાય છે. તેને ભણનાર આત્મા એ રીતે તદ્રૂપ થાય છે, જ્ઞાત થાય છે, વિજ્ઞાત થાય છે, એ રીતે ચરણ–કરણની પ્રરૂપણા કરાય છે. આ પ્રમાણે તે 'ઠાણ' (સ્થાનાંગ) કહ્યું.

**સૂત્ર- ૨૨૦**

તે 'સમવાય' શું છે ? સમવાય સૂત્રમાં સ્વસમય સૂચવાય છે, પરસમય સૂચવાય છે, સ્વસમય–પરસમય સૂચવાય છે, જીવ–અજીવ–જીવાજીવ સૂચવાય છે, લોક–અલોક–લોકાલોક સૂચવાય છે.

સમવાયમાં એક આદિથી લઈને એક–એક સ્થાનની પરિવૃદ્ધિ થકી દ્વાદશાંગીરૂપ ગણિપિટકના પર્યવોનું પરિમાણ કહેવાય છે. ૧૦૦–સ્થાનક પરિમાણ કહે છે. તથા હજાર અને કોટાકોટી સુધીના પદાર્થોનું, બાર પ્રકારના વિસ્તારવાળા અંગ સૂત્રોનું, જગતના જીવોને હિત–કારક એવા પૂજ્ય શ્રુતજ્ઞાનનો સંક્ષેપથી સમવતસાર કહ્યો.

તેમાં વિવિધ પ્રકારના જીવ–અજીવ વિસ્તારથી વર્ણવ્યા છે, બીજા પણ ઘણા પ્રકારના વિશેષો છે, જેવા કે - નારકી, તિર્યંચ, મનુષ્ય, અસુર ગણોના આહાર, ઉચ્છ્‌વાસ, લેશ્યા, આવાસ સંખ્યા, આયત પ્રમાણ, ઉપપાત, ચ્યવન, અવગાહના, અવધિ, વેદના, ભેદ, ઉપયોગ, યોગ, ઈન્દ્રિય, કષાય, જીવોની વિવિધ યોનિ, મેરુ પર્વતના વિષ્કંભ–ઉત્સેધ–પરિધિનું પ્રમાણ, વિધિ વિશેષ, કુલકર–તીર્થંકર–ગણધર–સમગ્ર ભરતાધિપતિ ચક્રવર્તીઓ, વાસુદેવ, બળદેવના વિધિ વિશેષ, ક્ષેત્રોના નિર્ગમો એ સર્વે સમવાયમાં વર્ણવ્યા છે.

આ અને બીજા પદાર્થો અહીં સમાવાય સૂત્રમાં વિસ્તારથી કહ્યા છે.

સમવાય' સૂત્રની પરિત્ત વાચના છે સંખ્યાતા અનુયોગ દ્વારો, સંખ્યાતી પ્રતિપત્તિઓ, સંખ્યાતા વેષ્ટક, સંખ્યાતા શ્લોકો, સંખ્યાતી નિર્યુક્તિઓ, સંખ્યાતી સંગ્રહણીઓ છે.

સમવાય સૂત્ર અંગ–અર્થથી ચોથું અંગ છે. તેમાં એક અધ્યયન, એક શ્રુતસ્કંધ, એક ઉદ્દેશનકાળ, એક સમુદ્દેશનકાળ, ૧,૪૪,૦૦૦ કુલ પદો છે. તેમાં અક્ષરો સંખ્યાતા છે અનંતાગમા, અનંતા પર્યાયો, પરિત્ત ત્રસો,

અનંતા સ્થાવરો છે. તે સર્વે શાશ્વતા, કૃત, નિબદ્ધ, નિકાચિત છે.

એમાં જિનેશ્વરોએ પ્રજ્ઞપ્ત ભાવો કહેવાય છે, પ્રજ્ઞાપાય છે, પ્રરૂપાય છે, નિર્દેશાય છે, ઉપદેશાય છે. યાવત એ રીતે ચરણ–કરણની પ્રરૂપણા કરાય છે. આ પ્રમાણે તે 'સમવાય' સૂત્ર કહ્યું છે.

સૂત્ર- ૨૨૧

તે વ્યાખ્યા (વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ–ભગવતી) શું છે ? વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ અર્થાત ભગવતી સૂત્રમાં સ્વસમય કહેવાય છે, પરસમય કહેવાય છે, સ્વસમય–પરસમય કહે છે. એ રીતે જીવ–અજીવ–જીવાજીવ કહેવાય છે. લોક–અલોક–લોકાલોક કહેવાય છે.

વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ અર્થાત ભગવતી સૂત્રમાં વડે વિવિધ દેવ, નરેન્દ્ર, રાજર્ષિઓના પૂછેલા વિવિધ સંશયો અને તેના ઉત્તરો કહેવાય છે. જિનેશ્વર ભગવંતે વિસ્તારથી કહેલા દ્રવ્ય–ગુણ–ક્ષેત્ર–કાળ–પર્યાય–પ્રદેશ–પરિમાણ–યથાસ્તિભાવ–અનુગમ–નિક્ષેપ–નય–પ્રમાણ–સુનિપુણ ઉપક્રમ વિવિધ પ્રકારે જેઓએ પ્રગટ દેખાડ્યો છે એવા, લોકાલોકને પ્રકાશનારા, મોટા સંસાર સમુદ્રને ઉતરવામાં સમર્થ, ઇન્દ્રોએ પૂજેલા, ભવ્યજનરૂપી પ્રજાના હૃદયને આનંદ આપનારા, તમોરજનો નાશ કરનારા, સુદૃષ્ટ દીપરૂપ ઈહા–મતિ–બુદ્ધિને વૃદ્ધિ કરનારા એવા અન્યૂન ૩૬,૦૦૦ વ્યાકરણોને પ્રકાશ–કરનારા ઘણા પ્રકારના સૂત્ર–અર્થ તેના શિષ્યોના હિતને માટે ગુણમહાર્થ છે.

વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ અર્થાત ભગવતી સૂત્રમાં પરિત્ત વાચના, સંખ્યાતા અનુયોગદ્વારો, સંખ્યાતી પ્રતિપત્તિઓ, સંખ્યાતા વેષ્ટકો, સંખ્યાતા શ્લોકો, સંખ્યાતી નિર્યુક્તિઓ છે.

તે આ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ અંગાર્થપણે પાંચમું અંગ છે. તેમાં એક શ્રુતસ્કંધ છે, સાધિક ૧૦૦ અધ્યયનો છે, ૧૦,૦૦૦ ઉદ્દેશો, ૧૦,૦૦૦ સમુદ્દેશો, ૩૬,૦૦૦ વ્યાકરણો, ૮૪,૦૦૦ કુલ પદો કહ્યા છે.

તેમાં સંખ્યાતા અક્ષરો, અનંતાગમો, અનંત પર્યાયો છે, ત્રસો પરિત્ત અને અનંતા સ્થાવરો છે. તે સર્વે શાશ્વત છે, કૃત છે, નિબદ્ધ છે, નિકાચિત છે. આ સર્વે જિનપ્રજ્ઞપ્ત ભાવો કહેવાય છે, પ્રજ્ઞાપાય છે, પ્રરૂપાય છે, નિર્દેશાય છે, ઉપદેશાય છે, તે ભણનારનો આત્મા તદ્રૂપ થાય છે, તે પ્રમાણે જ્ઞાતા, વિજ્ઞાતા થાય છે. આ પ્રમાણે ચરણકરણની પ્રરૂપણા કહેવાય છે. આ પ્રમાણે તે વિવાહ અર્થાત વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ (કે ભગવતી) સૂત્ર છે.

સૂત્ર- ૨૨૨

તે 'નાયાધમ્મકહા' શું છે ? 'નાયાધમ્મકહા' સૂત્રમાં જ્ઞાતા અર્થાત કથા નાયકોના નગરો, ઉદ્યાનો, ચૈત્ય, વનખંડો, રાજાઓ, માતાપિતા, સમવસરણો, ધર્માચાર્યો, ધર્મકથા, આલોક–પરલોકની ઋદ્ધિ વિશેષ, ભોગ પરિત્યાગ, પ્રવ્રજ્યા, શ્રુતપરિગ્રહણ, તપોપધાન, દીક્ષા પર્યાય, સંલેખના, ભક્ત–પ્રત્યાખ્યાન, પાદોપગમન, દેવલોક ગમન, સુકુલમાં જન્મ, પુનર્બોહિલાભ અને અંતક્રિયા. આ બાવીશ સ્થાનો કહેવાય છે યાવત્ નાયધમ્મકહામાં વિનય ક્રિયાને કરનારા જિનેશ્વરોના ઉત્તમ શાસનમાં પ્રવ્રજિત થયેલાં છતાં.

૧. સંયમની પ્રતિજ્ઞા પાળવામાં જે ધૃતિ, મતિ, વ્યવસાય જોઈએ તેમાં દુર્બલ હોય,

૨. તપનિયમ–તપઉપધાનરૂપ રણસંગ્રામ અને દુર્ધર ભારથી ભગ્ન થયેલ, અતિ અશક્ત, ભગ્નશરીરી હોય.

૩. ઘોર પરીષહથી પરાજિત તથા પરીષહોથી વશ કરવાને આરંભેલા અને મોક્ષમાર્ગે જતા રુંધેલા, તેથી જ સિદ્ધાલયના માર્ગથી ભ્રષ્ટ થયેલ,

૪. તુચ્છ વિષયસુખમાં આશાવશ દોષથી મૂર્ચ્છિત હોય,

૫. ચારિત્ર, જ્ઞાન, દર્શનની વિરાધના કરનાર, વિવિધ પ્રકારે સાધુ ગુણો નિસ્સાર અને શૂન્ય હોય, આવા સાધુઓને. સંસારમાં અપાર દુઃખવાળા દુર્ગતિના ભવોની વિવિધ પરંપરાઓના વિસ્તારો કહેવાય છે.

પરીષહ, કષાયરૂપી સૈન્યને જિતનાર, ધૃતિના સ્વામી, સંયમમાં નિશ્ચે ઉત્સાહવાળા, આરાધિત જ્ઞાન–

દર્શન–ચારિત્ર યોગ અને નિઃશલ્ય શુદ્ધ સિદ્ધાલય માર્ગાભિમુખ – અનુપમ દેવભવન–વિમાન સુખો ભોગવીને, દીર્ઘકાળ તે દિવ્ય, મહાર્હ ભોગો ભોગવી, ત્યાંથી કાળક્રમે ચ્યવી, જે રીતે ફરી સિદ્ધિમાર્ગને પામીને અંતક્રિયાથી સમાધિમરણનાં સમયે વિચલિત થયા હોય તે કહે છે.

તથા તેવા વિચલિત થયેલને દેવ, મનુષ્ય સંબંધી ધૈર્યકરણ કારણ દષ્ટાંતો કે જે બોધ, અનુશાસન કરનાર, ગુણ–દોષ દેખાડનારા કહે છે. દષ્ટાંતો અને પ્રત્યયોવાળા વચનો સાંભળીને લૌકિક મુનિઓ જે રીતે જરા–મરણ નાશક જિનશાસન માં સ્થિર થાય, તે કહે છે.

સંયમને આરાધીને દેવલોક જઈને, ત્યાંથી પાછા આવીને જે રીતે શાશ્વત, શિવ, સર્વ દુઃખ–મોક્ષ કહેવાય છે. આ અને આવા બીજા અર્થો વિસ્તારથી કહ્યા.

નાયાધમ્મકહામાં પરિત્ત વાચના, સંખ્યાતા અનુયોગદ્વારો સંખ્યાતી પ્રતિપત્તિઓ, સંખ્યાતા વેષ્ટકો, સંખ્યાતા શ્લોકો, સંખ્યાતી નિર્યુક્તિઓ અને સંખ્યાતી સંગ્રહણી છે.

તે અંગ–અર્થથી છઠ્ઠું અંગ છે. તેમાં બે શ્રુતસ્કંધો, ૧૯ અધ્યયનો છે, તે સંક્ષેપથી બે પ્રકારે છે. તે આ – ચરિત અને કલ્પિત.

તેમાં ધર્મકથાના દશ વર્ગો છે. એક એક ધર્મકથામાં ૫૦૦–૫૦૦ આખ્યાયિકાઓ છે. એક એક આખ્યાયિકામાં ૫૦૦–૫૦૦ ઉપાખ્યાયિકાઓ છે. એક એક ઉપાખ્યાયિકામાં ૫૦૦–૫૦૦ આખ્યાયિકોપાખ્યાયિકા છે. એ રીતે કુલ સાડા ત્રણ કરોડ આખ્યાયિકાઓ છે, એમ મેં કહ્યું છે. તેમાં ૨૯–ઉદ્દેશનકાળ, ૨૯–સમુદ્દેશનકાળ છે. સંખ્યાતા હજાર કુલપદો છે, સંખ્યાતા અક્ષરો છે અનંતાગમો, અનંત પર્યાયો છે, ત્રસો પરિત્ત અને અનંતા સ્થાવરો છે. તે સર્વે શાશ્વત છે, કૃત છે, નિબદ્ધ છે, નિકાચિત છે.

આ સર્વે જિનપ્રજ્ઞપ્ત ભાવો કહેવાય છે, પ્રજ્ઞાપાય છે, પ્રરૂપાય છે, નિર્દેશાય છે, ઉપદેશાય છે, તે ભણનારનો આત્મા તદ્રૂપ થાય છે, તે પ્રમાણે જ્ઞાતા, વિજ્ઞાતા થાય છે. આ પ્રમાણે ચરણકરણની પ્રરૂપણા કહેવાય છે. ચરણકરણ પ્રરૂપણા કહી છે.

તે આ નાયાધમ્મકહા છે.

## સૂત્ર- ૨૨૩

તે 'ઉવાસગદસા' શું છે ? ઉપાસકદશા સૂત્રમાં ઉપાસકોના નગરો, ઉદ્યાનો, ચૈત્ય, વનખંડો, રાજાઓ, માતાપિતા, સમોસરણો, ધર્માચાર્ય, ધર્મકથા, આલૌકિક–પરલૌકિક ઋદ્ધિવિશેષ. ઉપાસકોના શીલવ્રત, વિરમણ, ગુણ, પ્રત્યાખ્યાન, પૌષધોપવાસ, એ સર્વેના અંગીકાર, શ્રુતનું ગ્રહણ, તપોપધાન, પ્રતિમા, ઉપસર્ગ, સંલેખના, ભક્તપ્રત્યાખ્યાન, પાદોપગમન, દેવલોકગમન, સુકુલમાં ઉત્પત્તિ, ફરી બોધિલાભ, અંતક્રિયા કહી છે.

ઉપાસકદશામાં ઉપાસકોની ઋદ્ધિ વિશેષ, પર્ષદા, વિસ્તૃત ધર્મશ્રવણ, બોધિલાભ, અભિગમ, સમ્યક્ત્વ–શુદ્ધતા, સ્થિરત્વ, મૂલગુણ–ઉત્તરગુણના અતિચાર, સ્થિતિવિશેષ, બહુવિશેષ પ્રતિમા, અભિગ્રહ ગ્રહણ, તેનું પાલન, ઉપસર્ગો સહેવા, નિરુપસર્ગ, વિચિત્ર તપ, શીલવ્રત, ગુણ, વિરમણ, પ્રત્યાખ્યાન, પૌષધોપવાસ, છેલ્લી મારણાંતિક સંલેખનાના સેવન વડે આત્માને યથા પ્રકારે ભાવિને ઘણા ભોજનને છેદીને ઉત્તમ દેવલોકમાં ઉત્પન્ન થઈને જે પ્રકારે શ્રેષ્ઠ દેવોના ઉત્તમ વિમાનોમાં અનુપમ ઉત્તમ સુખને ક્રમ વડે ભોગવીને પછી આયુષ્યનો ક્ષય થતા ચ્યવીને જે પ્રમાણે જિનમતમાં બોધિ પામીને ઉત્તમ સંયમ પામીને અજ્ઞાન અને પાપથી મુક્ત થઈ જે પ્રકારે અક્ષય અને સર્વ દુઃખ રહિત એવા મોક્ષને પામે છે. આ અને આવું બીજું અહીં કહેવાય છે.

ઉપાસકદશામાં પરિત્ત વાચના, સંખ્યાતા અનુયોગદ્વારો સંખ્યાતી પ્રતિપત્તિઓ, સંખ્યાતા વેષ્ટકો, સંખ્યાતા શ્લોકો, સંખ્યાતી નિર્યુક્તિઓ અને સંખ્યાતી સંગ્રહણી છે.

અંગ–અર્થપણાથી આ સાતમું અંગ છે. તેમાં એક શ્રુતસ્કંધ, દશ અધ્યયનો, દશ ઉદ્દેશનકાળ, દશ

સમુદ્દેશન કાળ, કુલ સંખ્યાતા લાખ પદો, સંખ્યાતા અક્ષરો છે અનંતાગમો, અનંત પર્યાયો છે, ત્રસો પરિત્ત અને અનંતા સ્થાવરો છે. તે સર્વે શાશ્વત છે, કૃત છે, નિબદ્ધ છે, નિકાચિત છે.

આ સર્વે જિનપ્રજ્ઞપ્ત ભાવો કહેવાય છે, પ્રજ્ઞાપાય છે, પ્રરૂપાય છે, નિર્દેશાય છે, ઉપદેશાય છે, તે ભણનારનો આત્મા તદ્રૂપ થાય છે, તે પ્રમાણે જ્ઞાતા, વિજ્ઞાતા થાય છે. આ પ્રમાણે ચરણકરણની પ્રરૂપણા કહેવાય છે. ચરણકરણ પ્રરૂપણા કહી છે.

તે આ ઉપાસકદશા છે.

સૂત્ર- ૨૨૪

હવે તે અંતકૃદ્દશા કઈ છે ? અંતકૃદ્દશામાં અંત કરનારના નગરો, ઉદ્યાનો, ચૈત્યો, વર્ણો, રાજા, માતાપિતા, સમોસરણો, ધર્માચાર્ય, ધર્મકથા, આલૌકિક–પારલૌકિક ઋદ્ધિ વિશેષ, ભોગપરિત્યાગ, પ્રવ્રજ્યા, શ્રુતગ્રહણ, તપ–ઉપધાન, બહુવિધ પ્રતિમા, ક્ષમા–આર્જવ–માર્દવ–શૌચ–સત્ય, ૧૭ ભેદે સંયમ, ઉત્તમ બ્રહ્મચર્ય, અકિંચનતા, તપ, ત્યાગ, સમિતિ, ગુપ્તિ તથા અપ્રમાદનો યોગ, ઉત્તમ સ્વાધ્યાય અને ધ્યાન એ બંનેના લક્ષણો, ઉત્તમ સંયમને પામેલા, પરીષહોને જીતનારાને ચાર પ્રકારના કર્મનો ક્ષય થતાં જે રીતે કેવલજ્ઞાનની પ્રાપ્તિ, જેટલો પર્યાય મુનિઓએ પાળ્યો, પાદપોપગમન કરેલ મુનિ જે જેટલા ભક્તોને છેદીને અંતકૃત્ અને અજ્ઞાન તથા કર્મ સમુહ રહિત થયા, તથા તે અનુત્તર સુખને પામ્યા. આ અને આવા અર્થોની વિસ્તારથી પ્રરૂપણા કરાઈ છે.

અંતકૃદ્દશામાં પરિત્ત વાચના, સંખ્યાતા અનુયોગદ્વારો સંખ્યાતી પ્રતિપત્તિઓ, સંખ્યાતા વેષ્ટકો, સંખ્યાતા શ્લોકો, સંખ્યાતી નિર્યુક્તિઓ અને સંખ્યાતી સંગ્રહણી છે.

અંગાર્થપણે તે આઠમું અંગ છે. આ અંગમાં એક શ્રુતસ્કંધ છે, દશ અધ્યયનો છે, સાત વર્ગો છે, દશ ઉદ્દેશનકાળ છે, દશ સમુદ્દેશનકાળ છે, કુલ સંખ્યાતા લાખ પદો, સંખ્યાતા અક્ષરો છે અનંતાગમો, અનંત પર્યાયો છે, ત્રસો પરિત્ત અને અનંતા સ્થાવરો છે. તે સર્વે શાશ્વત છે, કૃત છે, નિબદ્ધ છે, નિકાચિત છે.

આ સર્વે જિનપ્રજ્ઞપ્ત ભાવો કહેવાય છે, પ્રજ્ઞાપાય છે, પ્રરૂપાય છે, નિર્દેશાય છે, ઉપદેશાય છે, તે ભણનારનો આત્મા તદ્રૂપ થાય છે, તે પ્રમાણે જ્ઞાતા, વિજ્ઞાતા થાય છે. આ પ્રમાણે ચરણકરણની પ્રરૂપણા કહેવાય છે. ચરણકરણ પ્રરૂપણા કહી છે.

તે આ અંતકૃદ્દશા.

સૂત્ર- ૨૨૫

તે અનુત્તરોપપાતિકદશા કઈ છે ? અનુત્તરોપપાતિકદશામાં અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનારના નગરો, ઉદ્યાનો, ચૈત્યો, વનખંડો, રાજા, માતાપિતા, સમોસરણ, ધર્માચાર્ય, ધર્મકથા, આલોક–પરલોક સંબંધી ઋદ્ધિ–વિશેષ, ભોગપરિત્યાગ, પ્રવ્રજ્યા, શ્રુતગ્રહણ, તપ–ઉપધાન, પર્યાય, પ્રતિમા, સંલેખના, ભક્ત–પાન પ્રત્યાખ્યાન, પાદોપગમન, અનુત્તરમાં ઉપપાત, સુકુળમાં જન્મ, ફરી બોધિલાભ, અંતક્રિયાઓ આ સર્વે. આ અંગમાં કહ્યું છે.

અનુત્તરોપપાતિકદશામાં તીર્થંકરના સમોસરણ કે જે પરમ મંગલપણાથી જગહિતકારી છે. તે ઘણા પ્રકારે જિનેશ્વરના અતિશયો, જિનશિષ્યો કે જે સાધુઓના સમૂહમાં શ્રેષ્ઠ ગંધહસ્તી સમાન છે, સ્થિર યશવાળા છે, પરીષહ સમૂહરૂપ શત્રુના સૈન્યનું મર્દન કરનારા છે, તપ વડે દીપ્ત, ચારિત્ર–જ્ઞાન–સમ્યક્ત્વ વડે સારભૂત, વિવિધ પ્રકારના વિસ્તૃત પ્રશસ્ત ગુણ સહિત છે, અનગાર મહર્ષિ છે, તેવા ઉત્તમ, શ્રેષ્ઠ તપસ્વી, વિશિષ્ટ જ્ઞાનયોગથી યુક્ત અનગારના ગુણોનું અહીં વર્ણન છે.

તથા જેમ ભગવંત શાસન. જગહિતકર છે, દેવ–અસુર–મનુષ્યોની જેવી ઋદ્ધિ વિશેષ છે, જિનેશ્વર સમીપે જે રીતે પર્ષદાનું પ્રગટ થવું છે, જે રીતે જિનવરની ઉપાસના કરે છે, જે રીતે લોકગુરુ દેવ–મનુષ્ય–અસુરગણને ધર્મ કહે છે તે ભગવદ્–ભાષિત સાંભળી અવશિષ્ટ કર્મવાળા અને વિષયવિરક્ત મનુષ્યો ઘણા પ્રકારે સંયમ અને તપરૂપી

ઉદાર ધર્મને જે રીતે પામે છે, તથા જે રીતે ઘણા વર્ષ સુધી તપ સંયમનું સેવન કરીને જ્ઞાન–દર્શન–ચારિત્રના યોગને આરાધનારા, સંબંધ વાળા અને પૂજિત એવા જિનવચનને કહેનારા, જિનેશ્વરોને હૃદય વડે ધ્યાયીને, જેઓ જ્યાં જેટલા ભોજનને છેદીને અને ઉત્તમ સમાધિને પામીને ઉત્તમ ધ્યાનયોગ વડે યુક્ત થયેલા ઉત્તમ મુનિવરો, જે રીતે અનુત્તર કલ્પે ઉત્પન્ન થાય છે અને અનુત્તર વિષયસુખને પામે છે, ત્યાંથી ચ્યવીને અનુક્રમે સંયમી થઈને જે પ્રકારે અંતક્રિયાને કરશે. એ સર્વે આ અંગસૂત્રમાં કહેવાય છે. આ અને બીજા એવા પ્રકારના પદાર્થો વિસ્તારથી કહેવાય છે.

અનુત્તરોપપાતિક દશામાં પરિત્ત વાચના, સંખ્યાતા અનુયોગદ્વારો સંખ્યાતી પ્રતિપત્તિઓ, સંખ્યાતા વેષ્ટકો, સંખ્યાતા શ્લોકો, સંખ્યાતી નિર્યુક્તિઓ અને સંખ્યાતી સંગ્રહણી છે.

તે અંગાર્થપણે નવમું અંગ છે. તેમાં એક શ્રુતસ્કંધ, દશ અધ્યયનો, ત્રણ વર્ગ, દશ ઉદ્દેશન કાળ, દશ સમુદ્દેશ કાળ, કુલ સંખ્યાતા લાખ પદો, સંખ્યાતા અક્ષરો છે અનંતાગમો, અનંત પર્યાયો છે, ત્રસો પરિત્ત અને અનંતા સ્થાવરો છે. તે સર્વે શાશ્વત છે, કૃત છે, નિબદ્ધ છે, નિકાચિત છે.

આ સર્વે જિનપ્રજ્ઞપ્ત ભાવો કહેવાય છે, પ્રજ્ઞાપાય છે, પ્રરૂપાય છે, નિર્દેશાય છે, ઉપદેશાય છે, તે ભણનારનો આત્મા તદ્રૂપ થાય છે, તે પ્રમાણે જ્ઞાતા, વિજ્ઞાતા થાય છે. આ પ્રમાણે ચરણકરણની પ્રરૂપણા કહેવાય છે. ચરણકરણ પ્રરૂપણા કહી છે.

તે આ અનુત્તરોપપાતિક દશા છે.

### સૂત્ર-૨૨૬

તે પ્રશ્ન વ્યાકરણ શું છે ? પ્રશ્ન વ્યાકરણમાં ૧૦૮ પ્રશ્ન, ૧૦૮ અપ્રશ્ન, ૧૦૮ પ્રશ્નાપ્રશ્ન, વિદ્યાતિશયો, નાગ–સુવર્ણ કુમારો સાથે દિવ્ય સંવાદો કહેવાય છે. પ્રશ્નવ્યાકરણદશામાં સ્વસમય–પરસમયને કહેનારા પ્રત્યેકબુદ્ધોએ વિવિધ અર્થવાળી ભાષા વડે કહેલ, અતિશય ગુણ, ઉપશમવાળા આચાર્યોએ વિસ્તારથી કહેલ તથા વીર મહર્ષિઓએ વિવિધ વિસ્તાર વડે કહેલી તથા જગતહિતકર, આદર્શ–અંગુષ્ઠ–બાહુ–ખડ્ગ–મણિ–વસ્ત્ર અને સૂર્યના સંબંધવાળી, વિવિધ મહાપ્રશ્નવિદ્યા અને મન પ્રશ્નવિદ્યાની અધિષ્ઠાયિકા દેવતાઓના પ્રયોગના મુખ્યપણે ગુણોને પ્રકાશ કરનારી, સદ્ભુત અને બમણા પ્રભાવ વડે મનુષ્યના સમૂહની બુદ્ધિને વિસ્મય કરનારી, અત્યંત વીતી ગયેલા કાળ–સમયમાં થયેલ દમ અને શમવાળા ઉત્તમ તીર્થંકરની સ્થિતિનું સ્થાપન કરવાના કારણભૂત, દુઃખે જાણી શકાય, દુઃખે અવગ્રાહી શકાય તથા અબુધજનને વિબોધ કરનાર એવા સર્વ સર્વજ્ઞ સંમત તત્ત્વની પ્રત્યક્ષ પ્રતીતિ કરાવનારી એવી પ્રશ્નવિદ્યાના જિનવરે કહેલા વિવિધ ગુણવાળા મહાપદાર્થો આ અંગમાં કહેવાય છે.

પ્રશ્ન વ્યાકરણમાં પરિત્ત વાચના, સંખ્યાતા અનુયોગદ્વારો સંખ્યાતી પ્રતિપત્તિઓ, સંખ્યાતા વેષ્ટકો, સંખ્યાતા શ્લોકો, સંખ્યાતી નિર્યુક્તિઓ અને સંખ્યાતી સંગ્રહણી છે

તે આ અંગાર્થપણે દશમું અંગ છે, તેમાં શ્રુતસ્કંધ એક, ૪૫–ઉદ્દેશનકાળ, ૪૫–સમુદ્દેશનકાળ, કુલ સંખ્યાતા લાખ પદો કહેલા છે. તેમાં સંખ્યાતા અક્ષરો, અનંતાગમો, અનંત પર્યાયો છે, ત્રસો પરિત્ત અને અનંતા સ્થાવરો છે. તે સર્વે શાશ્વત છે, કૃત છે, નિબદ્ધ છે, નિકાચિત છે.

આ સર્વે જિનપ્રજ્ઞપ્ત ભાવો કહેવાય છે, પ્રજ્ઞાપાય છે, પ્રરૂપાય છે, નિર્દેશાય છે, ઉપદેશાય છે, તે ભણનારનો આત્મા તદ્રૂપ થાય છે, તે પ્રમાણે જ્ઞાતા, વિજ્ઞાતા થાય છે. આ પ્રમાણે ચરણકરણની પ્રરૂપણા કહેવાય છે. ચરણકરણ પ્રરૂપણા કહી છે.

તે આ પ્રશ્ન વ્યાકરણ છે.

### સૂત્ર-૨૨૭

તે વિપાકશ્રુત શું છે ? વિપાકશ્રુતમાં સુકૃત અને દુષ્કૃત કર્મના ફળવિપાક કહેવાય છે. તે સંક્ષેપથી બે પ્રકારે છે – દુઃખવિપાક અને સુખવિપાક. તેમાં દશ દુઃખવિપાક અને દશ સુખવિપાક છે.

તે દુઃખવિપાક કેવા છે ? દુઃખવિપાકમાં દુઃખવિપાકી જીવોના નગર, ઉદ્યાન, ચૈત્ય, વનખંડ, રાજા, માતાપિતા, સમવસરણ, ધર્માચાર્ય, ધર્મકથા, નગર પ્રવેશ, સંસારનો વિસ્તાર અને દુઃખની પરંપરા કહેવાય છે.

તે સુખ વિપાક કેવા છે ? સુખવિપાકમાં સુખવિપાકી જીવોના નગર, ઉદ્યાન, ચૈત્ય, વનખંડ, રાજા, માતાપિતા, સમવસરણ, ધર્માચાર્ય, ધર્મકથા, આલોક–પરલોક સંબંધી વિશેષ પ્રકારની સમૃદ્ધિ, ભોગત્યાગ, પ્રવ્રજ્યા, શ્રુતગ્રહણ, તપોપધાન, દીક્ષાપર્યાય, પ્રતિમાવહન, સંલેખના, ભક્તપચ્ચક્ખાણ, પાદપોપગમન, દેવલોકગમન, સુકુલમાં જન્મ, પુનઃ બોધ પ્રાપ્તિ અને અંતક્રિયા એ સર્વે કહેવાય છે.

દુઃખવિપાકમાં પ્રાણાતિપાત, મૃષાવાદ, ચોરી, પરદારમૈથુન, પરિગ્રહસહિત તથા મહાતીવ્રકષાય, ઇન્દ્રિય, પ્રમાદ, પાપપ્રયોગ, અશુભ અધ્યવસાયથી સંચિત કરેલા અશુભ કર્મના અશુભ રસવાળા ફળવિપાક કહે છે – તે જીવોએ નરક ગતિ અને તિર્યંચયોનિમાં બહુવિધ સેંકડો દુઃખોની પરંપરા વડે બાંધેલા અને મનુષ્યપણામાં આવેલા તે જીવોના શેષ પાપકર્મો વડે જે પ્રકારે પાપ–ફળનો વિપાક તે કહે છે. તે આ રીતે -

વધ, વૃષણછેદ, નાસિકા–કર્ણ–ઓષ્ઠ–અંગુષ્ઠ–હાથ–પગ અને નખનું છેદન, જિહ્વા છેદ, અંજન, ફાડેલ વાંસના અગ્નિ વડે બાળવું, હાથીના પગ નીચે મર્દન, ફાડવું, લટકાવવું, શૂળ–લતા–લાકડી–સોંટીથી શરીરને ભાંગવુ, ત્રપું–સીસું–તપાવેલ તેલ વડે અભિષેક કરવો, કુંભીમાં પકાવવું, કંપાવવું, સ્થિરબંધન કરવું, વેધ કરવો, ચામડી તોડવી, ઇત્યાદિ ભયંકર અને અનુપમ એવા દુઃખો કહ્યા છે. બહુવિધ દુઃખ પરંપરાથી બંધાયેલા જીવો પાપકર્મરૂપ વેલથી મૂકાતા નથી કેમકે કર્મફળ વેદ્યા વિના મોક્ષ નથી અથવા – × – તપ વડે કર્મ શોધન થઈ શકે છે.

સુખવિપાકમાં શીલ, સંયમ, નિયમ, ગુણ, તપમાં સુવિહિત સાધુ અનુકંપાવાળા ચિત્તપ્રયોગ તથા ત્રિકાલિકમતિથી વિશુદ્ધ એવા તથા પ્રયોગશુદ્ધ એવા ભાતપાણીને હિત–સુખ–કલ્યાણકારી તીવ્ર અધ્યવસાયવાળી અને સંશયરહિત બુદ્ધિ વાળા, આદરયુક્ત ચિત્ત વડે જે રીતે બોધિલાભને ઉત્પન્ન કરે છે, તથા જે રીતે નર, નારક, તિર્યંચ, દેવગતિમાં ગમન કરવારૂપ મોટા આવર્ત્તવાળા અરતિ, ભય, વિષાદ, શોક અને મિથ્યાત્વરૂપી પર્વતો વડે સાંકડા, અજ્ઞાનરૂપી અંધકારવાળા, કાદવયુક્ત, દુસ્તર, જરા–મરણ–જન્મરૂપ ક્ષોભ પામ્યું છે. ચક્રવાલ જેમાં એવા ૧૬–કષાયરૂપી અત્યંત પ્રચંડ શ્વાપદો છે જેમાં એવા આ અનાદિ અનંત સંસાર સમુદ્રને પરિમિત કરે છે. – તથા –

જે પ્રકારે દેવસમૂહના આયુષ્યને બાંધે છે, જે રીતે દેવના વિમાનના અનુપમ સુખોને ભોગવે છે અને કાલાંતરે ચ્યવીને આ જ મનુષ્યલોકમાં આવીને વિશેષ પ્રકારના આયુ, શરીર, વર્ણ, રૂપ, જાતિ, કુળ, જન્મ, આરોગ્ય, બુદ્ધિ અને મેધા તથા વિશેષ પ્રકારના મિત્રજન, સ્વજન, ધન, ધાન્યના વૈભવ તથા સમૃદ્ધિસારનો સમુદય, બહુવિધ કામભોગથી ઉત્પન્ન વિશેષ સુખો આ ઉત્તમ એવો સુખવિપાક છે.

તથા અનુક્રમે અશુભ અને શુભ કર્મના નિરંતર પરંપરાના સંબંધવાળા ઘણા પ્રકારના વિપાકો આ વિપાકશ્રુતમાં ભગવંત જિનવરે સંવેગ કારણાર્થે કહ્યા છે. આ તથા અન્ય પણ પદાર્થાદિ કહ્યા છે. આ પ્રમાણે ઘણા પ્રકારની પદાર્થની પ્રરૂપણા વિસ્તારથી કહેવાય છે.

આ વિપાક શ્રુતની પરિત્તા વાચના, સંખ્યાતા અનુયોગદ્વારો, અનંતાગમો, અનંત પર્યાયો છે, ત્રસો પરિત્ત અને અનંતા સ્થાવરો છે. તે સર્વે શાશ્વત છે, કૃત છે, નિબદ્ધ છે, નિકાચિત છે.

છે. તે અંગાર્થપણે અગિયારમું અંગ છે. તેમાં ૨૦–અધ્યયનો, ૨૦–ઉદ્દેશનકાળ, ૨૦–સમુદ્દેશનકાળ, સંખ્યાતા લાખ પદો, તેમાં સંખ્યાતા અક્ષરો, અનંતાગમો, અનંત પર્યાયો છે, ત્રસો પરિત્ત અને અનંતા સ્થાવરો છે. તે સર્વે શાશ્વત છે, કૃત છે, નિબદ્ધ છે, નિકાચિત છે.

આ સર્વે જિનપ્રજ્ઞપ્ત ભાવો કહેવાય છે, પ્રજ્ઞાપાય છે, પ્રરૂપાય છે, નિર્દેશાય છે, ઉપદેશાય છે, તે ભણનારનો આત્મા તદ્રૂપ થાય છે, તે પ્રમાણે જ્ઞાતા, વિજ્ઞાતા થાય છે. આ પ્રમાણે ચરણકરણની પ્રરૂપણા કહેવાય છે.

તે આ વિપાકશ્રુત છે.

સૂત્ર- ૨૨૮ થી ૨૩૨

૨૨૮. તે દષ્ટિવાદ શું છે ? દષ્ટિવાદમાં સર્વભાવની પ્રરૂપણા કહે છે. તે સંક્ષેપથી પાંચ ભેદે - પરિકર્મ, સૂત્ર, પૂર્વગત, અનુયોગ, ચૂલિકા.

તે પરિકર્મ શું છે ? પરિકર્મ સાત ભેદે કહ્યું છે - સિદ્ધશ્રેણિકા પરિકર્મ, મનુષ્યશ્રેણિકા પરિકર્મ, પૃષ્ટશ્રેણિકા પરિકર્મ, અવગાહનાશ્રેણિકા પરિકર્મ, ઉપસંપદ્યશ્રેણિકા પરિકર્મ, વિપ્રજહશ્રેણિકા પરિકર્મ, ચ્યુતાચ્યુતશ્રેણિકા પરિકર્મ, તેમાં

૧. સિદ્ધશ્રેણિકા પરિકર્મ શું છે ?

સિદ્ધશ્રેણિકા પરિકર્મ ચૌદ પ્રકારે છે - માતૃકાપદ, એકાર્થિકપદ, અર્થપદ, પાદોષ્ઠપદ, આકાશ પદ, કેતુભૂત, રાશિબદ્ધ, એકગુણ, દ્વિગુણ, ત્રિગુણ, કેતુભૂતપ્રતિગ્રહ, સંસારપ્રતિગ્રહ, નંદાવર્ત્ત, સિદ્ધબદ્ધ. તે સિદ્ધ શ્રેણિકા.

તે ૨. મનુષ્ય શ્રેણિકા પરિકર્મ કયુ છે ? મનુષ્ય શ્રેણિકા પરિકર્મ ચૌદ પ્રકારે છે – માતૃકાપદથી યાવત્ નંદાવર્ત્ત. ૧૪. મનુષ્યબદ્ધ. બાકીના પૃષ્ઠશ્રેણિકા આદિ પરિકર્મો ૧૧–૧૧ ભેદે કહ્યા છે.

આ પ્રમાણે સાત પરિકર્મો સ્વસમયના છે, સાત આજીવિક મત–અનુસારી છે, છ ચતુષ્કનય, સાત ત્રૈરાશિકના છે. આ પ્રમાણે પૂર્વાપર સહિત સાતે પરિકર્મના ૮૩–ભેદ થાય છે, એમ મેં કહ્યું છે, તે આ પરિકર્મ.

તે સૂત્ર શું છે ? સૂત્રો ૮૮ છે, એમ મેં કહ્યું છે, તે આ - ૧.ઋજુસૂત્ર, પરિણતાપરિણત, બહુભંગિક, વિજયચરિત, અનંતર, ૬.પરંપર, સમાન, સંજૂહ, સંભિન્ન, યથાત્યાગ ૧૧. સૌવસ્તિક, નંદ્યાવર્ત, બહુલ, પૃષ્ટાપૃષ્ટ, વ્યાવર્ત્ત, ૧૬.એવંભૂત, દ્વિકાવર્ત, વર્તમાનપદ, સમભિરૂઢ, સર્વતોભદ્ર, ૨૧.પણ્યાસ દ્વિપ્રતિગ્રહ.

આ ૨૨–સૂત્રો છિન્નચ્છેદનયિક સ્વસમય સૂત્ર પરિપાટીએ છે, ૨૨–સૂત્રો અચ્છિન્નચ્છેદ નયસંબંધી આજીવિક સૂત્ર પરિપાટીએ છે, ૨૨–સૂત્રો ત્રિકનયિક ત્રૈરાશિક સૂત્ર પરિપાટીએ કહ્યા, તથા ૨૨–સૂત્રો ચતુષ્કનયિક સ્વસમય સૂત્રની પરિપાટીએ કહ્યા, આ પ્રમાણે પૂર્વાપરથી ૮૮ સૂત્રો થાય એમ મેં કહ્યું છે.

તે પૂર્વગત શું છે ? પૂર્વગત ૧૪–પ્રકારે છે, તે આ - ઉત્પાદ પૂર્વ, અગ્રેણીય, વીર્ય, અસ્તિનાસ્તિપ્રવાદ, જ્ઞાન–પ્રવાદ, સત્યપ્રવાદ, આત્મપ્રવાદ, કર્મપ્રવાદ, પ્રત્યાખ્યાનપ્રવાદ, વિદ્યાનુપ્રવાદ, અવંધ્ય, પ્રાણાયુ, ક્રિયાવિશાલ, લોકબિંદુસાર.

તેમાં ૧. ઉત્પાદ પૂર્વમાં દશ વસ્તુ છે અને ચાર ચૂલિકા વસ્તુ છે. ૨. અગ્રેણીય પૂર્વમાં ૧૪ વસ્તુ અને ૧૨–ચૂલિકા વસ્તુ છે. ૩. વીર્યપ્રવાદ પૂર્વમાં ૮–વસ્તુ, ૮–ચૂલિકા વસ્તુ છે.

૪. અસ્તિનાસ્તિ પ્રવાદ પૂર્વમાં ૧૮–વસ્તુ, ૧૦–ચૂલિકા વસ્તુ છે. ૫. જ્ઞાનપ્રવાદ પૂર્વમાં ૧૨–વસ્તુ, ૬. સત્ય–પ્રવાદ પૂર્વમાં બે વસ્તુ, ૭. આત્મપ્રવાદ પૂર્વમાં ૧૬–વસ્તુ છે, ૮. કર્મપ્રવાદ પૂર્વમાં ૩૦–વસ્તુ છે.

૧૧. અવંધ્ય પૂર્વમાં ૧૨–વસ્તુ છે. ૧૩. ક્રિયા વિશાલ પૂર્વમાં ૩૦–વસ્તુ છે. ૧૪. લોકબિંદુસાર પૂર્વમાં ૨૫–વસ્તુ છે. આ વાતને બે સંગ્રહણી ગાથા દ્વારા કહે છે–

૨૨૯. પહેલા પૂર્વમાં ૧૦ એ રીતે ક્રમશ: ૧૪, ૮, ૧૮, ૧૨, ૨, ૧૬, ૩૦, ૨૦, દશમા પૂર્વમાં ૧૫

૨૩૦. ૧૨, ૧૩, ૩૦, ૨૫ એ પ્રમાણે ચૌદ પૂર્વમાં 'વસ્તુ' નો અનુક્રમ જાણવો.

૨૩૧. પહેલા ચાર પૂર્વમાં ક્રમશઃ ૪, ૧૨, ૮, ૧૦ ચૂલિકાવસ્તુ નામનો અધિકાર છે. શેષ ૧૦ પૂર્વોમાં ચૂલિકા નામનો અધિકાર નથી.

૨૩૨. હવે તે અનુયોગ શું છે ? અનુયોગ બે ભેદે - મૂલ પ્રથમાનુયોગ અને ગંડિકાનુયોગ.

તે મૂલ પ્રથમાનુયોગ શું છે ? તેમાં અરહંત ભગવંતોના પૂર્વભવ, દેવલોકગમન, આયુ, ચ્યવન, જન્મ, અભિષેક, શ્રેષ્ઠ રાજ્યલક્ષ્મી, શિબિકા, પ્રવ્રજ્યા, તપ, ભોજન, કેવલજ્ઞાનોત્પાદ, તીર્થપ્રવર્તન, સંઘયણ, સંસ્થાન,

ઉંચાઈ, આયુ, વર્ણવિભાગ, શિષ્ય, ગણ, ગણધર, આર્યા, પ્રવર્તિની, ચતુર્વિધ સંઘનુ પ્રમાણ, કેવલી, મનઃપર્યવ જ્ઞાની, અવધિજ્ઞાની, મતિજ્ઞાની, શ્રુતજ્ઞાનીઓનું પ્રમાણ, વાદી, અનુત્તરોપપાતિક, સિદ્ધ થયેલા, પાદોપગમન પામેલા જેઓ જે સ્થાને જેટલા ભત્તપાન છેદીને અંતકૃત્ થઈને ઉત્તમ મુનિવરો કર્મરજના સમૂહથી મુક્ત થઈ અનુત્તર સિદ્ધિ માર્ગને પામ્યા, આ અને આવા બીજા ભાવો મૂલ પ્રથમાનુયોગમાં કહ્યા છે, તે અહીં પ્રજ્ઞાપાય છે – પ્રરૂપાય છે.

તે ગંડિકાનુયોગ શું છે ? અનેક પ્રકારે કહ્યો છે - કુલકરગંડિકા, તીર્થંકરગંડિકા, ગણધરગંડિકા, ચક્રવર્તી–ગંડિકા, દશારગંડિકા, બલદેવગંડિકા, વાસુદેવગંડિકા, હરિવંશગંડિકા, ભદ્રબાહુગંડિકા, તપકર્મગંડિકા, ચિત્રાંતર–ગંડિકા, ઉત્સર્પિણી ગંડિકા, અવસર્પિણી ગંડિકા, દેવાદિ ચાર ગતિમાં ગમન વિવિધ પ્રકારે પર્યટન, તેનો અનુયોગ, તે ગંડિકાનુયોગ. તે અહીં કહેવાય છે, પ્રજ્ઞાપાય છે, પ્રરૂપાય છે.

તે ચૂલિકા કઈ છે? પહેલા ચાર પૂર્વોમાં ચૂલિકાઓ છે, બાકીના પૂર્વમાં ચૂલિકાઓ નથી. આ તે ચૂલિકા કહી.

આ દૃષ્ટિવાદમાં પરિત્તા વાચના, સંખ્યાત અનુયોગદ્વારો, સંખ્યાતી પ્રતિપત્તિ, સંખ્યાતી નિર્યુક્તિ, સંખ્યાતા શ્લોક, સંખ્યાતી સંગ્રહણી છે. અંગાર્થપણે આ બારમું અંગ છે.

તેમાં એક શ્રુતસ્કંધ છે. ચૌદ પૂર્વ છે, સંખ્યાતી વસ્તુ, સંખ્યાતી ચૂલાવસ્તુ, સંખ્યાતા પાહુડા, સંખ્યાતા પ્રાભૃતાપ્રાભૃત, સંખ્યાતી પ્રાભૃતિકા, સંખ્યાતી પ્રાભૃત–પ્રાભૃતિકા, સર્વે મળીને સંખ્યાતા લાખ પદો કહ્યા છે.

વળી સંખ્યાતા અક્ષરો, અનંતાગમા, અનંતા પર્યાયો, પરિત્ત ત્રસો, અનંતા સ્થાવરો છે. તે દ્રવ્યથી શાશ્વત અને પર્યાયથી કૃત્ છે. તથા જિનવરે કહેલા નિબદ્ધ અને નિકાચિત ભાવો આમાં કહેવાય છે, પ્રજ્ઞાપાય છે, પ્રરૂપાય છે, દેખાડાય છે, નિર્દેશાય છે, ઉપદેશાય છે, એ પ્રમાણે ભાવો જાણ્યા છે, વિશેષે જાણ્યા છે, એ રીતે ચરણકરણની પ્રરૂપણા કહેવાય છે.

તે આ દૃષ્ટિવાદ કહ્યો. તે આ બાર અંગરૂપ ગણિપિટક કહ્યું.

### સૂત્ર- ૨૩૩

આ દ્વાદશાંગ ગણિપિટકની આજ્ઞા વિરાધીને ભૂતકાળમાં અનંતા જીવોએ ચાતુરંત સંસારાટવીમાં પરિભ્રમણ કરેલ છે. આ દ્વાદશાંગ ગણિપિટકની આજ્ઞા વિરાધીને વર્તમાનકાળે ચાતુરંત સંસારાટવીમાં ભ્રમણ કરે છે. આ દ્વાદશાંગી ગણિપિટકની આજ્ઞા આરાધીને ભાવિ કાળમાં અનંતા જીવો ચાતુરંત સંસારાટવીમાં ભ્રમણ કરશે.

આ દ્વાદશાંગ ગણિપિટકની આજ્ઞા આરાધીને ભૂતકાળમાં અનંતા જીવોએ ચાતુરંત સંસારાટવીને ઓળંગી છે, એ રીતે વર્તમાનકાળ અને ભાવિકાળમાં પણ કહેવું.

આ દ્વાદશાંગ ગણિપિટક કદાપિ ન હતુ એમ નથી, કદાપિ નથી એમ નહીં, કદાપિ નહીં હોય તેમ પણ નહીં. પરંતુ હતુ, છે અને હશે. વળી તે અચલ, ધ્રુવ, નિયત, શાશ્વત, અક્ષય, અવસ્થિત અને નિત્ય છે. – જેમ કે,

પાંચ અસ્તિકાય કદાપિ ન હતા એમ નહીં, કદાપિ નથી એમ નહીં અને કદાપિ નહીં હોય એમ પણ નહીં. પણ હતા – છે અને હશે. વળી તે અચલ, ધ્રુવ, નિયત, શાશ્વત, અક્ષય, અવ્યય, અવસ્થિત અને નિત્ય છે,

તેમજ દ્વાદશાંગ ગણિપિટક ન હતુ – નથી કે નહીં હોય એમ નથી પણ હતું – છે – હશે. વળી તે અચલ, ધ્રુવ, યાવત્ નિત્ય છે.

આ દ્વાદશાંગ ગણિપિટકમાં અનંત ભાવો, અનંત અભાવો, અનંત હેતુઓ, અનંત અહેતુઓ, અનંત કારણો, અનંત અકારણો, અનંત જીવો, અનંત અજીવો, અનંત ભવસિદ્ધિઓ, અનંત અભવસિદ્ધિઓ, અનંત સિદ્ધો અને અનંત અસિદ્ધો કહેવાય છે, પ્રજ્ઞાપના કરાય છે, દેખાડાય છે, નિદર્શન કરાય છે, ઉપદર્શન કરાય છે,

તે રીતે આ દ્વાદશાંગ ગણિપિટક છે.

### સૂત્ર- ૨૩૪ થી ૨૪૪

૨૩૪. રાશિ બે કહી છે - જીવરાશિ અને અજીવરાશિ. અજીવરાશિ બે ભેદે છે – રૂપી અજીવરાશિ, અરૂપી

અજીવરાશિ. અરૂપી અજીવરાશિ દશ પ્રકારે છે – ધર્માસ્તિકાય યાવત્ અદ્ધાસમય. રૂપી અજીવરાશિ અનેક પ્રકારે છે યાવત્ તે અનુત્તરોપપાતિક કેટલા છે ? અનુત્તરોપપાતિક પાંચ પ્રકારે છે - વિજય, વૈજયંત, જયંત, અપરાજિત, સર્વાર્થસિદ્ધિક. તે આ અનુત્તરોપપાતિક કહ્યા. તે આ સંસારી પંચેન્દ્રિય જીવરાશિ કહી.

નૈરયિક બે ભેદે છે - પર્યાપ્તા, અપર્યાપ્તા. એ જ પ્રમાણે દંડક કહેવો યાવત્ વૈમાનિક સુધી કહેવું.

આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલા ક્ષેત્રને ઓળંગીને કેટલા નરકાવાસ કહ્યા છે ? હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વી ૧,૮૦,૦૦૦ યોજન છે. તેમાં ઉપરના ૧૦૦૦ યોજન ઓળંગીને અને નીચેના ૧૦૦૦ યોજન વર્જીને મધ્યમાં ૧,૭૮,૦૦૦ યોજનમાં, આ રત્નપ્રભા પૃથ્વીમાં નારકીના ૩૦ લાખ નરકાવાસો હોય છે, એમ મેં કહ્યું છે. તે નરકાવાસો અંદરના ભાગે વૃત્ત, બાહ્ય ચોરસ યાવત્ તે નરકો શુભ છે અને તેમાં અશુભ વેદનાઓ છે. એ પ્રમાણે સાતે નરકોમાં જેમ ઘટે તેમ કહેવું.

૨૩૫. સાતે નરક પૃથ્વીનું બાહલ્ય એક લાખ ઉપરાંત અનુક્રમે - પહેલીનું ૮૦, બીજીનું. ૩૨, ત્રીજીનું ૨૮, ચોથીનું ૨૦, પાંચમીનું ૧૮, છટ્ઠીનું. ૧૬, સાતમીનું ૮ હજાર યોજન છે.

૨૩૬. નરકાવાસો સાતે નરકમાં અનુક્રમે આ પ્રમાણે - ૧. ૩૦, ૨. ૨૫, ૩. ૧૫, ૪. ૧૦, ૫. ૩–લાખ, ૬. ૧ લાખમાં ૫ ન્યૂન, ૭. ૫ છે.

૨૩૭. બીજી પૃથ્વીમાં, ત્રીજી પૃથ્વીમાં, ચોથી પૃથ્વીમાં, પાંચમી પૃથ્વીમાં, છઠ્ઠી પૃથ્વીમાં, સાતમી પૃથ્વીમાં ઉક્ત નરકાવાસો કહેવા. સાતમી પૃથ્વીમાં પૃચ્છા. હે ગૌતમ ! સાતમી પૃથ્વી ૧,૦૮,૦૦૦ યોજન બાહલ્યથી છે, તેમાં ઉપરથી ૫૨,૫૦૦ યોજન અવગાહીને તથા નીચેના ૫૨,૫૦૦ યોજન વર્જીને મધ્યના ૩૦૦૦ યોજનમાં સાતમી પૃથ્વીના નારકીના અનુત્તર અને મહામોટા પાંચ નરકાવાસો કહ્યા છે. તે આ -

કાળ, મહાકાળ, રોરુક, મહારોરુક, અપ્રતિષ્ઠાન. તે નરકો વૃત્ત અને ત્ર્યસ્ર છે. નીચે ક્ષુરપ્રના સંસ્થાને રહેલા છે. યાવત્ તે નરકો અશુભ છે, તેમાં અશુભ વેદનાઓ છે.

૨૩૮. હે ભગવન્ ! અસુરકુમારના કેટલા આવાસો કહ્યા છે ? હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં ૧,૮૦,૦૦૦ યોજન બાહલ્યવાળી છે, તેના ઉપરના ભાગના ૧૦૦૦ યોજન અવગાહીને અને નીચે ૧૦૦૦ યોજન વર્જીને મધ્યે ૧,૭૮,૦૦૦ યોજન છે. તેમાં રત્નપ્રભા પૃથ્વીમાં ૬૪–લાખ અસુરકુમારના આવાસો છે.

તે ભવનો બહારથી વૃત્ત છે, અંદર ચતુરસ્ર છે, નીચે પુષ્કરકર્ણિકા સંસ્થાને છે. જેનો અંતરાલ ખોદ્યો છે એવા, વિસ્તીર્ણ અને ગંભીર ખાત અને પરિખા જેને છે એવા, તથા અટ્ટાલક, ચરિકા, ગોપુરદ્વાર, કમાડ, તોરણ, પ્રતિદ્વાર જેના દેશભાગમાં છે એવા, તથા યંત્ર, મુશલ, મુસુંઢી અને શતઘ્ની સહિત એવા, બીજાઓ વડે યુદ્ધ ન કરી શકાય એવા તથા ૪૮ કોઠા વડે રચેલ, ૪૮ ઉત્તમ વનમાળાવાળા, છાણથી લીંપેલા ભૂમિભાગવાળા, ભીંતો ઉપર ખડી ચોપડેલા, એવી પૃથ્વી અને ભીંતો વડે શોભતા, ઘણા ગોશીર્ષ ચંદન અને રક્તચંદન વડે ભીંતો ઉપર પાંચે આંગળી સહિત થાપા મારેલા, તથા કાલાગુરુ, શ્રેષ્ઠ કુંદુરુક્ક, તુરુષ્ક, બળતી ધૂપના મઘમઘતા ગંધથી અત્યંત મનોહર, સુંદર શ્રેષ્ઠ ગંધવાળા, ગંધવાટિકા રૂપ થયેલા, વળી તે આવાસો સ્વચ્છ, કોમળ, સુંવાળા, ઘસેલા, મસળેલા તથા રજરહિત, નિર્મળ, અંધકારરહિત, વિશુદ્ધ, કાંતિવાળા, કિરણોવાળા, ઉદ્યોતવાળા, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ આદિ વર્ણવવા.

૨૩૯. અસુરના ૬૪ લાખ, નાગના ૮૪ લાખ, સુવર્ણના ૭૨ લાખ, વાયુના ૯૬ લાખ.

૨૪૦. દ્વીપ–દિશા–ઉદધિ–વિદ્યુત્–સ્તનિત–અગ્નિકુમાર એ છ એ નિકાયમાં ૭૨–૭૨ લાખ ભવનો છે.

૨૪૧. હે ભગવન્ ! પૃથ્વીકાયના આવાસ કેટલા છે ? હે ગૌતમ ! પૃથ્વીકાયના આવાસો અસંખ્ય છે. એ જ પ્રમાણે યાવત્ મનુષ્ય સુધી કહેવું.

હે ભગવન્ ! વાણવ્યંતર આવાસ કેટલા છે ? હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીનું રત્નમય કાંડ ૧૦૦૦ યોજન છે, તેના ઉપર નીચેના ૧૦૦–૧૦૦ યોજન વર્જીને વચ્ચેના ૮૦૦ યોજન રહ્યા. તેમાં વાણવ્યંતર દેવોના તીરછા અસંખ્યાતા લાખ ભૌમેય નગરાવાસ કહેલા છે. તે ભૌમેય નગરો બહારથી વર્તુળ, અંદર ચતુરસ્ર છે.

એ જ પ્રમાણે જેમ ભવનવાસી દેવોના આવાસોનું વર્ણન કહ્યું તેમ જાણવુ. વિશેષ એ – તે પતાકા માળાથી વ્યાપ્ત, અતિરમ્ય, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ છે.

હે ભગવન્ ! જ્યોતિષીઓના કેટલા વિમાનાવાસો છે ? હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ રમણીય ભૂભાગથી ૭૯૦ યોજન ઊંચે જતા, ત્યાં ૧૧૦ યોજનના બાહલ્યમાં તીરછા જ્યોતિષ્ વિષયમાં જ્યોતિષી દેવોના અસંખ્યાતા જ્યોતિષ્ક વિમાનાવાસો છે.

તે જ્યોતિષ્ વિમાનાવાસો ચોતરફ અત્યંત પ્રસરેલ કાંતિ વડે ઉજ્જવલ, વિવિધ મણિ, રત્નની રચનાથી આશ્ચર્યકારી, વાયુએ ઉડાડેલ વિજયસૂચક વૈજયંતી, પતાકા, છત્રાતિછત્રથી યુક્ત, અતિ ઊંચા, આકાશતલને સ્પર્શતા શિખરવાળા, રત્નમય જાળીવાળા, પાંજરામાંથી બહાર કાઢેલ હોય તેવા મણિ અને સુવર્ણના શિખરવાળા, વિકસ્વર શતપત્ર કમળ, તિલક અને રત્નમય અર્ધચંદ્ર વડે વિચિત્ર એવા, અંદર અને બહાર કોમળ, સુવર્ણમય વાલુકાના પ્રતરવાળા, સુખસ્પર્શવાળા, સુંદર આકારવાળાદિ છે.

હે ભગવન્ ! વૈમાનિક દેવોના આવાસ કેવા છે ? હે ગૌતમ ! આ રત્નપ્રભાના બહુસમ રમણીય ભૂભાગથી ઊંચે ચંદ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર, તારાઓને ઓળંગીને ઘણા યોજન, ઘણા સો યોજન, ઘણા હજાર યોજન, ઘણા લાખ યોજન, ઘણા કરોડ યોજન, બહુ કોડાકોડી યોજન, અસંખ્ય કોડાકોડી યોજન, ઊંચે ઊંચે દૂર જઈએ, ત્યાં વૈમાનિક દેવોના સૌધર્મ–ઈશાન–સનત્કુમાર–માહેન્દ્ર–બ્રહ્મ–લાંતક–શુક્ર–સહસ્રાર–આનત–પ્રાણત–આરણ–અચ્યુત દેવલોકમાં તથા નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનમાં ૮૪,૯૭,૦૨૩ વિમાનો છે, એમ મેં કહ્યું છે.

તે વિમાનો સૂર્ય જેવી કાંતિવાળા, પ્રકાશ સમૂહરૂપ સૂર્યવર્ણી, અરજ, નીરજ, નિર્મલ, વિતિમિર, વિશુદ્ધ, સર્વરત્ન મય, સ્વચ્છ, કોમળ, ધૃષ્ટ, મૃષ્ટ, નિષ્પંક, નિષ્કંટક કાંતિવાળા, પ્રભાસહ, શોભાસહ, સઉદ્યોત, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ છે.

હે ભગવન્ ! સૌધર્મકલ્પમાં કેટલા વિમાનાવાસ છે ? હે ગૌતમ ! ૩૨–લાખ વિમાનો છે. એ જ પ્રમાણે – ઈશાનાદિ કલ્પોમાં અનુક્રમે ૨૮ લાખ, ૧૨ લાખ, ૮ લાખ, ૪ લાખ, ૫૦,૦૦૦ , ૪૦,૦૦૦ , ૬૦૦૦ આનત–પ્રાણતમાં ૪૦૦, આરણ–અચ્યુતમાં ૩૦૦ જાણવા. આ વિષયમાં નીચે મુજબ સંગ્રહણી ગાથાઓ જાણવી

૨૪૨. ૩૨, ૨૮, ૧૨, ૮, ૪ – લાખ, છટ્ઠામાં ૫૦, સાતમામાં ૪૦, સહસ્રારમાં ૬ હજાર.

૨૪૩. આનત–પ્રાણતમાં ૪૦૦, આરણ–અચ્યુતમાં ૩૦૦ એ રીતે છેલ્લા ચાર કલ્પમાં ૭૦૦ વિમાનો છે. ૧૨ કલ્પમાં ૮૪,૯૬,૭૦૦ વિમાનો..

૨૪૪. હેટ્ઠિમ ગ્રૈવેયક–ત્રિકમાં–૧૧૧, મધ્યમ ગ્રૈવેયક ત્રિકમાં–૧૦૭, ઉપરિમ ગ્રૈવેયક ત્રિકમાં–૧૦૦, અનુત્તર વિમાનમાં–૫ વિમાનો છે.

### સૂત્ર- ૨૪૫

હે ભગવન્ ! નારકીઓની સ્થિતિ કેટલો કાળ છે ? હે ગૌતમ ! જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટથી ૩૩–સાગરોપમ સ્થિતિ છે. હે ભગવન્ ! અપર્યાપ્તા નારકોની કેટલો કાળ સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત. તથા પર્યાપ્તા નારકીઓની જઘન્યથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન ૩૩–સાગરોપમ કહી છે. આ રત્નપ્રભા પૃથ્વી આદિમાં એમ જ કહેવું. યાવત્ – વિજય, વૈજયંત, જયંત, અપરાજિત દેવોની કેટલા કાળની સ્થિતિ છે ? હે ગૌતમ ! જઘન્યથી ૩૨–સાગરોપમ અને ઉત્કૃષ્ટથી ૩૩–સાગરોપમ કહી છે. સર્વાર્થસિદ્ધે અજઘન્યોત્કૃષ્ટથી ૩૩–સાગરોપમ સ્થિતિ કહી છે.

સૂત્ર- ૨૪૬

હે ભગવન્ ! ઔદારિક શરીર કેટલા પ્રકારે છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારે, તે આ - એકેન્દ્રિય ઔદારિક શરીર યાવત્ ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્ય પંચેન્દ્રિયનું ઔદારિક શરીર.

હે ભગવન્ ! ઔદારિક શરીરની કેટલી મોટી શરીર અવગાહના કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ અને ઉત્કૃષ્ટથી સાધિક ૧૦૦૦ યોજન. એ જ પ્રમાણે જેમ અવગાહના કહી તેમ સંસ્થાન અને ઔદારિક પ્રમાણ કહેવું. એ પ્રમાણે યાવત્ મનુષ્ય શરીર અવગાહના ત્રણ ગાઉ છે.

હે ભગવન્ ! વૈક્રિય શરીર કેટલા પ્રકારે છે ? હે ગૌતમ ! બે પ્રકારે - એકેન્દ્રિય વૈક્રિયશરીર અને પંચેન્દ્રિય વૈક્રિય શરીર. એ પ્રમાણે યાવત્ સનત્કુમારથી આરંભી યાવત્ અનુત્તર ભવધારણીય શરીર યાવત્ તેઓના શરીરમાં એક એક રત્નીની હાનિ થાય છે.

હે ભગવન્ ! આહારક શરીર કેટલા પ્રકારે છે ? હે ગૌતમ ! એક જ આકારવાળુ કહ્યું છે. તો શું મનુષ્ય આહારક શરીર કે અમનુષ્ય આહારક શરીર ? હે ગૌતમ ! મનુષ્ય આહારક શરીર છે, અમનુષ્યક નહીં.

હે ભગવન્ ! જો મનુષ્ય આહારક શરીર છે, તો શું ગર્ભજ મનુષ્ય આહારક શરીર કે સંમૂર્ચ્છિમ મનુષ્ય આહારક શરીર ? હે ગૌતમ ! ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે, સંમૂર્ચ્છિમ નહીં. જો ગર્ભજ છે તો તે શરીર કર્મભૂમિજ મનુષ્યનું છે કે અકર્મભૂમિજ મનુષ્યનું ? હે ગૌતમ ! કર્મભૂમિજનું છે, અકર્મભૂમિજનું નહીં.

જો કર્મભૂમિજનું છે, તો સંખ્યાતા વર્ષાયુ વાળાનું છે કે અસંખ્યાતા વર્ષાયુ વાળાનું ? હે ગૌતમ ! સંખ્યાતા વર્ષાયુવાળાનું છે, અસંખ્યાતા વર્ષાયુ વાળાનું નહીં. જો સંખ્યાત વર્ષાયુ વાળાનું છે, તો પર્યાપ્તાનું કે અપર્યાપ્તાનું ? હે ગૌતમ ! પર્યાપ્તાનું છે, અપર્યાપ્તાનું નહીં.

હે ભગવન્ ! જો પર્યાપ્તાનું છે, તો તે શું સમ્યગ્ દૃષ્ટિનું છે ? મિથ્યાદૃષ્ટિનું છે ? કે સમ્યગ્મિથ્યાદૃષ્ટિનું આહારક શરીર છે ? હે ગૌતમ ! સમ્યગ્દૃષ્ટિને છે, મિથ્યદૃષ્ટિ કે સમ્યગ્-મિથ્યા દૃષ્ટિને નહીં. જો સમ્યગ્દૃષ્ટિને છે, તો સંયતને છે, અસંયતને છે કે સંયતાસંયતને છે ? હે ગૌતમ ! સંયતને છે, અસંયત કે સંયતાસંયતને નહીં.

જો સંયતને છે તો પ્રમત્ત સંયતને છે કે અપ્રમત્ત સંયતને ? હે ગૌતમ ! પ્રમત્તસંયતને છે, અપ્રમત્તને નહીં. જો પ્રમત્ત સંયતને છે તો ઋદ્ધિ પ્રાપ્તને કે ઋદ્ધિ અપ્રાપ્તને ? હે ગૌતમ ! ઋદ્ધિ પ્રાપ્તને છે, ઋદ્ધિ અપ્રાપ્તને નહીં. એમ સંપૂર્ણ વચનો કહેવા.

તે આહારક શરીર સમચતુરસ્ર સંસ્થાન સંસ્થિત છે. તે આહારક શરીરની કેટલી મોટી શરીરાવગાહના કહી છે? હે ગૌતમ ! જઘન્યથી દેશઉણ એક હાથ, ઉત્કૃષ્ટથી પરિપૂર્ણ એક હાથની.

હે ભગવન્ ! તૈજસ શરીર કેટલા પ્રકારે છે ? હે ગૌતમ ! તૈજસ શરીર પાંચ પ્રકારે છે, તે આ - એકેન્દ્રિય તૈજસશરીર, બે-ત્રણ-ચાર-પાંચ ઇન્દ્રિય તૈજસશરીર. એ પ્રમાણે યાવત્ આરણ અચ્યુતદેવલોક સુધી જાણવું.

હે ભગવન્ ! ગ્રૈવેયક દેવ મારણાંતિક સમુદ્ઘાત વડે હણાય, ત્યારે તેની શરીરની અવગાહના કેટલી મોટી કહી છે ? હે ગૌતમ ! વિષ્કંભ-બાહલ્યથી શરીર પ્રમાણ માત્ર જ છે ને આયામથી જઘન્યથી નીચે યાવત્ વિદ્યાધર શ્રેણી અને ઉત્કૃષ્ટથી અધોલોક ગ્રામ સુધી, ઉપર સ્વવિમાન ધ્વજા સુધી, તિરછી મનુષ્યક્ષેત્ર સુધી, એ રીતે યાવત્ અનુત્તરોપપાતિક દેવ સુધી જાણવુ. એ પ્રમાણે કાર્મણ શરીર સંબંધે કહેવું.

સૂત્ર- ૨૪૭ થી ૨૫૧

૨૪૭. હે ભગવન્ ! અવધિજ્ઞાન કેટલા ભેદે છે ? હે ગૌતમ ! બે ભેદે - ભવપ્રત્યયિક, ક્ષાયોપશમિક. એ પ્રમાણે પ્રજ્ઞાપના સૂત્રનું સર્વ 'ઓહિપદ' કહેવું.

૨૪૮. વેદના વિષયમાં શીત, દ્રવ્ય, શરીરસંબંધી, સાતાવેદના, દુઃખ, આભ્યુપગમ, ઔપક્રમિક, નિદા, અનિદા આટલા પ્રકારે વેદના છે..

૨૪૯. હે ભગવન્ ! નૈરયિકો શીતવેદના વેદે કે ઉષ્ણવેદના કે શીતોષ્ણ વેદના વેદે ? હે ગૌતમ ! નૈરયિકો૦ અહી પ્રજ્ઞાપના સૂત્રનું સમગ્ર 'વેદનાપદ' કહેવું.

હે ભગવન્ ! લેશ્યાઓ કેટલી છે ? હે ગૌતમ ! લેશ્યાઓ છ છે. તે આ - કૃષ્ણ, નીલ, કાપોત, તેજસ, પદ્મ, શુક્લ, અહી પ્રજ્ઞાપના સૂત્રનું સમગ્ર લેશ્યાપદ કહેવું.

૨૫૦. આહારના વિષયમાં અનંતર આહાર, આહારની આભોગતા – અનાભોગતા, પુદ્‌ગલોને ન જાણે, અધ્યવસાન અને સમ્યક્ત્વ એટલા દ્વારો કહેવા.

૨૫૧. હે ભગવન્ ! નૈરયિકો અનંતર આહારવાળા છે?, ત્યારપછી શરીરની નિર્વૃત્તિ, પછી પર્યાદાન, પછી પરિણામતા, પછી પરિચારણતા, પછી વિકુર્વણતા છે ? હે ગૌતમ ! હા, આ પ્રમાણે અહી પ્રજ્ઞાપના સૂત્રનું સમગ્ર આહાર પદ કહેવું.

સૂત્ર- ૨૫૨

હે ભગવન્ ! આયુષ્યબંધ કેટલા ભેદે કહ્યો છે ? હે ગૌતમ ! છ ભેદે, તે આ રીતે - જાતિનામ નિધત્તાયુ, ગતિ નામ નિધત્તાયુ, સ્થિતિનામ નિધત્તાયુ, પ્રદેશ–અનુભાગ–અવગાહના નામ નિધત્તાયુ.

હે ભગવન્ ! નારકીઓને કેટલા ભેદે આયુબંધ કહ્યો છે ? હે ગૌતમ ! છ ભેદે. તે આ - જાતિ, ગતિ, સ્થિતિ, પ્રદેશ, અનુભાગ, અવગાહના નામ નિધત્તાયુ. આ પ્રમાણે વૈમાનિક દેવો સુધી કહેવું.

હે ભગવન્ ! નરકગતિમાં નારકીને ઉપજવાનો વિરહકાળ કેટલો કહ્યો છે ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટે ૧૨–મુહૂર્ત્ત. એ પ્રમાણે તિર્યંચ, મનુષ્ય અને દેવગતિનો વિરહકાળ જાણવો.

હે ભગવન્ ! સિદ્ધિગતિમાં કેટલો વિરહકાળ છે ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી છ માસ. એ પ્રમાણે સિદ્ધિગતિ વર્જીને ઉદ્ધર્તના કાળનો વિરહ પણ કહેવો.

હે ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીમાં ઉપજવાનો વિરહકાળ કેટલો છે ? અહી પ્રજ્ઞાપના સૂત્ર અનુસાર ઉપપાત અને ઉદ્ધર્તના–દંડક કહેવા.

હે ભગવન્ ! નૈરયિકો જાતિનામ નિધત્તાયુ કેટલા આકર્ષ વડે કરે છે ? હે ગૌતમ ! કોઈ એક આકર્ષ વડે, કોઈ બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત કે આઠ આકર્ષ વડે. પણ કદાપિ નવ આકર્ષ વડે જાતિનામ નિધત્તાયુ ન કરે. એ રીતે વૈમાનિક પર્યન્ત જાણવુ.

સૂત્ર- ૨૫૩

હે ભગવન્ ! સંઘયણ કેટલા ભેદે છે ? છ ભેદે, તે આ - વજ્રઋષભનારાચ, ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ કીલિકા અને સેવાર્ત્તસંઘયણ.

હે ભગવન્ ! નૈરયિક જીવો કેટલા સંઘયણવાળા છે ? હે ગૌતમ ! છમાંથી એક પણ નહીં, તેથી અસંઘયણી છે. તેમને અસ્થિ–સિરા–સ્નાયુ નથી. જે પુદ્‌ગલો અનિષ્ટ, અકાંત, અપ્રિય, અનાદેય, અશુભ, અમનોજ્ઞ, અમણામ, અમનાભિરામ છે. તે પુદ્‌ગલો તેમને અસંઘયણપણે પરિણમે છે.

અસુરકુમારને કેટલા સંઘયણ છે ? છમાંથી એકે નહીં. તેઓ અસંઘયણી છે. તેમને અસ્થિ–શિરા–સ્નાયુ નથી. ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મણામ, મનાભિરામ પુદ્‌ગલો તેમને અસંઘયણપણે પરિણમે છે, એ પ્રમાણે સ્તનિતકુમાર સુધીના બધાને પણ કહેવા.

હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવ કેટલા સંઘયણવાળા છે ? હે ગૌતમ ! સેવાર્ત્ત સંઘયણવાળા છે. એ પ્રમાણે સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક સુધી કહેવા. ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચને છ એ સંઘયણ છે, સંમૂર્ચ્છિમ મનુષ્યો સેવાર્ત્ત સંઘયણી છે, ગર્ભજ મનુષ્યો છ એ સંઘયણી છે.

જેમ અસુરકુમારને કહ્યું તેમ વાણવ્યંતર, જ્યોતિષી, વૈમાનિક દેવોને પણ કહેવું.

સંસ્થાન કેટલા ભેદે છે ? છ ભેદે – સમચતુરસ્ર, ન્યગ્રોધ પરિમંડલ, સાદિ, વામન, કુબ્જ, હુંડ.

હે ભગવન્ ! નારકી જીવો કયા સંસ્થાનવાળા છે ? હુંડ સંસ્થાનવાળા. અસુરકુમારો કયા સંસ્થાને છે ? સમચતુરસ્ર સંસ્થાને. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી કહેવું.

પૃથ્વીકાય મસૂર સંસ્થાનવાળા, અપ્કાય સ્તિબુક સંસ્થાનવાળા, તેઉકાય સૂચિ કલાપ સંસ્થાનવાળા, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચતુરિન્દ્રિય, સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ હુંડ સંસ્થાને છે, ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ છ એ સંસ્થાનવાળા છે, સંમૂર્ચ્છિમ મનુષ્ય હુંડ સંસ્થાને છે, ગર્ભજ મનુષ્ય છ એ સંસ્થાનવાળા છે.

અસુરકુમાર મુજબ વાણવ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક કહેવા.

સૂત્ર- ૨૫૪ થી ૩૮૩

૨૫૪. હે ભગવન્ ! વેદ કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ પ્રકારે – સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ.

હે ભંતે ! નૈરયિકો સ્ત્રીવેદી–પુરુષવેદી કે નપુંસકવેદી છે ? ગૌતમ ! સ્ત્રી કે પુરુષ નહીં પણ નપુંસક વેદી છે.

હે ભંતે! અસુરકુમારો સ્ત્રી–પુરુષ કે નપુંસકવેદી છે ? ગૌતમ ! સ્ત્રી વેદી છે, પુરુષ વેદી છે, નપુંસક વેદી નથી. યાવત્ સ્તનિતકુમાર સુધી કહેવું.

પૃથ્વી–અપ્–તેઉ–વાયુ–વનસ્પતિકાય, બે–ત્રણ–ચાર–ઈન્દ્રિયો, સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ, સંમૂર્ચ્છિમ મનુષ્ય એ સર્વે નપુંસક વેદી છે. ગર્ભજ મનુષ્યો અને તિર્યંચો ત્રણ વેદવાળા છે.

જેમ અસુરકુમારો કહ્યા તેમ વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવો જાણવા.

૨૫૫. તે કાળે તે સમયે કલ્પમર્યાદા અનુસાર ભગવંત મહાવીરના સમોસરણ હતાં યાવત્ ગણધરો, શિષ્યસહિત અને શિષ્યરહિત સિદ્ધ થયા ત્યાં સુધી કહેવું.

જંબૂદ્વીપમાં ભરતમાં અતીત ઉત્સર્પિણીમાં ૭ કુલકર થયા.

૨૫૬. મિત્રદામ, સુદામ, સુપાર્શ્વ, સ્વયંપ્રભ, વિમલઘોષ, સુઘોષ, મહાઘોષ.

૨૫૭. જંબૂદ્વીપના ભરતમાં અતીત અવસર્પિણીમાં ૧૦ કુલકર થયા –

૨૫૮. સ્વયંજલ, શતાયુ, અજિતસેન, અનંતસેન, કાર્યસેન, ભીમસેન, મહાભીમસેન,

૨૫૯. દઢરથ, દશરથ અને શતરથ.

જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં સાત કુલકરો થયા, તે આ –

૨૬૦. વિમલવાહન, ચક્ષુષ્માન્, યશોમાન, અભિચંદ્ર, પ્રસેનજિત અને નાભિ.

૨૬૧. આ સાત કુલકરોને સાત ભાર્યા હતી –

૨૬૨. ચંદ્રયશા, ચંદ્રકાંતા, સુરૂપા, પ્રતિરૂપા, ચક્ષુષ્કાંતા, શ્રીકાંતા, મરુદેવી. આ પ્રમાણે ક્રમશઃ સાત કુલકરની પત્નીના નામ જાણવા.

૨૬૩. આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં ૨૪–તીર્થંકર પિતાઓ થયા, તે આ –

૨૬૪. નાભિ, જિતશત્રુ, જિતારિ, સંવર, મેઘ, ધર, પ્રતિષ્ઠ, મહાસેન,

૨૬૫. સુગ્રીવ, દઢરથ, વિષ્ણુ, વસુપૂજ્ય, કૃતવર્મા, સીહસેન, ભાનુ, વિશ્વસેન,

૨૬૬. સૂર, સુદર્શન, કુંભ, સુમિત્ર, વિજય, સમુદ્રવિજય, અશ્વસેન અને સિદ્ધાર્થ.

૨૬૭. ઉદિતોદિત કુલવંશવાળા, વિશુદ્ધવંશવાળા, ગુણયુક્ત એવા આ ચોવીશ તીર્થ પ્રવર્તક જિનેશ્વરોના પિતાના નામો છે.

૨૬૮. જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં ચોવીશ તીર્થંકર માતાઓ થયા, તે આ –

૨૬૯. મરુદેવી, વિજયા, સેના, સિદ્ધાર્થા, મંગલા, સુશીમા, પૃથ્વી, લક્ષ્મણા, રામા, નંદા, વિષ્ણુ, જયા,

શ્યામા, (તથા)

૨૭૦. સુયશા, સુવ્રતા, અચિરા, શ્રી, દેવી, પ્રભાવતી, પદ્માવતી, વપ્રા, શિવા, વામા, ત્રિશલા. આ જનવરોની માતાઓ થઈ.

૨૭૧. જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં ચોવીશ તીર્થંકરો થયા, તે આ - ઋષભ, અજિત, સંભવ, અભિનંદન, સુમતિ, પદ્મપ્રભ, સુપાર્શ્વ, ચંદ્રપ્રભ, સુવિધિ, પુષ્પદંત, શીતલ, શ્રેયાંસ, વાસુપૂજ્ય, વિમલ, અનંત, ધર્મ, શાંતિ, કુંથુ, અર, મલ્લિ, મુનિસુવ્રત, નમિ, નેમિ, પાર્શ્વ, વર્ધમાન.

આ ૨૪ તીર્થંકરોના ૨૪ પૂર્વભવના નામ હતા તે આ -

૨૭૨. વજ્રનાભ, વિમલ, વિમલવાહન, ધર્મસિંહ, સુમિત્ર, ધર્મમિત્ર,

૨૭૩. સુંદરબાહુ, દીર્ઘબાહુ, યુગબાહુ, લષ્ટબાહુ, દિન્ન, ઈન્દ્રદત્ત, સુંદર, માહેન્દ્ર,

૨૭૪. સિંહરથ, મેઘરથ, રૂપી, સુદર્શન, નંદન, સીહગિરી,

૨૭૫. અદીનશત્રુ, શંખ, સુદર્શન અને નંદન. એ ચોવીશે તીર્થંકરોના પૂર્વભવ જાણવા.

૨૭૬. આ ચોવીશ તીર્થંકરોની ચોવીશ શિબિકાઓ હતી. તે આ -

૨૭૭. સુદર્શના, સુપ્રભા, સિદ્ધાર્થા, સુપ્રસિદ્ધા, વિજયા, વૈજયંતી, જયંતી, અપરાજિતા,

૨૭૮. અરુણપ્રભા, ચંદ્રપ્રભા, સુરપ્રભા, અગ્નિસપ્રભા, વિમલા, પંચવર્ણા, સાગરદત્તા, નાગદત્તા,

૨૭૯. અભયકરા, નિર્વૃત્તિકરા, મનોરમા, મનોહરા, દેવકુરા, ઉત્તરકુરા, વિશાલા, ચંદ્રપ્રભા.

૨૮૦. સર્વજગત્ વત્સલ સર્વ જિનવરની આ શિબિકા સર્વઋતુક, શુભછાયાથી છે.

૨૮૧. આ શિબિકાને પહેલા હર્ષથી રોમાંચિત મનુષ્યો ઉપાડે છે, પછી અસુરેન્દ્ર, સુરેન્દ્ર, નાગેન્દ્ર તે શિબિકાનું વહન કરે છે.

૨૮૨. ચંચલ, ચપલકુંડલ ધારક પોતાની ઈચ્છાનુસાર વિકુર્વેલ આભૂષણ ધારી દેવગણ, સુર–અસુરવંદિત જિનેશ્વરની શિબિકાનું વહન કરે છે.

૨૮૩. આ શિબિકાને પૂર્વમાં વૈમાનિક, દક્ષિણે નાગકુમાર, પશ્ચિમે અસુરકુમાર અને ઉત્તરે ગરુડકુમાર દેવ વહન કરે છે.

૨૮૪. ઋષભદેવ વિનીતાથી, અરિષ્ટનેમિ દ્વારાવતીથી, બાકીના તીર્થંકરો પોતપોતાની જન્મભૂમિથી દીક્ષા લેવા નીકળ્યા.

૨૮૫. બધા–૨૪ જિનવરો એક દૂષ્યથી દીક્ષાર્થે નીકળ્યા.

કોઈ અન્યલિંગ, ગૃહીલિંગ કે કુલિંગે દીક્ષિત થયા નથી.

૨૮૬. ભગવન્ મહાવીર એકલા, પાર્શ્વ, મલ્લી ૩૦૦–૩૦૦ સાથે, ભગવન્ વાસુપૂજ્ય ૬૦૦ પુરુષો સાથે દીક્ષા લેવાને નીકળ્યા.

૨૮૭. ભગવન્ ઋષભ ૪૦૦૦ ઉગ્ર, ભોગ, રાજન્ય, ક્ષત્રિયો સાથે અને શેષ ૧૯–તીર્થંકરો એક–એક હજાર પુરુષો સાથે દીક્ષા લેવા નીકળેલા.

૨૮૮. ભગવંત સુમતિ નિત્યભક્ત ભોજન કરીને, વાસુપૂજ્ય ચોથ ભક્ત–એક ઉપવાસથી, પાર્શ્વ અને મલ્લી અષ્ટમભક્ત–અઠ્ઠમ અર્થાત ત્રણ ઉપવાસથી અને બાકીના તીર્થંકર છઠ્ઠ ભક્ત અર્થાત બે ઉપવાસથી દીક્ષિત થયા.

૨૮૯. આ ૨૪–તીર્થંકરોના ૨૪–પ્રથમ ભિક્ષાદાતાઓ થયા -

૨૯૦. શ્રેયાંસ, બ્રહ્મદત્ત, સુરેન્દ્રદત્ત, ઈન્દ્રદત્ત, પદ્મ, સોમદેવ, માહેન્દ્ર, સોમદત્ત,

૨૯૧. પુષ્ય, પુનર્વસુ, પૂર્ણનંદ, સુનંદ, જય, વિજય, ધર્મસિંહ, સુમિત્ર, વર્ગસિંહ,

૨૯૨. અપરાજિત, વિશ્વસેન, ઋષભસેન, દત્ત, વરદત્ત, ધનદત્ત, બહુલ. આ ક્રમે ૨૪ પ્રથમ ભિક્ષાદાતા જાણવા.

૨૯૩. આ બધા વિશુદ્ધ લેશ્યાવાળા, જિનવરભક્તિથી અંજલિ પુટ કરીને તે કાળે, તે સમયે જિનવરેન્દ્રોને આહારથી પ્રતિલાભિત કર્યા.

૨૯૪. લોકનાથ ઋષભદેવને એક વર્ષ પછી ભિક્ષા પ્રાપ્ત થઈ. બાકી બધા તીર્થંકરોને બીજા દિવસે પ્રથમ ભિક્ષા પ્રાપ્ત થઈ.

૨૯૫. લોકનાથ ઋષભને પ્રથમ ભિક્ષામાં ઇક્ષુરસ, બીજા બધાને અમૃતરસ સમાન પરમાન્ન પ્રાપ્ત થયેલ.

૨૯૬. આ બધા જિનવરોને જ્યાં જ્યાં પ્રથમ ભિક્ષા પ્રાપ્ત થઈ ત્યાં ત્યાં શરીર પ્રમાણ ઊંચી વસુધારા અર્થાત સોનૈયાની વૃષ્ટિ થઈ.

૨૯૭. આ ૨૪–તીર્થંકરોને ૨૪–ચૈત્યવૃક્ષો હતા –

૨૯૮. ન્યગ્રોધ, સપ્તપર્ણ, શાલ, પ્રિયાલ, પ્રિયંગુ, છત્રાહ, શીરિષ, નાગવૃક્ષ, સાલી, પ્રિયંગુ વૃક્ષ,

૨૯૯. તિંદુક, પાટલ, જંબૂ, અશ્વત્થ, દધિપર્ણ, નંદીવૃક્ષ, તિલક, આમ્રવૃક્ષ, અશોક,

૩૦૦. ચંપક, બકુલ, વેત્રસ, ધાતકી, શાલ. અ ૨૪ ચૈત્ય વ્રક્ષ અનુક્રમે જાણવા.

૩૦૧. વર્ધમાનસ્વામીનું ચૈત્યવૃક્ષ ૩૨ ધનુષ ઊંચું, નિત્યઋતુક, અશોક અને શાલવૃક્ષથી આચ્છન્ન હતું.

૩૦૨. ઋષભ જિનનું ચૈત્યવૃક્ષ ત્રણ ગાઉ ઊંચું હતું. બાકીનાને શરીરથી બાર ગણુ ઊંચું હતું.

૩૦૩. જિનવરોના આ બધા ચૈત્યવૃક્ષ છત્ર, પતાકા, વેદિકા, તોરણથી યુક્ત તથા સુર, અસુર, ગરુડદેવોથી પૂજિત હતા.

૩૦૪. આ ૨૪–તીર્થંકરોના ૨૪–પ્રથમ શિષ્ય હતા –

૩૦૫. ૧.ઋષભસેન, સીહસેન, ચારુ, ૪.વજ્રનાભ, ચમર, સુવ્રત, ૭.વિદર્ભ,

૩૦૬. દત્ત, વરાહ, ૧૦.આનંદ, ગોસ્તુભ, સુધર્મ, ૧૩.મંદર, યશ, અરિષ્ટ, ૧૬.ચક્રરથ, સ્વયંભૂ, કુંભ,

૩૦૭. ૧૯.ઇન્દ્ર, કુંભ, શુભ, ૨૨.વરદત્ત, દત્ત, ઇન્દ્રભૂતિ. આ બધા ઉત્તમ કુળવાળા, વિશુદ્ધ વંશજ, ગુણયુક્ત, તીર્થ પ્રવર્તકના પહેલા શિષ્ય હતા.

૩૦૮. આ ૨૪–તીર્થંકરોના ૨૪–શિષ્યાઓ હતા –

૩૦૯. ૧.બ્રાહ્મી, ફલ્ગુ, શ્યામા, ૪.અજિતા, કાશ્યપી, રતિ, ૭.સોમા, સુમના, વારુણી, ૧૦.સુલસા, ધારણી, ધરણી, ૧૩.ધરણીધરા,

૩૧૦. પદ્મા, શિવા, ૧૬.શુચિ, અંજુકા, ભાવિતાત્મા, ૧૯.બંધુમતી, પુષ્પવતી, અમિલા,

૩૧૧. ૨૨.યક્ષિણિ, પુષ્પચૂલા અને આર્યા ચંદના. આ સર્વે ૨૪ ઉત્તમ કુલ, વિશુદ્ધ વંશજા, ગુણોથી યુક્ત હતા અને તીર્થ પ્રવર્તક જિનવરના પ્રથમ શિષ્યા થયા.

૩૧૨. જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં ૧૨–ચક્રવર્તી પિતાઓ થયા –

૩૧૩. ૧. ઋષભ, સુમિત્ર, વિજય, ૪. સમુદ્રવિજય, અશ્વસેન, વિશ્વસેન, ૭. શૂરસેન, કાર્તવીર્ય,

૩૧૪. પદ્મોત્તર, ૧૦. મહાહરિ, વિજય, બ્રહ્મ.

૩૧૫. જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીકાળમાં બાર ચક્રવર્તી–માતાઓ થયા. ૧. સુમંગલા, યશસ્વતી, ભદ્રા, ૪. સહદવી, અચિરા, શ્રી, ૭. દેવી, તારા, જવાલા, ૧૦.મેરા, વપ્રા અને ચુલ્લણી.

૩૧૬. જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં આ અવસર્પિણીમાં બાર ચક્રવર્તી થયા -

૩૧૭. રાજશાર્દુલ-(ચક્રવર્તી) ૧.ભરત, ૨.સગર, ૩.મઘવા, ૪.સનત્કુમાર, ૫.શાંતિ, ૬.કુંથુ, ૭.અર, ૮.સુભૂમ, તથા

૩૧૮. ૯.મહાપદ્મ, ૧૦.હરિષેણ, ૧૧.જય અને ૧૨.બ્રહ્મદત્ત. એ બાર ચક્રવર્તી થયા

૩૧૯. આ બાર ચક્રવર્તીને બાર સ્ત્રીરત્નો હતા -

૩૨૦. ૧. સુભદ્રા, ભદ્રા, સુનંદા, ૪.જયા, વિજયા, કૃષ્ણશ્રી, ૭.સૂર્યશ્રી, પદ્મશ્રી, વસુંધરા, ૧૦.દેવી, લક્ષ્મીમતી અને કુરુમતી.

૩૨૧. જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં વાસુદેવ અને બલદેવ નવ-નવ થયા તેમના પિતાના નામો આ પ્રમાણે છે-

૩૨૨. પ્રજાપતિ, બ્રહ્મ, સોમ, રુદ્ર, શિવ, મહાશિવ, અગ્નિસિંહ, દશરથ, વાસુદેવ.

૩૨૩. જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં આ અવસર્પિણીમાં નવ વાસુદેવોની નવ માતાઓ થઈ, તે આ છે -

૩૨૪. મૃગાવતી, ઉમા, પૃથ્વી, સીતા, અમૃતા, લક્ષ્મીમતી, શેષમતી, કૈકયી, દેવકી.

૩૨૫. જંબૂદ્વીપમાં ભરત ક્ષેત્રમાં નવ બલદેવની નવ માતાઓ હતી.

૩૨૬. ભદ્રા, સુભદ્રા, સુપ્રભા, સુદર્શના, વિજયા, વૈજયંતી, જયંતિ, અપરાજિતા અને રોહિણી.

૩૨૭. જંબૂદ્વીપમાં ભરત ક્ષેત્રમાં આ અવસર્પિણીમાં નવ દશાર મંડલો થયા. તેઓ ઉત્તમ પુરુષ, મધ્યમ પુરુષ, પ્રધાન પુરુષ, ઓજસ્વી, તેજસ્વી, વર્ચસ્વી, યશસ્વી, કાંત, સૌમ્ય, સુભગ, પ્રિયદર્શન, સુરૂપ, સુખશીલ, સુખાભિગમ, સર્વજન નયનને પ્રિય, ઓઘબલી, અતિબલી, મહાબલી, અનિહત, અપરાજિત, શત્રુમર્દના, સહસ્રશત્રુમાન મથનક, સાનુક્રોશ, અમત્સરી, અચપલ, અચંડ, મિત-મંજુલ-પલાવ-હસિત, ગંભીર-મધુર-પ્રતિપૂર્ણ-સત્યવચની, અભ્યુપગતવત્સલ શરણ્યા, લક્ષણ-વ્યંજન-ગુણયુક્ત, માન-ઉન્માનન-પ્રતિપૂર્ણ-સુજાત-સર્વાંગ સુંદર, શશિ-સૌમ્યાકાર-કાંત-પ્રિયદર્શન, અમર્ષણ, પ્રચંડ-દંડ-પ્રભારી, ગંભીર દર્શનીય, તાલધ્વજા-ગરુડ ધ્વજાવાળા, મોટા ધનુષને ખેંચનારા, દુર્ધર, ધનુર્ધર, ધીર પુરુષ, યુદ્ધકીર્તિપુરુષ, વિપુલકુલ સમુદ્‌ભવા, મોટા રત્નને ચૂર્ણ કરનારા, અર્ધભરતસ્વામી હતા.

વળી તેઓ સૌમ્ય, રાજકુલવંશતિલક, અજિત, અજિતરથવાળા, હલ-મુશલ-કનકને ધરનારા, શંખ-ચક્ર-ગદા-શક્તિ-નંદક ધારી, પ્રવર-ઉજ્જ્વળ, શુકલાંત-વિમલ, ગોસ્તુભ મુકુટધારી, કુંડલ ઉદ્યોતિત મુખવાળા, પુંડરીકનયના, એકાવલિ કંઠલચ્છિત વત્સા, શ્રીવત્સ લાંછના, શ્રેષ્ઠયશા, સર્વઋતુ સંબંધી સુગંધી પુષ્પોથી બનેલ લાંબી શોભતી મનોહર વિકસ્વર વિચિત્રવર્ણા ઉત્તમ એવી વનમાલાને વક્ષઃસ્થળમાં સ્થાપેલ એવા, ૧૦૮ લક્ષણો વડે પ્રશસ્ત અને મનોહર અંગોપાંગ રચિત, મદોન્મત્ત ગજેન્દ્ર જેવી વિલાસી ગતિવાળા, શરદ નવ સ્તનિત મધુર ગંભીર ક્રૌંચ નિર્ઘોષ દુંદુભી સ્વરા, કટિસૂત્ર તથા નીલ અને પીત કૌશેય વસ્ત્રવાળા, પ્રવર દીપ્ત તેજવાળા, નરસીંહ, નરપતિ, નરેન્દ્ર, નરવૃષભ, મરુત્‌વૃષભસમાન, અધિક રાજતેજ લક્ષ્મીથી દીપ્ત માન, નીલ-પીત વસ્ત્રવાળા, બબ્બે રામ-કેસવ ભાઈઓ હતા. તે આ પ્રમાણે -

૩૨૮. નવ વાસુદેવો આ પ્રમાણે છે-ત્રિપૃષ્ઠ, દ્વિપૃષ્ઠ, સ્વયંભૂ, પુરુષોત્તમ, પુરુષસિંહ, પુરુષપુંડરિક, દત્ત, નારાયણ, કૃષ્ણ

નવ બલદેવો આ પ્રમાણે છે- અચલ, વિજય, ભદ્ર, સુપ્રભ, સુદર્શન, આનંદ, નંદન, પદ્મ, બલરામ.

૩૨૯. આ નવ બલદેવ-વાસુદેવના પૂર્વભવના નવ નામો હતા, તે આ -

૩૩૦. વિશ્વભૂતિ, પર્વતક, ધનદત્ત, સમુદ્રદત્ત, ઋષિપાલ, પ્રિયમિત્ર, લલિતમિત્ર, પુનર્વસુ, ગંગદત્ત.

૩૩૧. વાસુદેવોના આ પૂર્વભવા નામો હતા, હવે બલદેવના નામો ક્રમશઃ કહીશ -

૩૩૨. વિશ્વનંદી, સુબંધુ, સાગરદત્ત, અશોક, લલિત, વારાહ, ધર્મસેન, અપરાજિત, રાજલલિત.

૩૩૩. આ નવ બલદેવ, વાસુદેવના પૂર્વભવના નવ ધર્માચાર્યો હતા, તે આ -

૩૩૪. સંભૂતિ, સુભદ્ર, સુદર્શન, શ્રેયાંસ, કૃષ્ણ, ગંગદત્ત, સાગર, સમુદ્ર, દ્રુમસેન.

૩૩૫. આ કીર્તિપુરુષ વાસુદેવના પૂર્વભવના ધર્માચાર્યો હતા. વાસુદેવોએ પૂર્વભવે નિયાણા કરેલા હતા.

૩૩૬. આ નવ વાસુદેવોની નવ નિયાણાભૂમિઓ હતી. તે આ -

૩૩૭. મથુરા, કનક્વસ્તુ, શ્રાવસ્તી, પોતાનપુર, રાજગૃહ, કાકંદી, કૌશાંબી, મિથીલાપુરી, હસ્તિનાપુર.

૩૩૮. આ નવ વાસુદેવોના નવ નિદાન કારણો હતા.

૩૩૯. ગાય, યૂપ, સંગ્રામ, સ્ત્રી, પરાજિત, ભાર્યાનુરાગ, ગોષ્ઠી, પરઋદ્ધિ, માતા.

૩૪૦. આ નવ વાસુદેવોના નવ પ્રતિશત્રુઓ હતા, તે આ પ્રમાણે -

૩૪૧. અશ્વગ્રીવ,તારક, મેરક, મધુકૈટભ, નિશુમ્ભ, બલિ, પ્રહ્લાદ, રાવણ, જરાસંઘ.

૩૪૨. આ પ્રતિશત્રુઓ યાવત્ સ્વચક્રથી હણાયા.

૩૪૩. એક વાસુદેવ સાતમીમાં, પાંચ છઠ્ઠીમાં, એક પાંચમીમાં, એક ચોથીમાં, કૃષ્ણ ત્રીજી નરકમાં ગયા.

૩૪૪. સર્વે રામ–બલદેવ નિયાણા રહિત હોય છે. સર્વે કેશવ–વાસુદેવ નિયાણાયુક્ત હોય છે. સર્વે રામ ઉર્દ્વ ગામી હોય છે અને સર્વે કેશવ અધોગામી હોય છે.

૩૪૫. આઠ બલદેવો મોક્ષે ગયા, રામ બ્રહ્મલોક કલ્પે ગયા. તે આગામી કાળે એક ભવ કરીને સિદ્ધ થશે.

૩૪૬. જંબૂદ્વીપના ઐરવત ક્ષેત્રમાં આ અવસર્પિણીમાં ૨૪–તીર્થંકરો થયા, તે આ પ્રમાણે -

૩૪૭. ચંદ્રાનન, સુચંદ્ર, અગ્નિસેન, નંદીષેણ, ઋષિદિન્ન, વવહારી, શ્યામચંદ્ર.

૩૪૮. યુક્તિસેન, અજિતસેન, શિવસેન, દેવશર્મા, નિક્ષિપ્ત શસ્ત્ર,

૩૪૯. અસંજ્વલ, જિનવૃષભ, અનંતક, ઉપશાંત, ગુપ્તિસેન,

૩૫૦. અતિપાર્શ્વ, સુપાર્શ્વ, મરુદેવ, શ્યામકોષ્ઠ.

૩૫૧. અગ્નિસેન, અગ્નિપુત્ર, વારિષેણ. તે સર્વેને હું વાંદુ છું.

૩૫૨. જંબૂદ્વીપમાં આવતી ઉત્સર્પિણીમાં ભરતક્ષેત્રમાં સાત કુલકરો થશે, તે આ -

૩૫૩. મિતવાહન, સુભૂમ, સુપ્રભ, સ્વયંપ્રભ, દત્ત, સૂક્ષ્મ અને સુબંધુ.

૩૫૪. જંબૂદ્વીપમાં આવતી ઉત્સર્પિણીમાં ઐરવત ક્ષેત્રમાં દશ કુલકરો થશે, તે આ – વિમલવાહન, સીમંકર, સીમંધર, ક્ષેમંકર, ક્ષેમંધર, દઢધનુ, દશધનુ, શતધનુ, પ્રતિશ્રુતિ, સુમતિ.

જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણીમાં ૨૪–તીર્થંકરો થશે, તે આ -

૩૫૫. મહાપદ્મ, સૂર્યદેવ, સુપાર્શ્વ, સ્વયંપ્રભ, સર્વાનુભૂતિ, દેવશ્રુત,

૩૫૬. ઉદય, પેઢાલપુત્ર, પોટ્ટિલ, શતકીર્તિ, મુનિસુવ્રત, સર્વભાવવિદ્,

૩૫૭. નિષ્કષાય, અમમ, નિષ્પુલાક, નિર્મમ, ચિત્રગુપ્ત, સમાધિ,

૩૫૮. સંવર, અનિવૃત્તિ, વિજય, વિમલ, દેવોવપાત, અનંત વિજય.

૩૫૯. આ ૨૪–જિન આગામી કાલે ભરતક્ષેત્રમાં ધર્મતીર્થના ઉપદેશક થશે.

૩૬૦. આ ૨૪–તીર્થંકરોના પૂર્વભવના ૨૪–નામો કહ્યા છે, તે આ -

૩૬૧. શ્રેણિક, સુપાર્શ્વ, ઉદય, પોટ્ટિલ અણગાર, દૃઢાયુ, કાર્તિક, શંખ, નંદ, સુનંદ, શતક,

૩૬૨. દેવકી, સત્યકિ, વાસુદેવ, બલદેવ, રોહિણી, સુલસા, રેવતી,

૩૬૩. સચાલી, ભયાલી, કૃષ્ણ દ્વૈપાયન, નારદ,

૩૬૪. અંબડ, દારુમૃત, સ્વાતિબુદ્ધ

૩૬૫. આ ૨૪–તીર્થંકરોના ૨૪–પિતાઓ થશે(પ્રત્યેકના એક એક), ૨૪–માતા થશે, ૨૪–પ્રથમ શિષ્યો થશે, ૨૪–પ્રથમ શિષ્યા થશે, ૨૪–પ્રથમ ભિક્ષાદાયક થશે અને ૨૪–ચૈત્યવૃક્ષો થશે.

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણીમાં ૧૨–ચક્રવર્તીઓ થશે, તે આ -

૩૬૬. ભરત, દીર્ઘદંત, ગૂઢદંત, શુદ્ધદંત, શ્રીપુત્ર, શ્રીભૂતિ, શ્રીસોમ,

૩૬૭. પદ્મ, મહાપદ્મ, વિમલવાહન, વિપુલવાહન, વરિષ્ટ.

૩૬૮. આ બારેના માતા, પિતા, સ્ત્રીરત્નો થશે.

જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણીમાં નવ બલદેવ, નવ વાસુદેવના નવ પિતા થશે, નવ વાસુદેવ માતા થશે, નવ બલદેવ માતા થશે. નવ દશારમંડલો થશે, પૂર્વોક્ત વર્ણન જાણવુ..

નવ વાસુદેવોના નામ આ પ્રમાણે-

૩૬૯. નંદ, નંદમિત્ર, દીર્ઘબાહુ, મહાબાહુ, અતિબલ, મહાબલ, બલભદ્ર,

૩૭૦. દ્વિપૃષ્ઠ, ત્રિપૃષ્ઠ.

નવ બલદેવના નામો આ–જયંત, વિજય, ભદ્ર, સુપ્રભ, સુદર્શન, આનંદ, નંદન, પદ્મ, સંકર્ષણ.

૩૭૧. આ નવ બલદેવ, વાસુદેવના પૂર્વભવના નામ હશે, નવ ધર્માચાર્યો, નવ નિદાન ભૂમિ, નવ નિદાન કારણો અને નવ પ્રતિશત્રુ થશે, તે આ -

૩૭૨. તિલક, લોહજંઘ, વજ્જંઘ, કેસરી, પ્રહલાદ, અપરાજિત, ભીમ, મહાભીમ, સુગ્રીવ.

૩૭૩. આ પ્રતિશત્રુઓ કીર્તિપુરુષ વાસુદેવની સાથે યુદ્ધ કરશે અને સ્વચક્ર વડે જ હણાશે.

૩૭૪. જંબૂદ્વીપમાં ઐરવત ક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણીમાં ૨૪–તીર્થંકરો થશે, તે આ -

૩૭૫. સુમંગલ, સિદ્ધાર્થ, નિર્વાણ, મહાયશ, ધર્મધ્વજ,

૩૭૬. શ્રીચંદ્ર, પુષ્પકેતુ, મહાચંદ્ર, શ્રુતસાગર,

૩૭૭. સિદ્ધાર્થ, પૂર્ણઘોષ, મહાઘોષ, સત્યસેન,

૩૭૮. સૂરસેન, મહાસેન, સર્વાનંદ,

૩૭૯. સુપાર્શ્વ, સુવ્રત, સુકોશલ, અનંત વિજય,

૩૮૦. વિમલ, ઉત્તર, મહાબલ, દેવાનંદ.

૩૮૧. આ આ કહેલા ચોવીશ તીર્થંકર આગામી કાલે ઐરવતમાં ધર્મને પ્રકાશશે.

૩૮૨. બાર ચક્રવર્તી, બાર ચક્રવર્તી પિતા, બાર ચક્રવર્તી માતા, બાર સ્ત્રીરત્નો થશે. નવ બલદેવ–વાસુદેવ પિતા થશે, નવ વાસુદેવ માતા થશે, નવ બલદેવ માતા થશે, નવ દશારમંડલ થશે ઈત્યાદિ સર્વે પૂર્વવત્ જાણવુ.

આ પ્રમાણે જેમ ભરતક્ષેત્ર સંબંધે કહ્યું, તેમ ઐરવતમાં પણ આવતી ઉત્સર્પિણીમાં કહેવું. એ પ્રમાણે આગામી કાળને આશ્રીને બંને ક્ષેત્રમાં કહેવું.

૩૮૩. આ રીતે આ અધિકૃત 'સમાવાય'સૂત્રમાં અનેક પ્રકારના ભાવો અને પદાર્થોનું વર્ણન છે. તેમાં - કુલકરવંશ, તીર્થકરવંશ, ચક્રવર્તીવંશ, ગણધરવંશ, ઋષિવંશ, યતિવંશ, મુનિવંશ. તથા શ્રુત, શ્રુતાંગ, શ્રુતસમાસ,

શ્રુતસ્કંધ, સમવાય, સંખ્યા, સમસ્ત અંગ કહ્યું. સમસ્ત અધ્યયન કહ્યું. તેમ હું તમને હું કહું છું.

પ્રકીર્ણક સમવાયનો મુનિ દીપરત્નસાગર કૃત ભાવાનુવાદ પૂર્ણ

# સમવાય અંગસૂત્ર–૪ પૂર્ણ

**મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000**
**આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070**

| | | | |
|---|---|---|---|
| [૧] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि–मूलं** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणि–मूलं** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणि–मंजूषा** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [૨] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्र–गुजराती अनुवाद–मूळ** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्र–हिन्दी अनुवाद** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्र–इंग्लिश अनुवाद** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्र–गुजराती अनुवाद–सटीक** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्र–हिन्दी अनुवाद** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [૩] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्र–सटीकं** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति–1** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति–2** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| 4 | **आगम चूर्णि साहित्य** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि**–1 (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि**–2 (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [४] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાં છે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहा–कोसो** (Printed)<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [५] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** (Printed)<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** (Printed)<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम–मूल** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रम–सटीक** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्र–गाथा अनुक्रम** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

**મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000**

**આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070**

| | | | |
|---|---|---|---|
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ DVD તેના કુલ પાના [27,930] |

**અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000**

**અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે**

વેબ સાઈટ:– (1) **www.jainelibrary.org** (2) **deepratnasagar.in**

ઈમેલ એડ્રેસ:– **jainmunideepratnasagar@gmail.com** મોબાઈલ **09825967397**

સંપર્ક:– મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ

"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે–ટચ

**Post:** – ઠેબા, Dis:–જામનગર, ગુજરાત, **India.** **[Pin- 36**1120**]**

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૪

# સમવાય

આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

વેબ સાઈટ:- (1) www.jainelibrary.org (2) deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:– jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397